ICE®
# MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)


સંપાદક : DF{I,S UM\IWIF | VOLUME 5 | 16 to 30 JUNE - 2020



ભારતનું
# બંધારણ
આ
## MCQ SERIES
જોવાનું ચૂકશો નહી...
ડિજીટલ પ્લેટફોર્મ YOUTUBE
પર બંધારણની MCQ SERIES

- Maulik sir

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS




PAGE 30

## વાર્ષિક TB રીપોર્ટ - 2020




PAGE 27

## ગરીબ કલ્યાણ યોજના અભિયાન

# સંપાદકની કલમે

વર્તમાન પ્રવાહો એ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. વર્તમાન પ્રવાહો પરીક્ષા માટે અગત્યતા ધરાવે છે પરંતુ તેનું ક્ષેત્ર એટલું વિશાળ છે કે પ્રશ્નો કોઈપણ ઘટના આધારીત પૂછવામાં આવતા હોય છે. વર્તમાન પ્રવાહોની આ અનિશ્ચિતતા દૂર કરી, વિદ્યાર્થીઓને એક જ સ્ત્રોતમાંથી તૈયારી કરવાની મહેનત થાય અને સમયમાં પણ બચાવ થાય તે આધારે જ **'ICE Miracle'** નામનું આ મેગેઝિન તૈયાર કરવામાં આવ્યું છે. જે દર 15 દિવસે પ્રકાશિત કરવામાં આવશે.

વર્ષ 2017થી લેવામાં આવતી GPSCની બધી જ પરીક્ષાઓના વર્તમાન પ્રવાહોના પ્રશ્નોનું વિશ્લેષણ કર્યા બાદ GPSC દ્વારા આવરી લેવામાં આવતા તમામ પાસાઓને આ મેગેઝિન અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. GPSC દ્વારા લેવામાં આવતી પરીક્ષા માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ઘટનાઓનું વિશ્લેષણ કરવાની જરૂરીયાત રહેતી હોય છે અને વિશ્લેષણનું કૌશલ્ય ત્યારે જ કેળવી શકાય જ્યારે આ ઘટનાઓને વિવિધ દષ્ટિકોણથી જોવામાં આવે અને ખાસ કરીને આવી માહિતી ગુજરાતીમાં ઉપલબ્ધ હોય તો વિદ્યાર્થીઓને તૈયારી કરવામાં સરળતા રહેતી હોય છે. આથી આવો બહુ–દષ્ટિકોણ કેળવવાનો પ્રયાસ આ મેગેઝિન દ્વારા ICEના માધ્યમથી કરવામાં આવેલો છે. અમને ચોક્કસ એવી આશા છે કે આ મેગેઝિન તમારી મહેનતને સરળ અને સચોટ બનાવશે અને આવો જ પ્રયાસ કરવા ICE કટિબદ્ધ છે.

# INDEX

## 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા...1


- રાષ્ટ્રીય આપદા રાહત કોષ................................1
- મતદાનની ગોપનીયતા.........................................1
- અન્ય પછાત વર્ગો અંતર્ગત ઉપ-વર્ગોના પરીક્ષણ હેતુ આયોગ...........................................................2
- ભારતીય દંડ સંહિતાની કલમ 309....................2
- સમીક્ષા અરજી.......................................................3
- 59 મોબાઈલ એપ્સ પર પ્રતિબંધ.........................4
- કે. કે. વેણુગોપાલ ભારતના એટર્ની જનરલના રૂપમાં નિયુક્ત.......................................................5
- રાજ્યસભાની ચૂંટણી પ્રક્રિયા.............................5
- ગુજરાતના નવા લોકાયુક્ત.................................6


## 2. અર્થતંત્ર.............................8


- ભારત-ચીન આર્થિક વ્યાપાર................................8
- ઉપ-ઋણ હેતુ ક્રેડિટ ગેરેંટી સ્કીમ (Credit Gurantee Scheme for Sub-ordinate Debt - (GSSD).......................................................9
- પ્રધાનમંત્રી મુદ્રા યોજના....................................9
- AIIB દ્વારા ભારત માટે 750 મિલિયન ડોલરના ઋણની સ્વીકૃતિ.................................................10
- પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ..........10
- ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (Gem) પર ઉત્પાદનોના ઉત્પતિના દેશની જાણકારી...................................11
- સ્ટીલ ઉત્પાદનો પર એન્ટી ડમ્પિંગ ડ્યૂટી...........11
- તુરંત કસ્ટમ્સ કાર્યક્રમ..........................................12
- MSME વર્ગીકરણ અને નોંધણી હેતુ એકીકૃત અધિસૂચના..........................................................12
- સાંસ્કૃતિક સદભાવ મંડપ....................................13


## 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ.....14


- રશિયા-ભારત-ચીન સમૂહ..................................14
- મની લોન્ડ્રિંગ અને આંતકી ધિરાણ સામે પ્રતિકાર માટે યુરેશિયન સમૂહ.........................................14
- વૈશ્વિક શરણાર્થીઓ..........................................15
- પાકિસ્તાન દ્વારા વિયેના કન્વેશનનું ઉલ્લંઘન અને દૂતાવાસોમાં સ્ટાફમાં ઘટાડાનો ભારતનો નિર્ણય...............................................................15
- શસ્ત્ર વ્યાપાર સંધિ..........................................16
- ભારત-ચીન સીમા વિવાદ : પેગોંગ સોનું મહત્ત્વ..17
- ભારત સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં અસ્થાયી સભ્ય તરીકે ચૂંટાયું.........................................17
- અમેરિકાના રાષ્ટ્રપતિ દ્વારા H-1B વીઝા પર પ્રતિબંધ...............................................................18
- સંયુક્ત રાષ્ટ્ર-75ની ઘોષણામાં વિલંબ...............19
- આસિયાન દેશોને દક્ષિણ ચીન સમુદ્રમાં તણાવ સંબંધી ચેતવણી..................................................20
- ભારત-ચીન ગલવાન ઘાટી વિરોધ....................21
- યુનિસેફ કિડ પાવર..........................................21


## 4. વિજ્ઞાન અને ટેકનોલોજી....22


- અંતરિક્ષની પ્રવૃત્તિઓમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને મંજૂરી...........................................22
- સ્વદેશી રિસીવર ચિપ "ધ્રુવ"..........................23
- કોવાકિસન (Covaxin).......................................24
- મારીચ...............................................................24
- ડેકસામેથાસોન દવા..........................................24
- ઓનલાઈન શિક્ષણનું મૂલ્યાંકન..........................24


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 5. યોજના/પોર્ટલ/રિપોર્ટ.........27

- ગરીબ કલ્યાણ યોજના અભિયાન................27
- કાયદાનું શાસન સૂચકાંક (Rule of Law Index) ....................................................27
- સત્યભામા પોર્ટલ.....................................28
- eBlood Services.....................................28
- Decarbonising Transport in India પ્રોજેક્ટ લોન્ચ ....................................................29
- YUKTI 2.0...........................................29
- ઈન્દિરા રસોઈ યોજના...............................30
- વાર્ષિક ટીબી રિપોર્ટ 2020............................30
- આંતરરાષ્ટ્રીય તુલના કાર્યક્રમ.......................31
- ગ્લોબલ એજ્યુકેશન મોનીટરિંગ રિપોર્ટ (GEM) ....................................................32
- શૈક્ષણિક અને સંશોધન સહયોગ પ્રમોશન યોજના (Scheme for Promotion of Academic and Research Collaboration-SPARC)............33
- ગેરકાયદેસર વન્યજીવ વ્યાપાર પર વૈશ્વિક રિપોર્ટ ....................................................33
- નેવિગેટ ધ ન્યૂ નોર્મલ................................34
- નશા મુકત ભારત : વાર્ષિક કાર્ય યોજના (2020-21)....................................................34
- વિશ્વ બેંકનો STARS પ્રોજેક્ટ.....................35
- માઈક્રો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યમોને ઔપચારિક રૂપ આપવાની યોજના..................................35
- ''એટ વન ક્લિક'' પહેલ.............................36
- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના......36
- સ્ટેટ ઓફ ધ વર્લ્ડ પોપ્યુલેશન, 2020 રિપોર્ટ......37
- નમામિ ગંગે પરિયોજના............................37

## 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ...........................38

- સૂર્ય ગ્રહણ..........................................38
- દેવિકા અને પુનેજા પુલ..............................38
- આકાશીય વીજળી પડવાની ઘટનાઓ પર વિશ્વ હવામાન સંગઠનના નિષ્કર્ષ......................39
- ઝિલૈંડિયા............................................39
- માઉન્ટ મેરાપી.......................................40

## 7. ઈતિહાસ અને સંસ્કૃતિ.......41

- કોડુમનાલ...........................................41
- કીલાદી ઉત્ખનન.....................................41
- છોલુંગ સુકફા........................................41
- ''લાલ-બાલ-પાલ''ની સ્મૃતિઓને પુનઃજીવિત કરવાનો પ્રયાસ......................................42
- સંકલ્પ પર્વ..........................................42

## 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો..............................44

- કોલસા બલોકની હરાજી...........................44
- ખેલો ઈન્ડિયા કેન્દ્રો...............................44
- 150 મિલિયન ડોલરના મૂલ્ય ધરાવતી પ્રથમ ભારતીય કંપની.....................................44
- વિશ્વ શરણાર્થી દિવસ..............................44
- નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક ફાયનાન્સ એન્ડ પોલિસી.......................................45
- ભારતની બહાર વિશ્વની પ્રથમ યોગ યુનિવર્સિટી.......................................45
- મ્યાનમારમાં દુનિયાનું સૌથી લાંબુ ઈન્ટરનેટ શટડાઉન.........................................45
- ઈરાન દ્વારા હિંદ મહાસાગરમાં સ્થાયી બેઝ સ્થાપવાની ઘોષણા..............................45
- જર્મન બુક ટ્રેડ શાંતિ પુરસ્કાર.....................45

- આંતરરાષ્ટ્રીય યોગ દિવસ.........................46
- વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ.........................46
- રશિયા વિજય દિવસ પરેડ.........................46
- યુઝર ફ્રેન્ડલી PPE "નવરક્ષક"..................47
- સ્કિલ્સ બિલ્ડ રિગ્નાઈટ.............................47
- મ્યાનમારમાં શ્વે તેલ અને ગેસ પરિયોજના......47
- આંતરરાષ્ટ્રીય માદક પદાર્થ સેવન અને તસ્કરી વિરોધ દિવસ, 2020...............................47
- RBI હેઠળ શહેરી અને બહુ-રાજ્ય સહકારી બેંકો ..................................................48
- આંકડા દિવસ (Statistics Day)..................48
- પ્રથમ ઓનલાઈન BSc ડિગ્રી.....................49
- પ્રોજેક્ટ પ્લેટિના...................................49
- વિશ્વ બેંક સમૂહ સાથે તમિલનાડુની યોજના માટેના કરાર પર હસ્તાક્ષર......................49
- લઝારસ ચકવેરા મલાવીના નવા રાષ્ટ્રપતિ બન્યા. ..................................................50
- વિની મહાજન પંજાબની પ્રથમ મહિલા મુખ્ય સચિવ..............................................50
- નાસાના મુખ્યાલય ભવનનું નામ 'મૈરી ડબલ્યુ જેક્સનના નામ પર રાખવામાં આવ્યું............50
- મુખ્યમંત્રી માતૃ પુષ્ટિ ઉપહાર યોજના............50
- હરિતા હરમ કાર્યક્રમ................................51
- પ્લેસબો...............................................51
- મોબાઈલ આઈ-લેબ................................51

# 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા

## રાષ્ટ્રીય આપદા રાહત કોષ

- તાજેતરમાં નાણા મંત્રાલય દ્વારા સામાન્ય જનતા તથા સંસ્થાઓ દ્વારા રાષ્ટ્રીય આપદા રાહત કોષ (National Disaster Relief Fund-NDRF) માં દાન આપવાની મંજૂરીના પ્રસ્તાવને સ્વીકૃત કરવામાં આવ્યો હતો.
- તાજેતરમાં લોકો દ્વારા PM CARES ફંડ અથવા પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષમાં મોકલવામાં આવતા નાણાં પર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. આ સાથે PM CARES ફંડ જાહેર ઓથોરિટી ન હોવાની ઘોષણા કરવામાં આવી હતી.

### રાષ્ટ્રીય આપદા રાહત કોષ (NDRF) વિશે

- NDRFની સ્થાપના આપદા પ્રબંધન અધિનિયમ, 2005ની કલમ 46 અંતર્ગત કરવામાં આવી હતી.
- આ કોષનું ગઠન કોઈ સંકટપૂર્ણ આપદાની સ્થિતિમાં આપાતકાલીન પ્રતિક્રિયા, રાહત અને પુનર્વાસના ખર્ચને પૂરો કરવા માટે કરવામાં આવ્યું છે. તેનું સંચાલન એ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે.
- આ કોષ દ્વારા ગંભીર પ્રકૃતિની આપદાઓની બાબતે તત્કાલ રાહત પ્રદાન કરવા હેતુ રાજ્યોના રાજ્ય આપદા પ્રતિક્રિયા કોષ (State Disaster Response Fund-SDRF) માટે આર્થિક સહાયતા આપવામાં આવે છે.
- NDRFને ભારતના જાહેર ખાતા (Public Account) અંતર્ગત "વ્યાજ રહિત અનામત રકમ" અંતર્ગત રાખવામાં આવેલ છે.
- ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG) અને ખાતાઓનું ઓડિટ કરે છે.

### પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષ શું છે ?

- પાકિસ્તાનથી વિસ્થાપિત લોકોની મદદ કરવા જાન્યુઆરી, 1948માં તત્કાલિન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂની અપીલ પર જનતાથી નાણાકીય સહાય મેળવવા "પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષ"ની સ્થાપના કરવામાં આવી હતી.
- તેના અંતર્ગતના નાણાનો ઉપયોગ પૂર, ચક્રવાત અને ભૂકંપ જેવી પ્રાકૃતિક આપદાઓથી મૃત્યુ પામતા લોકોના પરિવારના સભ્યો તથા મોટી દુર્ઘટનાથી પીડિતોને રાહત પહોંચાડવા કરવામાં આવે છે.
- આ ઉપરાંત હાર્ટ સર્જરી, કિડની ટ્રાન્સપ્લાન્ટ જેવી સારવાર માટે પણ નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

## મતદાનની ગોપનીયતા

- તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા મતદાનની ગોપનીયતા પર નિર્ણય આપવામાં આવ્યો હતો.
- સુપ્રીમ કોર્ટ દ્વારા આ નિર્ણય અલ્હાબાદ હાઈકોર્ટના એક નિર્ણયના વિરોધમાં દાખલ કરવામાં આવેલી અરજી પર આપવામાં આવ્યો હતો. જેના અંતર્ગત અલ્હાબાદ હાઈકોર્ટ વર્ષ 2018માં પ્રયાગરાજ જિલ્લા પંચાયતની બેઠકમાં થયેલા પંચાયત અધ્યક્ષની વિરુદ્ધ પસાર થયેલા અવિશ્વાસ પ્રસ્તાવને રદ કર્યો હતો.
- સુપ્રીમ કોર્ટ અનુસાર અવિશ્વાસ પ્રસ્તાવમાં અમુક સદસ્યો દ્વારા મતપત્રની ગોપનીયતાના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું ન્યાયાલયે CCTV રેકોર્ડિંગના આધારે નિષ્કર્ષ કાઢ્યો છે કે સદસ્યો દ્વારા મતપત્રો ઈરાદાપૂર્વક દેખાડવામાં આવ્યા હતા.

### મતદાનની ગોપનીયતા પર સુપ્રીમ કોર્ટનું વકતવ્ય

- મતપત્રની ગોપનીયતા સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીની આધારશિલા છે. મતદારની પસંદગી સ્વતંત્ર હોવી જોઈએ અને લોકતંત્રમાં ગુપ્ત મતદાન પ્રણાલી મતદારની સ્વતંત્રતા સુનિશ્ચિત કરે છે.
- મતદારના મતપત્રની ગોપનીયતાના અધિકારની રક્ષા કરવી કાયદાનો નિયમ છે.
- મતદારોને પોતાનો મત જાહેર કરવા દબાણ કરવું એ પણ મતાધિકારનો ઉપયોગ કરવાની સ્વતંત્રતાનું ઉલ્લંઘન છે.
- મતદાનની ગોપનીયતાનો સિધ્ધાંત બંધારણીય લોકતંત્રનું એક મહત્ત્વપૂર્ણ સંકેતક છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### જનપ્રતિનિધિત્વ અધિનિયમ અનુસાર "મતદારની ગોપનીયતા"

- જનપ્રતિનિધિત્વ અધિનિયમ અર્થાત્ Representation of Peoples Actની કલમ 94માં મતદારને પોતાની પસંદ અનુસાર ગોપનીયતાના વિશેષાધિકારની જોગવાઈ છે.

## અન્ય પછાત વર્ગો અંતર્ગત ઉપ-વર્ગોના પરીક્ષણ હેતુ આયોગ

- તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા કેન્દ્રીય સૂચિમાં "અન્ય પછાત વર્ગો" (Others Backward Class-OBC) અંતર્ગત ઉપ–વર્ગોના મુદ્દાઓની તપાસ માટે બંધારણના અનુચ્છેદ 340 અંતર્ગત ગઠિત આયોગના કાર્યકાળના વિસ્તારની સ્વીકૃતિ આપવામાં આવી છે.

### અનુચ્છેદ 340 વિશે :

- ભારતીય બંધારણના અનુચ્છેદ 340 અંતર્ગત પછાત વર્ગોની સ્થિતિની તપાસ માટે એક આયોગની નિયુક્તિની જોગવાઈ છે.
- રાષ્ટ્રપતિ ભારતના રાજ્યક્ષેત્ર અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક દષ્ટિથી પછાત વર્ગોની સ્થિતિની તપાસ માટે આદેશ દ્વારા આયોગની નિયુક્તિ કરી શકે છે.
- આયોગ અંતર્ગત રાષ્ટ્રપતિ જેને યોગ્ય સમજે તેનો સમાવેશ કરી શકે છે.

### અન્ય પછાત વર્ગો અંતર્ગત ઉપ-વર્ગો :

- વર્ષ 2015માં રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ દ્વારા OBC અંતર્ગત ઉપ–વર્ગોનો પ્રસ્તાવ કર્યો હતો.
- ઓકટોબર 2017માં રાષ્ટ્રપતિ દ્વારા બંધારણના અનુચ્છેદ 340 અંતર્ગત મળતી શકિતઓ અંતર્ગત અત્યંત પછાત વર્ગોને પ્રાથમિકતા આપવા નિવૃત્ત ન્યાયાધીશ જી. રોહિણીની અધ્યક્ષતામાં OBC સમૂહમાં ઉપ–વર્ગો સંબંધી વિષયોની તપાસ કરવા એક આયોગની નિયુકિત કરવામાં આવી હતી.

### ઉપ-વર્ગોની જરૂરીયાત :

- OBC સમૂહના ઉપ–વર્ગોથી OBC સમુદાયોમાં વધુ પછાત સમૂહોને શૈક્ષણિક સંસ્થાનો અને સરકારી નોકરીઓમાં અનામતનો લાભ પ્રાપ્ત થશે.
- વર્તમાનમાં OBCમાં કોઈ ઉપ–વર્ગો નથી આથી બધા સમુદાયોને સંયુકત રીતે 27% અનામત આપવામાં આવે છે.
- OBC સમૂહમાં ઉપ–વર્ગો દ્વારા સરકાર પછાત વર્ગો અંતર્ગત આવતા જાતિ સમૂહને સામાજિક અને આર્થિક પછાતપણાના આધાર પર વિભાજીત કરશે જેથી આરક્ષણના લાભનું વધુ સમાન વિતરણ શકય બને.

## ભારતીય દંડ સંહિતાની કલમ 309

- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના રિપોર્ટ, 2019 અનુસાર દક્ષિણ–પૂર્વી એશિયાઈ ક્ષેત્રમાં ભારતની આત્મહત્યાનો દર સૌથી વધુ છે.
- રિપોર્ટ અનુસાર ભારતમાં પ્રતિ 1 લાખ વ્યકિત પર આત્મહત્યાનો દર 16.5 છે.
- વિશ્વમાં ત્રીજા નંબર પર સૌથી વધુ મહિલા આત્મહત્યાનો દર ભારતમાં છે.

### આત્મહત્યા વિશે ભારતીય દંડ સંહિતા અંતર્ગત જોગવાઈ :

- વર્ષ 2017માં આત્મહત્યાને ભારતમાં બિન–ગુનાહિત કૃત્ય તરીકે ઘોષિત કરવામાં આવી હતી. પરંતુ ભારતીય દંડ સંહિતા (Indian Penal Code-IPC)ની કલમ 309 હજી સુધી રદ કરવામાં આવી નથી.
- IPCની કલમ 309 અનુસાર જો કોઈ વ્યકિત આત્મહત્યાનો પ્રયત્ન કરશે તો તેને ગુનેગાર જાહેર કરી દંડ આપવામાં આવશે.
- ICPની કલમ 309 અનુસાર આત્મહત્યાનો પ્રયાસ એ જામીનપાત્ર છે.
- આત્મહત્યાના પ્રયાસમાં ગુનેગારને 1 વર્ષની જેલ અને આર્થિક દંડ બંને આપી શકાય છે.
- આ કાયદાને 19મી સદીમાં અંગ્રેજો દ્વારા લાવવામાં આવ્યો હતો. આ કાયદો એ સમયના વિચારને દર્શાવે છે જ્યારે હત્યા અથવા આત્મહત્યાનો પ્રયાસ રાજ્ય તથા ધર્મની વિરુદ્ધ અપરાધ માનવામાં આવતો હતો.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## માનસિક સ્વાસ્થ્ય ખરડો, 2017 અંતર્ગત આત્મહત્યા સંબંધિત જોગવાઈ

- સંસદ દ્વારા માનસિક સ્વાસ્થ્ય ખરડો, 2017 પસાર કરવામાં આવ્યો હતો જે વર્ષ 2018થી લાગુ થયો હતો.
- આ ખરડા દ્વારા IPCની કલમ 309ના ઉપયોગને ઘણી હદ સુધી ઓછો કરી દેવામાં આવ્યો છે અને આત્મહત્યાને ફક્ત એક અપવાદના રૂપમાં દંડનીય બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.
- માનસિક સ્વાસ્થ્ય ખરડાની કલમ 115(1) અનુસાર, IPCની કલમ 309 મુજબ જો કોઈ વ્યકિત આત્મહત્યા કરે છે, જો તે સાબિત ન થાય તો તેને હતાશ માનવામાં આવશે અને તેને દોષી માનવામાં આવશે નહી અને શિક્ષા કરવામાં આવશે નહી.
- માનસિક સ્વાસ્થ્ય ખરડાની કલમ 115(2) અનુસાર, આત્મહત્યા કરવાનો પ્રયાસ કરનાર હતાશ વ્યકિતને યોગ્ય સંભાળ, પુનર્વસન અને સારવાર આપવી તે યોગ્ય સરકારની ફરજ રહેશે જેથી આત્મહત્યાના પ્રયાસના પુનરાવર્તનની પ્રવૃત્તિનું જોખમ ઘટાડી શકાય.

## IPCની કલમ 309 સંબંધિત વિષય અને ચિંતા

- આ કલમનો ઉપયોગ પીડિત વ્યકિતને મહત્ત્વપૂર્ણ સમય (Golden Hour)માં નિદાનથી વંચિત કરી શકે છે. કારણ કે "મેડિકો–લીગલ કેસ" હોવાને લીધે હોસ્પિટલને નિદાન શરૂ કરતા પહેલા પોલીસની મંજૂરીની આવશ્કયતા હોય છે.
- બેઈમાન હોસ્પિટલ અધિકારીઓ દ્વારા આ સ્થિતિના દુરૂપયોગની સંભાવના હોય છે, તેઓ પોલીસને જાણ ન કરી કેસને બંધ કરવા વધારે નાણાંની માંગણી કરી શકે છે.
- ભ્રષ્ટ પોલીસ કર્મીઓ દ્વારા પણ કેસ બંધ કરવા નાણાંની માંગણી થાય તેની સંભાવના રહે છે.
- પહેલેથી હતાશ વ્યકિત અને તેના સંબંધીઓને તેમની વર્તમાન સમસ્યાઓ ઉપરાંત આઘાત અને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

## IPCની કલમ 309ને યથાવત રાખવાના પક્ષમાં તર્ક :

- એવા ઘણા કેસ સામે આવ્યા છે જ્યારે લોકો સરકારી કચેરીઓમાં પોતાની માંગ પૂરી ન થવાના કિસ્સામાં આત્મહત્યાની ધમકી આપે છે.
- આવા કિસ્સામાં પોલીસને શંકા થાય છે કે આ વ્યકિત વાસ્તવમાં આત્મહત્યાનો કોઈ હેતુ રાખતો નથી પરંતુ આત્મહત્યાની ધમકી દ્વારા ખોટી રીતે સિસ્ટમ પર દબાણ કરે છે. આવી ઘટના દરમિયાન કલમ 309નો ઉપયોગ કરવો જરૂરી છે.
- જો કલમ 309ને સમાપ્ત કરવામાં આવશે તો આ પ્રકારની મુશ્કેલી પેદા કરતા લોકો સામે કોઈ કાર્યવાહી થઈ નહીં શકે.

## આગળનો માર્ગ :

- વર્ષ 2008માં કાયદા પંચે પોતાના 210માં રિપોર્ટમાં જણાવ્યુ હતું કે, આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યકિત માટે ચિકિત્સા અને મનોચિકિત્સક દેખભાળની જરૂરીયાત હોય છે નહીં કે સજાની.
- કાયદા પંચ દ્વારાપોતાના 42માં રિપોર્ટમાં IPCની કલમ 309ને સમાપ્ત કરવાની જોગવાઈ કરી હતી.
- આ ઉપરાંત માર્ચ, 2011માં સુપ્રીમ કોર્ટે સંસદને કલમ 309ને હટાવવાની વ્યવહારિતા પર વિચાર કરવાની ભલામણ કરી હતી.

# સમીક્ષા અરજી

- સુપ્રીમ કોર્ટ દ્વારા વ્યભિચાર (Adultery)ને બિન–અપરાધ જાહેર કરવા સંબંધી વર્ષ 2018ના નિર્ણયની સમીક્ષા અરજીના માધ્યમથી સમીક્ષા કરવાની મનાઈ કરી હતી.

## વ્યભિચાર પર સુપ્રીમ કોર્ટનો નિર્ણય

- સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રાની અધ્યક્ષતામાં એક બંધારણીય પીઠ દ્વારા વર્ષ 2018માં ભારતીય દંડ સંહિતાની કલમ 497ને ગેરબંધારણીય જાહેર કરી હતી. જેના અંતર્ગત વ્યભિચારને ગુનાહિત કાર્ય માનવામાં આવતું હતું.
- બંધારણીય પીઠ અનુસાર આ કાયદો મહિલાઓના વ્યકિતત્ત્વને નુકસાન પહોંચાડે છે. તથા મહિલાઓને "પતિની સંપત્તિ" બનાવે છે.
- જો સંબંધમાં એક વ્યકિત બીજા સાથે દગો કરે છે તો તે અલગ થઈ શકે છે, પરંતુ બેવફાઈના ગુના સાથે તે જોડવું યોગ્ય નથી.

➤ કોર્ટે દલીલ કરી હતી કે વ્યભિચારને બિન–અપરાધ ઘોષિત કરવાથી “જાતીય નૈતિકતામાં અરાજકતા” આવે છે અથવા છૂટાછેડાની સંખ્યામાં વધારો થાય છે તેવા દાવાની તરફેણમાં કોઈ ડેટા અસ્તિત્વમાં નથી.

### કલમ 497ને રદ કરવાના કારણો

➤ કલમ 497 એ મહિલાઓને અધીનસ્થમાં બનાવી રાખે છે તથા તેને ગરિમા, યૌન સ્વાયત્તતાથી વંચિત કરે છે અને તે જાતીય રૂઢિવાદી વિચારધારા પર આધારિત છે.

➤ કલમ 497 એ મહિલાઓને જંગમ મિલકત ગણે છે, તેમની જાતીયતાને નિયંત્રિત કરવાનો પ્રયત્ન કરે છે અને મહિલાઓની સ્વાયત્તતા અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે છે.

➤ આ કલમ બંધારણના અનુચ્છેદ 14 અને 21નું પણ ઉલ્લંઘન કરે છે.

### Back to basics : સમીક્ષા અરજી (Review Petition) વિશે

■ **સમીક્ષા અરજી શું છે ?**

➤ બંધારણના અનુચ્છેદ 137 અંતર્ગત ભારતની સુપ્રીમ કોર્ટને ન્યાયિક સમીક્ષાની સત્તા આપવામાં આવી છે. તેના અંતર્ગત સુપ્રીમ કોર્ટ પોતાના કોઈપણ નિર્ણય કે આદેશની સમીક્ષા કરી શકે છે.

■ **સમીક્ષાના વિષયનું ક્ષેત્ર :**

➤ સુપ્રીમ કોર્ટ દ્વારા કોઈ નિર્ણયની સમીક્ષા કરવા હેતુ એ જોગવાઈ હોય છે કે તે બાબતમાં સંબંધિત કોઈ નવા તથ્યોનો સમાવેશ કરવામાં ન આવે પરંતુ ગંભીર ભૂલોના કારણે થયેલી ન્યાયિક નિષ્ફળતાઓમાં સુધારો કરવામાં આવે.

➤ સમીક્ષા અરજીમાં સુપ્રીમ કોર્ટ પોતાના પૂર્વ નિર્ણયોમાં “સ્પષ્ટતાનો અભાવ” તથા “મહત્ત્વહીન” ગૌણ ભૂલોની સમીક્ષા કરી તેમાં સુધાર કરી શકે છે.

➤ વર્ષ 2013માં એક નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયની સમીક્ષા કરતા 3 આધારો સ્પષ્ટ કર્યા હતા.

1) નવા અને મહત્ત્વપૂર્ણ પુરાવાઓની શોધ, જે અગાઉની સુનવણી દરમિયાન સામેલ ન હતા. જે અગાઉ અરજદારની જાણમાં ન હતા અથવા તેમના દ્વારા નોંધપાત્ર પ્રયત્નો કર્યા પછી પણ તેમને કોર્ટમાં રજૂ કરી શકાયા નથી.

2) દસ્તાવેજમાં કોઈ ભૂલ અથવા અસ્પષ્ટતા આવી હોય.

3) કોઈ અન્ય પર્યાપ્ત કારણ અર્થાત એવું કોઈ કારણ જે અન્ય બે આધારોને અનુરૂપ હોય.

■ **સમીક્ષા અરજી કોણ દાખલ કરી શકે ?**

➤ જે પણ વ્યકિત અદાલતના નિર્ણયથી અસંતુષ્ટ હોય તે સમીક્ષા અરજી દાખલ કરી શકે છે ભલે પછી તે એ બાબતમાં પક્ષકાર ન હોય.

➤ ન્યાયાલય પ્રત્યેક સમીક્ષા અરજી પર વિચાર કરતુ નથી. કોઈ મહત્ત્વપૂર્ણ આધાર દેખાય તો જ ન્યાયાલય મંજૂરી આપે છે.

■ **સમીક્ષા અરજી દાખલ કરવાનો સમય :**

➤ સુપ્રીમ કોર્ટના વર્ષ 1996ના નિયમો અનુસાર,

1) સમીક્ષા અરજી નિર્ણયની તારીખથી 30 દિવસની અંદર દાખલ થવી જોઈએ.

2) અમુક પરિસ્થિતિઓમાં અરજીકર્તા દ્વારા વિલંબ થવાના યોગ્ય કારણોને ન્યાયાલય સમક્ષ રજૂ કરવા પર ન્યાયાલય સમીક્ષા અરજી દાખલ કરવાના વિલંબને માફી આપી શકે છે.

## 59 મોબાઈલ એપ્સ પર પ્રતિબંધ

➤ ભારત સરકાર દ્વારા TikTok અને Wechat સહિત 59 ચીનની એપ્સ પર પ્રતિબંધ લગાવ્યો છે.

### સરકાર દ્વારા 59 ચીની મોબાઈલ એપ્સ પર પ્રતિબંધ લગાવવાનું કારણ :

➤ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય દ્વારા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની કલમ 69(A) અંતર્ગત આપવામાં આવેલ “ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (જનતા દ્વારા સૂચનાના ઉપયોગને અવરોધિત કરવાની કાર્યવાહી અને સુરક્ષાના પગલા) નિયમ, 2009” અંતર્ગત તથા જોખમની ઉભરતી પ્રકૃતિને જોતા 59 એપ્સ પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

- ઉપલબ્ધ જાણકારી અનુસાર આ એપ્સ એવી પ્રવૃત્તિમાં લાગેલ છે જે ભારતના સાર્વભૌમત્ત્વ અને અખંડતા, ભારતની રક્ષા, રાજ્યની સુરક્ષા અને જાહેર વ્યવસ્થા માટે નુકસાનકારક છે.
- આ એપ્સનો દુરુપયોગ ચોરી કરવા તથા ઉપયોગકર્તાના ડેટાને ખોટી રીતે ભારતની બહાર સ્થિત સર્વરો પર પ્રસારિત કરવામાં આવી રહયો છે.
- આથી કરોડો ભારતીય મોબાઈલ ઉપયોગકર્તાના હિતોની સુરક્ષા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## કે. કે. વેણુગોપાલ ભારતના એટર્ની જનરલના રૂપમાં નિયુક્ત

- 29 જૂન, 2020ના રોજ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ભારતના એટર્ની જનરલ તરીકે ફરીથી કે. કે. વેણુગોપાલની નિયુક્તિ કરી હતી.
- કે. કે. વેણુગોપાલનો વર્તમાન કાર્યકાળ 30 જૂનના રોજ સમાપ્ત થઈ રહયો હતો આથી હવે તેમના કાર્યકાળને 1 વર્ષ માટે વધારી દેવામાં આવ્યો છે.
- 30 જૂન, 2017ના રોજ કે. કે. વેણુગોપાલને ભારતના 15માં એટર્ની જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

### Back to basics : એટર્ની જનરલ/મહાન્યાયવાદી વિશે

■ **બંધારણમાં ઉલ્લેખ :**

- એટર્ની જનરલના પદની જોગવાઈ બંધારણના અનુચ્છેદ 76 અંતર્ગત કરવામાં આવી છે.

■ **એટર્ની જનરલની નિમણૂક :**

- તેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.
- સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ બનવાની લાયકાત ધરાવતી વ્યક્તિ આ પદ ધારણ કરવા યોગ્ય છે.

### એટર્ની જનરલની ફરજો

- રાષ્ટ્રપતિ દ્વારા તેમને સોંપાયેલ કાયદા સંબંધિત બાબતોમાં ભારત સરકારને સલાહ આપવી.
- બંધારણ દ્વારા/કાયદા દ્વારા / રાષ્ટ્રપતિ દ્વારા તેમને સોંપાયેલ કાનૂની કાર્યો અને ફરજ નિભાવવી.
- એટર્ની જનરલ એ સરકારની વિરુદ્ધ કેસ લડી શકતા નથી આ ઉપરાંત સરકારની મંજૂરી વિના તેઓ ખાનગી કેસ પણ લડી શકે નહી.

### એટર્ની જનરલના પદ સંબંધિત અન્ય બાબતો :

- તેઓ રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ધરાવે છે.
- તેમને પદ પરથી દૂર કરવાના કારણો બંધારણમાં આપવામાં આવ્યા નથી.
- રાષ્ટ્રપતિ નક્કી કરે તેટલું મહેનતાણું તેઓને મળે છે અને તેઓ પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને આપે છે.
- ભારતીય બંધારણમાં આ પદ એ બ્રિટનમાંથી લેવામાં આવ્યું છે.
- અનુચ્છેદ 105 અંતર્ગત સંસદ સભ્યોને મળતા બધા વિશેષાધિકારો એ એટર્ની જનરલને પણ મળવાપાત્ર છે.

## રાજ્યસભાની ચૂંટણી પ્રક્રિયા

- તાજેતરમાં રાજ્યસભાની અમુક બેઠકો માટેની ચૂંટણી સમાપ્ત થઈ હતી.
- રાજ્યસભાની જે 19 બેઠકો પર મતદાનનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાંથી લગભગ બધી બેઠકો પર મતદાન સ્પષ્ટ રહયું હતુ જો કે મણિપુરમાં એ તથ્યને લઈને વિવાદ થયો હતો કે ચૂંટણીમાં કોને મતદાનની મંજૂરી આપવી જોઈએ અને કોને નહી.

### Back to basics : રાજ્યસભાની ચૂંટણી પ્રક્રિયા

- ભારતના રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીની જેમ રાજ્યસભા અને રાજ્યોની વિધાનપરિષદના સભ્યોની ચૂંટણી પરોક્ષ રીતે પ્રમાણસર પ્રતિનિધિત્ત્વ મુજબ એકલ સંક્રમણીય મત પદ્ધતિના આધારે થાય છે.
- પ્રમાણસર પ્રતિનિધિત્ત્વના આધારે ચૂંટણી પ્રક્રિયા યોજવા પાછળનું કારણ એ છે કે નાનામાં નાના રાજકીય પક્ષને પણ પ્રતિનિધિત્ત્વ મળી રહે કારણ કે આ પદ્ધતિમાં પ્રતિનિધિત્ત્વ પક્ષને તેમની બેઠકોના આધારે મળે છે.
- રાજ્યસભાના સભ્યો સંબંધિત રાજ્યની વિધાનસભાના સભ્યો (MLA's) દ્વારા પ્રમાણસર પ્રતિનિધિત્ત્વ મુજબ એકલ સંક્રમણીય મત પદ્ધતિના આધારે ચૂંટવામાં આવે છે.

➤ અહીં મત આપનાર સભ્યોએ ઉમેદવારને પોતાની પસંદગીનો અંગ્રતા ક્રમ (1, 2, 3, ....) આપવાનો હોય છે.

➤ રાજ્યસભાના સભ્ય બનવા ઉમેદવારને જે ઓછામાં ઓછા મતની જરૂર પડે છે તે નીચેના સૂત્રમાં દર્શાવ્યા છે.

$$\text{ઓછામાં ઓછા મત} = \frac{\text{સંબંધિત રાજ્યની વિધાનસભાના સભ્યો}}{(\text{તે રાજ્યની રાજ્યસભામાં ખાલી જગ્યા} + 1)} + 1$$

**નોંધ :** 'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ', 1951માં જણાવવામાં આવ્યું હતું કે રાજ્યસભાના સભ્ય સંબંધિત રાજ્યના હોવા જોઈએ અને તે રાજ્યની મતદાર યાદીમાં તેનું નામ હોવું જોઈએ. પરંતુ ઈ.સ. 2003માં સંસદ દ્વારા તેમાં સુધારો કરવામાં આવ્યો. જે મુજબ રાજ્યસભાના સભ્ય થવા માટે ઉમેદવાર સંબંધિત રાજ્યનો નિવાસી હોવા જરૂરી નથી. આ ઉપરાંત પહેલા ગુપ્ત મતદાન દ્વારા ચૂંટણી થતી હતી. જેમાં હવે ખુલ્લુ મતદાન કરવામાં આવે છે.

## રાજ્યસભાના સભ્યોની ચૂંટણી પ્રક્રિયાનું ઉદાહરણ :

➤ ધારો કે કોઈ રાજ્યની રાજ્યસભાની અંદર ત્રણ બેઠકો ખાલી છે અને તે રાજ્યની વિધાનસભામાં ફક્ત બે રાજકીય પક્ષો 'પાર્ટી–A' અને 'પાર્ટી–B' છે. આ રાજ્યની વિધાનસભામાં કુલ 140 બેઠકોમાંથી પાર્ટી–A પાસે 100 બેઠકો છે અને પાર્ટી–B પાસે 40 બેઠકો છે અને બંને પક્ષો પોતાના ઉમેદવારોને રાજ્યસભાની ચૂંટણી માટે નામાંકિત કરે છે.

➤ ઉપરોક્ત 3 ખાલી બેઠકો માટે ઉમેદવારને રાજ્યસભાની ચૂંટણી જીતવા નીચે મુજબના ઓછામાં ઓછા મતોની જરૂર રહેશે.

$$\text{ઓછામાં ઓછા મત} = \frac{\text{સંબંધિત રાજ્યની વિધાનસભાના સભ્યો}}{(\text{તે રાજ્યની રાજ્યસભામાં ખાલી જગ્યા} + 1)} + 1$$

$$= \frac{140}{3+1} + 1$$

$$= 36$$

➤ રાજ્યસભાની ચૂંટણી અંતર્ગત રાજ્યની વિધાનસભાના સભ્યોએ દરેક ખાલી બેઠકો માટે મત આપતા નથી. કારણ કે જો તે પદ્ધતિથી ચૂંટણી થાય તો ફક્ત બહુમતી ધરાવતા શાસક પક્ષના ઉમેદવારો જ ચૂંટણી જીતે. આથી, રાજ્યસભાની ચૂંટણીમાં રાજ્યવિધાનસભાના સભ્યોએ ઉમેદવારોને પોતાની પસંદગીનો અગ્રતાક્રમ (1, 2, 3...) આપવાનો હોય છે.

➤ જો ઉપરોક્ત ઉદાહરણ અનુસાર કોઈ ઉમેદવારને રાજ્યની વિધાનસભાના 36 થી વધુ સભ્યો પોતાની પસંદગીનો પ્રથમ અગ્રતા ક્રમ આપે તો તેઓ ચૂંટણીમાં વિજેતા થશે.

➤ ઉપરોક્ત ઉદાહરણને ધ્યાનમાં લઈએ તો 'પાર્ટી–B' જે વિધાનસભામાં વિરોધપક્ષ છે તેમની પાસે 40 બેઠકો હોવાના કારણે તેઓ પોતાના એક ઉમેદવારને રાજ્યસભાની ચૂંટણી જીતાવી શકે છે, જો પાર્ટી–B ના સદસ્યો તેમના ઉમેદવારને પસંદગીનો પ્રથમ અગ્રતાક્રમ આપે.

➤ જ્યારે પાર્ટી–A પોતાના 2 ઉમેદવારોને રાજ્યસભાની ચૂંટણી જીતાવી શકે છે. કારણ કે પાર્ટી–A પાસે વિધાનસભામાં 100 બેઠકો છે અને 2 ઉમેદવારોને જીતવા માટે 72 મતોની આવશ્યકતા રહે છે.

## સર્વોચ્ચ ન્યાયાલયે રાજ્યસભામાંથી NOTA (None of The Above) વિકલ્પ સમાપ્ત કર્યો

➤ સર્વોચ્ચ ન્યાયાલયે રાજ્યસભામાંથી NOTA વિકલ્પ બાબતે પોતાનો મહત્ત્વનો ચુકાદો આપ્યો છે.

➤ સર્વોચ્ચ ન્યાયાલયે એવુ માન્યુ છે કે NOTAનો વિકલ્પ ફક્ત સાર્વત્રિક પુખ્ત મતાધિકાર અને પ્રત્યક્ષ ચૂંટણીઓ માટે જ કરવામાં આવે. (પ્રત્યક્ષ ચૂંટણીઓ એટલે લોકસભાની અને રાજ્યોના વિધાનસભાની ચૂંટણી)

➤ ન્યાયાલયે જણાવ્યુ કે રાજ્યસભામાં NOTAનો ઉપયોગ બંધારણની કલમ 80(4) અને 'પિપલ્સ યુનિયન ઓફ સિવિલ લિબર્ટી (PUCL) Vs યુનિયન ઓફ ઈન્ડિયામાં' સર્વોચ્ચ ન્યાયાલયે આપેલા ચુકાદાની વિરુદ્ધ છે.

➤ અનુચ્છેદ 80(4) જણાવે છે કે રાજ્યસભામાં દરેક રાજ્યના પ્રતિનિધિઓને પ્રમાણસર પ્રતિનિધિત્વ મુજબ એકલ સંક્રમણીય પદ્ધતિ અનુસાર રાજ્યની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો દ્વારા ચૂંટવામાં આવશે.

➤ રાજ્યસભાની ચૂંટણીમાં વિધાનસભાના સભ્યોએ મતદાન બોક્સમાં પોતાનો મત મૂકતા પહેલા મતપત્રને અધિકૃત પાર્ટી એજન્ટને બતાવવું પડે છે.

➤ જો કોઈ પક્ષનો કોઈ સભ્ય NOTAનો ઉપયોગ કરશે તો પછી કુલ મતોની સંખ્યામાં ઘટાડો થઈ જશે.

➤ NOTA એ પરોક્ષ ચૂંટણીમાં નિષ્પક્ષતાને હરાવે છે. તે આવી ચૂંટણીઓમાં એક મતદારની ભૂમિકાને અવગણે છે અને

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

લોકશાહી મૂલ્યોને નષ્ટ કરે છે અને સાથોસાથ ભ્રષ્ટાચાર જેવી ગેરવર્તણૂકને પ્રોત્સાહિત કરે છે.

- રાજ્યસભામાં પ્રતિનિધિ પ્રકૃતિ કે સ્વરૂપ અલગ હોય છે. કારણ કે ઉમેદવાર એ કોઈ રાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે પ્રત્યક્ષ ચૂંટણીમાં કોઈ ઉમેદવાર મતદારો દ્વારા ચૂંટાય છે અને મતદારક્ષેત્રનું પ્રતિનિધિત્ત્વ કરે છે તેથી NOTAનો ઉપયોગ પ્રત્યક્ષ ચૂંટણીમાં કરવો વધુ વાજબી છે.

## ગુજરાતના નવા લોકાયુક્ત

- તાજેતરમાં રાજેશ શુકલા એ ગુજરાતના 5માં લોકાયુક્ત તરીકે શપથ લીધા હતા.
- વર્ષ 2018માં તે સમયના લોકાયુક્ત ડી.પી. બુચ એ નિવૃત્ત થયા હતા અને તે સમયથી લોકાયુક્તનું પદ એ ખાલી હતું.

### Back to basics : લોકાયુક્ત વિશે

- ભારતમાં કેન્દ્રીય સ્તરે લોકપાલ કાર્ય કરે છે તેવી જ રીતે રાજ્ય સ્તર પર લોકાયુક્ત કાર્ય કરે છે.
- લોકાયુક્ત એ રાજ્ય સ્તરે ભ્રષ્ટાચાર અને ફરિયાદ નિવારણનું કાર્ય કરે છે.
- ભારતમાં 1 જાન્યુઆરી, 2014થી "લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ, 2013" અમલમાં છે.
- લોકાયુક્તનો કાર્યકાળ એ 5 વર્ષ/65 વર્ષ બેમાંથી જે પહેલા પૂરો થાય તેટલો હોય છે. કાર્યકાળ પૂરો થયા બાદ ફરીથી તેઓ નિમણૂક થવા પાત્ર નથી.
- લોકાયુક્ત તરીકે હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ અથવા નિવૃત્ત સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવે છે.
- લોકાયુક્તની નિમણૂક કરવા માટે એક સમિતિ હોય છે. આ સમિતિમાં મુખ્યમંત્રી, હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ, વિધાનસભાના અધ્યક્ષ, વિધાનપરિષદના અધ્યક્ષ (જો હોય તો) અને વિરોધપક્ષના નેતાઓનો સમાવેશ કરવામાં આવે છે.
- ભારતમાં લોકાયુક્તની સૌપ્રથમ નિમણૂક એ વર્ષ 1971માં મહારાષ્ટ્રમાં કરવામાં આવી હતી જ્યારે લોકાયુક્ત અંગે સૌપ્રથમ કાયદો ઘડનારા રાજ્ય એ ઓડિશા હતું.

દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે




SAVE & SHARE
Join Telegram : t.me/icerajkotofficial

# 2. અર્થતંત્ર

## ભારત-ચીન આર્થિક વ્યાપાર

- ભારત સરકાર ચીન સાથેના સીમા વિવાદના જવાબમાં ભારત–ચીન વચ્ચે વ્યાપાર પર પ્રતિબંધ લગાવવાનો વિચાર કરી રહી છે.
- બીજી તરફ ભારતની જનતામાં પણ ચીનની વસ્તુઓનો બહિષ્કાર કરી ચીનને જવાબ આપવાનો વિચાર જોર પકડી રહયો છે.
- પરંતુ વૈશ્વિક વ્યાપારમાં ચીનની પ્રમુખતા તથા ભારતની અલ્પ ભાગીદારી જોતા વ્યાપાર પર પ્રતિબંધ લગાવવાથી વધુ પ્રભાવ નહી પડે. આ ઉપરાંત તેનાથી ભારતીય ઉપભોક્તા તથા વ્યવસાય પ્રતિકૂળ રૂપથી પ્રભાવિત થશે.

### વિવિધ આર્થિક ક્ષેત્રો અંતર્ગત ચીનની ભાગીદારી

| વિવિધ આર્થિક ક્ષેત્ર | ચીનની ભાગીદારી |
|---|---|
| વાહનોના ભાગો | કુલ બજાર રૂ. 43.1 લાખ કરોડનું છે. જેમાં ચીનના ઉત્પાદનોનો હિસ્સો 26% છે. |
| ઈન્ટરનેટ એપ્સ | કુલ બજાર એ 45 કરોડ સ્માર્ટફોન વપરાશકર્તાનું છે જેમાં ચીનની પ્રોડકટનો હિસ્સો 66% છે. |
| સ્માર્ટફોન | કુલ બજાર રૂ. 2 લાખ કરોડનું છે જેમાં ચીન ઉત્પાદનોની હિસ્સેદારી 72% છે. |
| દૂરસંચાર ઉપકરણ | કુલ બજાર રૂ. 12,000 કરોડ છે જેમાં ચીન ઉત્પાદનોની હિસ્સેદારી 25% છે. |
| સૌર ઊર્જા | કુલ બજાર 37,916 મેગાવોટનું છે જેમાં ચીની ઉત્પાદનોની હિસ્સેદારી 90% છે. |
| સ્ટીલ | કુલ બજારમાં ચીનની પ્રોડકટનો હિસ્સો 18-20% છે. |
| ફાર્મા | કુલ બજાર રૂ. 5 લાખ કરોડ છે જેમાં ચીન ઉત્પાદનોનો હિસ્સો 60% છે. |

### ચીનની વસ્તુઓનો બહિષ્કાર કઈ રીતે સંભવ ?

- ચીનની વસ્તુઓનો બહિષ્કાર ત્યારે જ સંભવ છે જ્યારે ઉત્પાદન ક્ષેત્રે ભારતમાં બનતી વસ્તુઓમાં વધારો થાય.
- મેક ઈન ઈન્ડિયા અને સ્વદેશી ઉત્પાદનો વધારવા તથા ચીનથી કરવામાં આવતી આયાત કરતા વસ્તુ સસ્તી બનાવવી જરૂરી છે.
- જો ઉત્પાદન શકય ન હોય તો ચીનથી આયાત કરવામાં આવતી વસ્તુઓનો વિકલ્પ અન્ય દેશો પાસેથી વસ્તુઓ આયાત કરીને ચીનથી આયાત ઘટાડી શકાય.
- ચીનનો બહિષ્કાર કરવા ભારત અને ચીન વચ્ચે આર્થિક અંતર ઓછું કરવાની આવશ્યકતા છે.
- ચીન અને ભારત વચ્ચેની આર્થિક અસમાનતાઓ ઓછી થવા પર બંને દેશો વચ્ચેના વિરોધ વચ્ચે ભારતીય ભાવનાઓને ધ્યાનમાં રાખી ભારત ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કરી શકે છે. અથવા આત્મનિર્ભર ભારતનો ખ્યાલ શકય બની શકે છે.

### શા માટે ભારતમાં ચીની ઉત્પાદનોનો બહિષ્કાર મુશ્કેલ છે ?

- નાણાકીય વર્ષ 2018-19માં ભારતે ચીનને કુલ નિકાસ રૂ. 16.7 બિલિયન ડોલરની કરી હતી જ્યારે ચીનથી ભારતમાં કુલ આયાત રૂ. 70.3 બિલિયન ડોલર હતી. પરિણામે રૂ. 53.6 બિલિયન ડોલરની વ્યાપાર ખાદ્ય પડી હતી.
- ભારતીય કંપનીઓમાં ચીનની કંપનીઓનું મોટું રોકાણ છે. વર્ષ 2015થી 2019 વચ્ચે ચીનથી કુલ રૂ. 1.8 બિલિયન ડોલરનું પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ (FDI) કરવામાં આવ્યું હતું.
- ચીનની કંપનીઓ દ્વારા ભારતના સ્ટાર્ટ અપ અંતર્ગત પણ અંદાજે રૂ. 4 બિલિયન ડોલરનું રોકાણ કર્યું છે.
- ભારતના ડિજિટલ બજારમાં ચીનની રોકાણ ધરાવતી એપ્સ (Applications) વધારે છે.
- વર્તમાનમાં નાના ભારતીય વ્યવસાયો મહામારીને કારણે પોતાના અસ્તિત્વને બચાવવા સંઘર્ષ કરી રહયા છે. આવી સ્થિતિમાં ચીનની આયાતો પર પ્રતિબંધથી નાના વ્યાપારીઓને નુકસાન થશે.

### ચીનના ઉત્પાદનો સસ્તા શા માટે છે ?

- ચીનમાં ઉત્પાદન ક્ષેત્રમાં સસ્તા શ્રમબળની ઉપલબ્ધતા છે


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

આથી વસ્તુની કિંમત ઓછી આવે છે.

- ચીનમાં કાચા માલનો પૂરવઠો પૂરતો છે અને કંપનીઓ જથ્થામાં ખરીદી કરે છે અને જથ્થામાં રોકાણ કરે છે જે વસ્તુ ની કિંમતને સસ્તી બનાવે છે.
- ચીન કારખાનાઓની શ્રમ સંબંધિત કાયદાઓ અને સુરક્ષા બાબતે આલોચના કરવામાં આવે છે. આવી છૂટછાટને લીધે લોકો પાસે બળજબરીથી સસ્તા દરે કામ કરાવવામાં આવે છે.

## ઉપ-ઋણ હેતુ ક્રેડિટ ગેરેંટી સ્કીમ (Credit Gurantee Scheme for Sub-ordinate Debt-(GSSD)

- તાજેતરમાં નાણામંત્રી દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત "ઉપ–ઋણ હેતુ ક્રેડિટ ગેરેંટી સ્કીમ" યોજનાની ઘોષણા કરવામાં આવી હતી.
- આ યોજનાને "સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે સંકટગ્રસ્ત મિલ્કતો ફંડ–ઉપ–ઋણ" તરીકે પણ ઓળખવામાં આવે છે.

### યોજનાની મુખ્ય બાબતો :

- આ યોજના સંકટગ્રસ્ત MSME ક્ષેત્રના પુનરુત્થાન માટે શરૂ કરવામાં આવેલી છે.
- યોજના અંતર્ગત એવા MSME જે વર્તમાનમાં ચાલુ હાલતમાં છે પરંતુ 30 એપ્રિલ, 2020 સુધી બિન–કાર્યરત મિલ્કત (NPA) થઈ ગયેલા છે તેને સહાયતા આપવાની જોગવાઈ છે.
- આ યોજનાનું સંચાલન એ "MSE માટે ક્રેડિટ ગેરેંટી ફંડ ટ્રસ્ટ"ના માધ્યમથી કરવામાં આવશે.

### યોજનાનું અમલીકરણ :

- યોજના અંતર્ગત MSMEના સ્થાપકો તેમની હિસ્સેદારીના 15% બરાબર અથવા રૂ. 75 લાખ જે ઓછા હોય તેટલું ઋણ આપવામાં આવશે. સ્થાપકો આ રકમનું MSME એકમોમાં ઈક્વિટીના રૂપમાં રોકાણ કરશે અને તેવી રીતે રોકડ વધારશે.
- આ ઉપ–ઋણ માટે 90% ગેરેંટી કવરેજ યોજના અંતર્ગત આપવામાં આવશે અને 10% સંબંધિત પ્રમોટર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- મૂળ રકમની ચૂકવણી માટે 7 વર્ષનો સમયગાળો મળશે જો કે ચૂકવણી માટેનો મહત્તમ સમય 10 વર્ષનો હશે.

## પ્રધાનમંત્રી મુદ્રા યોજના

- કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત "શિશુ ઋણ"ની તત્કાલ ચૂકવણી પર 12 મહિનાના સમય માટે 2% વ્યાજ સબસિડીની મંજૂરી આપવામાં આવી છે.
- આ યોજનાનો અંદાજિત ખર્ચ રૂ. 1542 કરોડ હશે જે કેન્દ્ર સરકાર દ્વારા ભોગવવામાં આવશે.
- આ સુવિધાની ઘોષણા આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત કરવામાં આવી હતી જે MSMEના ઉપાયો લાગુ કરવા સાથે સંબંધિત છે.

### કોણ વ્યાજ સબસિડીનો લાભ મેળવવા પાત્ર હશે ?

- આ યોજના એવા ઋણો માટે માન્ય હશે જેઓ નીચેના માપદંડો પૂરા કરતા હશે.

(1) જે ઋણો 31 માર્ચ, 2020 સુધી બાકી હતા અને RBIના દિશા–નિર્દેશો અનુસાર 31 માર્ચ, 2020 અથવા યોજનાના સંચાલનના સમય દરમિયાન બિન–કાર્યરત મિલ્કત (NPA)ની શ્રેણીમાં ન હોય.

(2) વ્યાજ સબસિડી તે મહિનાઓ માટે ચૂકવવામાં આવશે જેમાં ખાતાઓ NPAની શ્રેણીમાં આવતા ન હોય. તેમાં એ મહિનાઓનો પણ સમાવેશ થશે જેમાં ખાતાઓ NPA બન્યા બાદ ફરીથી કાર્યકારી મિલ્કત બન્યા હોય.

### યોજનાનું અમલીકરણ :

- આ યોજનાનું "ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક" (Small Industries Development Bank of India-SIDBI) ના માધ્યમથી અમલીકરણ કરવામાં આવશે અને 12 મહિના સુધી યોજના અમલમાં રહેશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### Back to basics : પ્રધાનમંત્રી મુદ્રા યોજના વિશે :

- આ યોજનાની શરૂઆત એ વર્ષ 2015માં કરવામાં આવી હતી.
- યોજના અંતર્ગત સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને જામીનગીરી વિના ઋણ આપવામાં આવશે.
- યોજના અંતર્ગત 3 પ્રકારના ઋણની વ્યવસ્થા કરવામાં આવી છે.

| પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત ઋણના પ્રકાર | |
|---|---|
| ઋણનો પ્રકાર | ઋણની રકમ |
| શિશુ | રૂ. 50000 સુધી |
| કિશોર | રૂ. 50001 થી રૂ. 5 લાખ સુધી |
| તરુણ | રૂ. 500001 થી રૂ. 10 લાખ સુધી |

- યોજનાનો ઉદ્દેશ્ય માઈક્રોફાયનાન્સનો ઉપયોગ આર્થિક વિકાસ માટે કરવાનો છે.
- આ યોજના નબળા વર્ગના લોકો, નાના ઉત્પાદન એકમો, દુકાનદારો, ફળ અને શાકભાજી વેચનાર, ટ્રક અને ટેક્સી ઓપરેટર, ખાદ્ય સેવા એકમો વગેરેને આવકની પ્રાપ્તિમાં મદદ કરશે.

## AIIB દ્વારા ભારત માટે 750 મિલિયન ડોલરના ઋણની સ્વીકૃતિ

- તાજેતરમાં એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) દ્વારા ભારત માટે 750 મિલિયન ડોલરના ઋણને સ્વીકૃત કરવામાં આવેલ છે.
- આ ઋણનો ઉપયોગ ભારત સરકાર દ્વારા ગરીબ અને નબળા લોકો પર COVID-19ના પ્રભાવ વિરુદ્ધ પોતાની લડાઈ મજબૂત કરવા માટે કરવામાં આવશે.
- આ સહાયના એ એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) દ્વારા કો–ફાયનાન્સ કરવામાં આવી છે.
- આ ઉપરાંત આ રકમનો ઉપયોગ એ જરૂરીયાતમંદો માટે સુરક્ષા અને દેશની સ્વાસ્થ્ય પ્રણાલીને મજબૂત કવરા માટે કરવામાં આવશે.

### Back to Basics : એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક પરથી "AIIB વિશે"

- AIIB એ એશિયામાં સામાજિક અને આર્થિક પરિણામો સુધારવા માટેના મિશન સાથેની એક બહુપક્ષીય વિકાસ બેંક છે.
- AIIBનું વડું મથક બૈજિંગ ખાતે છે અને તેણે તેની કાર્યવાહી 2016થી શરૂ કરી હતી.
- હાલમાં બેંકના કુલ 102 માન્ય સભ્ય દેશો છે.
- AIIB અંતર્ગત એશિયાના ક્ષેત્ર સિવાય અન્ય ક્ષેત્રના દેશો પણ સભ્યો બની શકે છે.
- AIIBની કુલ મૂડી 100 બિલિયન ડોલર છે જેમાં 50 બિલિયન ડોલરનો ફાળો ચીનનો છે. બીજા નંબરે 8.4 બિલિયન ડોલરના ફાળા સાથે ભારતનો ક્રમ આવે છે.
- 26.61% વોટિંગ હિસ્સા સાથે ચીન સૌથી વધુ હિસ્સો ધરાવે છે. ત્યારબાદ 7.6% વોટિંગ હિસ્સા સાથે ભારતનો ક્રમ છે.
- બેંક અંતર્ગત કુલ મતમાં 75% હિસ્સો ક્ષેત્રીય સભ્યોનો છે.

## પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ

- તાજેતરમાં આત્મનિર્ભર ભારત અભિયાન પ્રોત્સાહન પેકેજના અનુરૂપ કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા "પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ"ની સ્થાપના માટે રૂ. 15000 કરોડની મંજૂરી આપવામાં આવી છે.
- આ રકમ એ ડેરી અને મીટ પ્રોસેસિંગ અને પશુ આહાર પ્લાન્ટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણને પ્રોત્સાહિત કરશે.

### ફંડ માટેની યોગ્યતા અને અમલીકરણ :

- આ યોજના અંતર્ગત ખેડૂત ઉત્પાદક સંગઠન, MSME ઉદ્યોગો, ખાનગી કંપનીઓ અને ઉદ્યોગોનો સમાવેશ થશે જેમણે પોતાના તરફથી 10%ની માર્જિન રકમનું યોગદાન કરવાનું રહેશે.
- બાકીની 90% રકમ એ અધિસૂચિત બેંક દ્વારા ધિરાણના રૂપમાં આપવામાં આવશે.
- સરકાર એ યોગ્ય લાભાર્થીને વ્યાજ પર 3%ની આર્થિક સહાયતા ઉપલબ્ધ કરાવશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- યોગ્ય લાભાર્થીઓએ મૂળ ધિરાણ માટે બે વર્ષની છૂટછાટના સમય સાથે ધિરાણ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને ધિરાણની પુનઃચૂકવણીનો સમય 6 વર્ષ રહેશે.

### ક્રેડિટ ગેરેંટી ફંડ :

- ભારત સરકાર દ્વારા રૂ. 750 કરોડના ક્રેડિટ ગેરેંટી ફંડની પણ સ્થાપના કરવામાં આવશે.
- તે ફંડનું સંચાલન એ નાબાર્ડ (NABARD) દ્વારા કરવામાં આવશે. ક્રેડિટ ગેરેંટી એવી સ્વીકૃત યોજનાઓ માટે આપવામાં આવશે જે MSME અંતર્ગત વ્યાખ્યાયિત થતા હોય.
- ધિરાણ લેનારની ક્રેડિટ સુવિધાની 25% સુધીની ગેરેંટી કવર કરવામાં આવશે.

## ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (Gem) પર ઉત્પાદનોના ઉત્પતિના દેશની જાણકારી

- તાજેતરમાં સરકાર દ્વારા “મેક ઈન ઈન્ડિયા” તથા “ આત્મનિર્ભર ભારત”ને પ્રોત્સાહન આપવા ગવર્નમેન્ટ ઈ–માર્કેટપ્લેસ (GeM) પર ફેરફારો કરવામાં આવ્યા છે.

### Gem પર કરવામાં આવેલા મુખ્ય પરિવર્તનો :

- વિક્રેતાઓ માટે GeM પર બધા નવા ઉત્પાદનોની નોંધણી કરતા સમયે ઉત્પતિના દેશ (Country of Origin) વિશે જાણકારી આપવી જરૂરી છે.
- જે વિક્રેતાઓએ GeM પર આ નવા ફીચર લાગુ થવા પહેલા જે ઉત્પાદનો પહેલેથી અપલોડ કરેલ છે તેમણે નિયમિત રૂપથી ઉત્પતિના દેશને અપડેટ કરવાના રહેશે.
- GeMના ઉત્પાદનોમાં સ્થાનીય સામગ્રીની ટકાવારીનો સંકેત આપવા માટેની પણ જોગવાઈ કરવામાં આવી છે.
- પોર્ટલ દ્વારા “મેક ઈન ઈન્ડિયા” ફિલ્ટર (ફક્ત તેની પ્રોડકટ શોધી શકાય તેવું ફીચર) સક્ષમ બનાવવામાં આવેલ છે. ખરીદદાર ફક્ત એવા જ ઉત્પાદનો ખરીદી શકે છે જેમાં ઓછામાં ઓછી 50% સ્થાનીય સામગ્રી હોય.

### Back to basics : ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) વિશે :

- GeM એક ઓનલાઈન માર્કેટ પ્લેટફોર્મ છે જેની શરૂઆત વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા વર્ષ 2016માં કરવામાં આવી હતી.
- આ પ્લેટફોર્મ પર સામાન્ય વસ્તુ અને સેવાઓનું ખરીદ–વેચાણ થઈ શકે છે.
- GeM એ વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયના “ડાયરેકટોરેટ જનરલ ઓફ સપ્લાય એન્ડ ડિસ્પોઝલ (DGS&D) અંતર્ગત કાર્ય કરે છે.
- મંત્રાલયો અને કેન્દ્રીય નિગમો દ્વારા GeM પર ઉપલબ્ધ વસ્તુ અને સેવાની ખરીદી કરવી ફરજિયાત છે.
- GeM સંપૂર્ણ રીતે પેપરલેસ, કેશલેશ ઈ–માર્કેટપ્લેસ છે અને માનવીઓનો હસ્તક્ષેપ સૌથી ઓછો હોય છે.

### GeM અંતર્ગત સુવિધાઓ :

- વ્યકિતએ હેતુ સામાન્ય ઉપયોગની વસ્તુઓ/સેવાઓની નિર્ધારિત શ્રેણીઓના ઉત્પાદનોની સૂચિ.
- ઉચિત મૂલ્ય નિર્ધારણના આધાર પર જોવા, આકરણી કરવા, સરખામણી કરવા તથા ખરીદવાની સુવિધા.
- આવશ્યક વસ્તુઓ હોવા પર ઓનલાઈન ખરીદી.
- વિક્રેતા રેટિંગ પ્રણાલીની પણ ઉપલબ્ધતા.

## સ્ટીલ ઉત્પાદનો પર એન્ટી ડમ્પિંગ ડયૂટી

- તાજેતરમાં ભારતે ચીન, વિયેતનામ અને દક્ષિણ કોરિયાથી અમુક પ્રકારના વિશિષ્ટ સ્ટીલ ઉત્પાદનોની આયાત પર એન્ટી ડમ્પિંગ ડયૂટી લગાવવાની ઘોષણા કરી છે.
- આયાત પર લગાવવામાં આવતી આ ડયૂટી એ 13.07 ડોલર પ્રતિ ટનથી લઈને 173.1 ડોલર પ્રતિ ટન હોય શકે છે.
- ચીન, વિયેતનામ અને દક્ષિણ કોરિયા પર લગાવવામાં આવેલ આ ડયૂટી 5 વર્ષ માટે અસરકારક રહેશે.

### એન્ટી-ડમ્પિંગ ડયૂટી લગાવવાનું કારણ :

- એન્ટી–ડમ્પિંગ ડયૂટી લગાવવાનું મુખ્ય કારણ એ છે

કે આ દેશો દ્વારા પોતાના ઉત્પાદન મૂલ્ય કરતા પણ ઓછી કિંમતે નિકાસ અન્ય દેશોમાં કરવામાં આવે છે જેથી ભારતના સ્થાનીય બજારને નુકસાની થાય છે.

### સરકારના નિર્ણયથી થતો લાભ :

- ચીન, વિયેતનામ અને દક્ષિણ કોરિયા જેવા દેશોથી થતી સસ્તી આયાતથી કેશના ઉત્પાદકોની રક્ષા થઈ શકશે.
- નિર્ણયનો ઉદ્દેશ્ય નિષ્પક્ષ વ્યાપાર પ્રથાઓને સુનિશ્ચિત કરવા અને વિદેશી ઉત્પાદકો તથા નિકાસકારો સક્ષમ ઘરેલુ ઉત્પાદકોને એક સમાન અવસર પ્રદાન કરે છે.

### Back to basics : એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટી વિશે :

- આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં એવા કિસ્સાઓ જોવામાં આવ્યા છે જયારે એક દેશ દ્વારા અન્ય દેશમાં સસ્તી કિંમતે વસ્તુઓનું ડમ્પિંગ એક દેશ દ્વારા અન્ય દેશમાં સસ્તી કિંમતે વસ્તુઓનું ડમ્પિંગ કરવામાં આવતું હોય.
- આવુ ડમ્પિંગ મુખ્યત્વે ઉત્પાદન કિંમત કરતા પણ નીચા ભાવે કરવામાં આવતું હોય છે જેથી આયાત કરતા દેશના ઉત્પાદનોની સ્થાનિક કિંમતો પર અસર થતી હોય છે.
- વૈશ્વિક વ્યાપાર માપદંડો અનુસાર એક દેશ પોતાના ઘરેલુ ઉત્પાદકોની રક્ષા કરવા અને તેમને એક સમાન અવસર આપવા આ પ્રકારના ડમ્પિંગ પર ડ્યૂટી લગાવવાની છૂટ છે.
- વિશ્વ વ્યાપાર સંગઠનની સ્વીકૃતિથી, જનરલ એગ્રીમેન્ટ ઓન ટેરિફ એન્ડ ટ્રેડના અનુચ્છેદ VI અનુસાર દેશોને ડમ્પિંગ વિરુદ્ધ પગલા લેવાની છૂટ છે.
- આમ આયાત કરતો દેશ એ નિકાસ થતી વસ્તુઓ જે અન્ય દેશ દ્વારા ઓછા ભાવે ડમ્પિંગ કરવામાં આવે છે તેના પર ડ્યૂટી લગાવી જે ઉત્પાદનની કિંમતમાં અંતર હોય છે તે સમાન કરવાનો પ્રયત્ન કરે છે.

## તુરંત કસ્ટમ્સ કાર્યક્રમ

- તાજેતરમાં કેન્દ્રીય અપ્રત્યક્ષ કર અને સીમા શૂલ્ક બોર્ડ (Central Board of Indirect Taxes and Customs-CBIC) દ્વારા તુરંત કસ્ટમ્સ કાર્યક્રમ અંતર્ગત પેપેરલેસ એકસપોર્ટની (પેપરલેસ નિકાસ)ની સુવિધા આપવામાં આવી છે.

### તુરંત કસ્ટમ્સ કાર્યક્રમની અન્ય માહિતી :

- તેના અંતર્ગત CBIC દ્વારા એક સુરક્ષિત QR કોડ આધારિત શિપિંગ બિલની શરૂઆત કરવામાં આવી છે.
- તેને સીમા શૂલ્ક વિભાગ દ્વારા નિકાસની મંજૂરી આપ્યા બાદ નિકાસકારોને ઈલેકટ્રોનિક રૂપથી મોકલવામાં આવશે.
- તેનાથી નિકાસના પ્રમાણ માટે નિકાસકારોને સીમા શૂલ્ક અધિકારીઓને સંપર્ક કરવાની જરૂરીયાત સમાપ્ત થઈ જશે.
- તુરંત કસ્ટમ્સના માધ્યમથી શિપિંગ બિલને જમા કરવાથી લઈને નિકાસ મંજૂરીના અંતિમ આદેશ સુધી સીમા શૂલ્ક નિકાસ પ્રક્રિયા સંપૂર્ણ રીતે ઓનલાઈન આધારિત રહેશે.
- આ પેપરલેસ એકસપોર્ટ પહેલ એ CBIC દ્વારા પોતાના "તુરંત કસ્ટમ્સ" કાર્યક્રમ અંતર્ગત ફેસલેસ, પેપરલેસ અને કોન્ટેકટલેસ કસ્ટમ્સની તરફ મહત્ત્વપૂર્ણ પગલું છે.
- તુરંત કસ્ટમ્સનું મુખ્ય ઘટક "ફેસલેસ એસેસમેન્ટ" છે જે વિભિન્ન ચરણોમાં 1 જાન્યુઆરી 2021 સુધી સંપૂર્ણ દેશમાં લાગુ કરવામાં આવશે.

## MSME વર્ગીકરણ અને નોંધણી હેતુ એકીકૃત અધિસૂચના

- તાજેતરમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય દ્વારા 1 જુલાઈ, 2020થી પ્રભાવી થતા "MSME વર્ગીકરણ અને નોંધણી હેતુ એકીકૃત અધિસૂચના" જાહેર કરવામાં આવેલ છે.
- આ અધિસૂચના MSMEના વર્ગીકરણ અથવા નોંધણીના સંબંધમાં પહેલા જાહેર કરવામાં આવેલ અધિસૂચનાનું સ્થાન લેશે.

### અધિસૂચનાની મુખ્ય બાબતો :

1) અધિસૂચના અનુસાર હવેથી MSMEને એક ઉદ્યોગના નામથી ઓળખવામાં આવશે કારણ કે તે એન્ટરપ્રાઈઝ શબ્દથી વધુ નજીક છે. તેના પરિણામે નોંધણીની પ્રક્રિયાને ઉદ્યમ નોંધણીથી ઓળખવામાં આવશે.

2) ઉદ્યમ નોંધણી સ્વ–ઘોષણાના આધાર પર ઓનલાઈન કરાવી શકાય છે. તેના માટે કોઈ દસ્તાવેજ, કાગળો કે પ્રમાણ પત્ર અપલોડ કરવાની આવશ્યકતા નથી.

3) કોઈપણ ઉદ્યમ ભલે સુક્ષ્મ, લઘુ અથવા મધ્યમ હોય, તેના કારોબારની ગણના કરતા સમયે વસ્તુઓ અને સેવાઓ બંનેને નિકાસથી બહાર રાખવામાં આવશે.

4) મંત્રાલય દ્વારા દેશભરમાં ચેમ્પિયન્સ કંટ્રોલ રૂમને પહેલ અંતર્ગત નોંધણી અને ત્યારબાદ પણ ઉદ્યમીઓને સુવિધા આપવા કાનૂની રૂપથી જવાબદેહ બનાવવામાં આવેલ છે.

## સાંસ્કૃતિક સદભાવ મંડપ

➢ 29 જૂન, 2020ના રોજ કેન્દ્રીય અલ્પસંખ્યક કાર્ય મંત્રી દ્વારા ઉત્તરપ્રદેશના રામપુરમાં બહુઉદ્દેશી “સાંસ્કૃતિક સદભાવ મંડપ”નો શિલાન્યાસ કર્યો હતો.

➢ સાંસ્કૃતિક સદભાવ મંડપ “પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ” અંતર્ગત રૂ. 92 કરોડના ખર્ચથી બનાવવામાં આવેલ છે.

➢ આ “સાંસ્કૃતિક સદભાવ મંડપ”માં કૌશલ વિકાસ માટે ટ્રેનિંગ વિભિન્ન આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, કોચિંગ, COVID-19 જેવી આપદામાં લોકોને રાહત આપવાની વ્યવસ્થા અને ખેલ–કૂદની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

## Back to basics : પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ વિશે

➢ અલ્પસંખ્યક સમુદાયોના શૈક્ષણિક સશક્તિકરણ અને રોજગાર કેન્દ્રીત કૌશલ્ય વિકાસને ધ્યાનમાં રાખતા કેન્દ્ર સરકારે બહુ–ક્ષેત્રીય વિકાસ કાર્યક્રમનું નામ બદલી પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમના રૂપમાં તેનું પુનર્ગઠન કર્યું છે.

■ **ઉદ્દેશ્ય :**

➢ આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય અલ્પસંખ્યક સમુદાયને સામાજિક–આર્થિક વિકાસ માટે સ્કૂલ, કોલેજ, પોલિટેકનિકસ, વિદ્યાર્થીનીઓ માટે છાત્રાવાસ, ITI, કૌશલ વિકાસ કેન્દ્ર જેવી માળખાગત સુવિધાઓનો વિકાસ કરવાનો છે.

➢ આ કાર્યક્રમ અંતર્ગત 80% સંસાધનોને શિક્ષા, સ્વાસ્થ્ય અને કૌશલ વિકાસ સંબંધિત પરિયોજનાઓ માટે રાખવામાં આવેલ છે. તેના અંતર્ગત 33-40% સંસાધન વિશેષ રીતે મહિલા કેન્દ્રિત યોજનાઓ માટે ફાળવવામાં આવેલ છે.






# 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ

## રશિયા-ભારત-ચીન સમૂહ

- ભારત દ્વારા 23 જૂનના રોજ "રશિયા–ભારત–ચીન" (RIC) સમૂહની વર્ચ્યુઅલ બેઠકમાં ભાગ લીધો હતો.

### RIC એ શું છે ?

- RICની કલ્પના એ વર્ષ 1998માં રશિયાના વિદેશમંત્રી યેવગેની પ્રિમકોવ દ્વારા કરવામાં આવી હતી.
- આ સમૂહની સ્થાપનાનો ઉદ્દેશ્ય અમેરિકા દ્વારા નિર્દેશિત વિદેશ નીતિને સમાપ્ત કરવાનો હતો, તથા ભારત સાથે જૂના સંબંધોમાં નવીનીકરણ લાવવું તથા ચીન સાથે મિત્રતાને પ્રોત્સાહન આપવાનો હતો.

### RIC સમૂહનું મહત્ત્વ

- RIC દેશો સંયુક્ત રીતે વૈશ્વિક ક્ષેત્રફળમાં 19%થી વધુ ભાગ ધરાવે છે તથા સંયુક્ત રીતે GDPમાં 33%થી વધુ યોગદાન આપે છે.
- RIC સમૂહના ત્રણેય દેશો પરમાણુ શસ્ત્રો ધરાવે છે અને રશિયા અને ચીન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સ્થાયી સદસ્યો છે જ્યારે ભારત અસ્થાયી સદસ્ય છે અને સ્થાયી સદસ્યતા માટે પ્રયાસ કરી રહયું છે.
- RIC દેશો નવી વૈશ્વિક અર્થિક સંરચનાના નિર્માણમાં યોગદાન આપવા માટે સક્ષમ છે. આ સમૂહ આપદા રાહત અને માનવીય સહાયતા માટે સાથે કામ કરી શકે છે.
- ત્રણેય દેશો આંતરરાષ્ટ્રીય તથા ક્ષેત્રીય શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા બધા સ્તરો પર નિયમિત રૂપથી વાર્તાનું સમર્થન કરે છે.

### ભારત માટે RICનું મહત્ત્વ

- QUAD (ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા) તથા JAI (જાપાન–અમેરિકા–ભારત) જેવા સમૂહો ભારતને ફક્ત એક સમુદ્રી શકિત હોવા સુધી સીમિત કરે છે જ્યારે RIC સમૂહ ભારતને મહાસાગરીય શકિત સાથે મહાદ્વીપીય શકિત બનાવવા મદદરૂપ થશે.
- ભારત RIC સમૂહ અંતર્ગત ભૌગોલિક રીતે અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને હિંદ મહાસાગરનું આર્થિક મહત્ત્વ પણ વધુ છે.
- RIC સમૂહ એ શાંઘાઈ સહયોગ સંગઠનના આધારનું નિર્માણ કરે છે.

## મની લોન્ડ્રિંગ અને આંતકી ધિરાણ સામે પ્રતિકાર માટે યુરેશિયન સમૂહ

- તાજેતરમાં નાણાકીય કાર્યવાહી કાર્ય બળ (Fnancial Action Task Force-FATF)ના નેતૃત્વ અંતર્ગત આયોજિત થયેલ "મની લોન્ડ્રિંગ અને આંતકી ધિરાણ સામે પ્રતિકાર માટે યુરેશિયન સમૂહની 32મી બેઠકમાં ભારતે ભાગ લીધો હતો.

### મની લોન્ડ્રિંગ અને આતંકી ધિરાણ સામે પ્રતિકાર માટે યુરેશિયન સમૂહ (Eurasian Group on Combating Money Loundering and Financing of Terrorism-EAG) વિશે

- EAG એક ક્ષેત્રીય એકમ છે જેમાં 9 દેશો સામેલ કરવામાં આવ્યા છે.
- આ 9 દેશોમાં ભારત, રશિયા, ચીન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તજાકિસ્તાન, તુર્કેમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન અને બેલારુસનો સમાવેશ થાય છે.
- EAGની સ્થાપના વર્ષ 2004માં કરવામાં આવી હતી તથા તે FATFનું એક સહયોગી સદસ્ય છે. તેની સ્થાપના પણ ઓકટોબર, 2004મા મોસ્કોમાં આયોજિત યુરોપ તથા એશિયાના 6 દેશોના એક સંમેલનમાં કરવામાં આવી હતી.
- EAGના સંસ્થાપક સદસ્ય દેશો બેલારુસ, કઝાકિસ્તાન, ચીન, કિર્ગીસ્તાન, રશિયા અને તજાકિસ્તાન છે. વર્ષ 2005માં ઉઝબેકિસ્તાન અને વર્ષ 2010માં તુર્કેમેનિસ્તાન અને ભારતનો EAGમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➢ EAG કરાર ૫ર જૂન, 2011માં મોસ્કોમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા જેમાં EAGને એક ક્ષેત્રીય આંતર સરકારી સંગઠનનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

### EAGના પ્રમુખ કાર્યો

➢ સદસ્ય દેશોને આતંકી ધિરાણ રોકવા માટે FATFની વિશેષ ભલામણો તથા મની લોન્ડ્રિંગ હેતું FATF દ્વારા કરવામાં આવેલી 40 ભલામણો લાગુ કરવામાં સહાયતા કરવી.

➢ મની લોન્ડ્રિંગ તથા આતંકી ધિરાણની સહાયતા રોકવાના ઉદ્દેશ્યથી સંયુકત યોજનાઓની રચના તથા સંચાલન કરવું.

➢ FATFની ભલામણોના આધાર પર સદસ્ય દેશો દ્વારા જાહેર કાર્યક્રમોનું પારસ્પરિક મૂલ્યાંકન કરવું.

➢ વિશેષ આંતરરાષ્ટ્રીય સંગઠનો, એકમો અને અન્ય ઈચ્છુક દેશો સાથે આંતરરાષ્ટ્રીય સહયોગ અને તકનિકી સહાયતા કાર્યક્રમોનો સમન્વય કરવો.

➢ મની લોન્ડ્રિંગ અને આતંકવાદી નાણાકીય પ્રવૃત્તિઓનું વિશ્લેષણ કરવું.

### નાણાકીય કાર્યવાહી કાર્ય બળ (FATF) વિશે

➢ FATFની સ્થાપના વર્ષ 1989માં એક આંતર–સરકારી સંગઠનના રૂપમાં કરવામાં આવી હતી.

➢ FATFનો ઉદ્દેશ્ય મની લોન્ડ્રિંગ, આતંકવાદી નાણાકીય સહાય જેવા જોખમોનો સામનો કરવા અને આંતરરાષ્ટ્રીય નાણાકીય પ્રણાલીની અખંડતા માટે અન્ય કાયદાકીય, નિયમનકારી અને સંચાલનના ઉપાયોના પ્રભાવી અમલીકરણને પ્રોત્સાહન આપવાનો છે.

➢ કોઈપણ દેશનો જો FATFના “ગ્રેલિસ્ટ”માં સમાવેશ કરવામાં આવે તો તેનો અર્થ થાય છે કે તે દેશ આતંકવાદી ફન્ડિંગ અને મની લોન્ડ્રિંગ પર અંકુશ લગાવવામાં નિષ્ફળ રહેલ છે.

➢ કોઈપણ દેશનો જો FATFના “બ્લેક લિસ્ટ”માં સમાવેશ કરવામાં આવે તો તેનો અર્થ થાય છે કે દેશને આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ દ્વારા નાણાકીય સહાયતા મળી બંધ થઈ જશે.

➢ વર્તમાનમાં FATFના 39 સદસ્યો છે. ભારત વર્ષ 2010થી તેનું સદસ્ય છે.

## વૈશ્વિક શરણાર્થીઓ

➢ United Nations High Commissioner for Refugees-UNHCRના એક રિપોર્ટ અનુસાર વર્ષ 2019ના અંત સુધી લગભગ 79.5 મિલિયન લોકો વિભિન્ન કારણોથી વિસ્થાપિત થયા છે. જે વૈશ્વિક આબાદીના લગભગ 1% છે.

➢ વિસ્થાપિત થયેલા લોકોમાં મોટા ભાગના બાળકો છે.

### UNHCRના રિપોર્ટની મુખ્ય બાબતો :

➢ રિપોર્ટ અનુસાર 79.5 મિલિયનમાંથી 26 મિલિયન ક્રોસ બોર્ડર શરણાર્થી હતા. 45.7 મિલિયન લોકો આંતરિક રૂપથી વિસ્થાપિત હતા. 4.2 મિલિયન લોકો આશ્રય (Asylum) માંગતા લોક હતા અને 3.6 મિલિયન વેનેઝુએલાથી અન્ય દેશોમાં જતાં વિસ્થાપિત લોકો હતા.

➢ વિસ્થાપિત થવાના મુખ્ય કારણો ઉત્પીડન, સંઘર્ષ, હિંસા અને માનવાધિકારોનું ઉલ્લંઘન છે.

➢ UNHCRના રિપોર્ટ અનુસાર વર્ષ 2019માં દરેક 97 લોકોમાંથી 1 વ્યકિત બળજબરીથી વિસ્થાપનથી પ્રભાવિત થયેલ છે. જ્યારે વર્ષ 2010માં દરેક 159માંથી 1 વ્યકિત જ્યારે વર્ષ 2005માં દરેક 174માંથી 1 વ્યકિત બળજબરીથી થતાં વિસ્થાપનથી પ્રભાવિત થયેલ હતી.

➢ વર્ષ 2019ના અંત સુધીમાં સીમા પાર વિસ્થાપિત થતા 10માંથી 8 લોકો ફક્ત 10 દેશોમાંથી જ હતા અને આ 10 દેશોમાંથી 4 દેશો આફ્રિકાના છે.

➢ વર્ષ 2014થી સીરિયા શરણાર્થીઓની ઉત્પત્તિ માટે એક પ્રમુખ દેશ રહ્યો છે. વર્ષ 2019ના અંતમાં દુનિયાભરમાં 126 દેશોમાં કુલ 6.6 મિલિયન સીરિયાના શરણાર્થી છે.

## પાકિસ્તાન દ્વારા વિયેના કન્વેશનનું ઉલ્લંઘન અને દૂતાવાસોમાં સ્ટાફમાં ઘટાડાનો ભારતનો નિર્ણય

➢ 23 જૂન, 2020ના રોજ વિદેશ મંત્રાલયે ઈસ્લામાબાદમાં ભારતીય ઉચ્ચાયોગમાં કર્મચારીઓની સંખ્યાને 50% ઓછી કરવાનો નિર્ણય લીધો છે, અને નવી દિલ્હીમાં પાકિસ્તાની

ઉચ્ચાયોગને પોતાના સ્ટાફમાં 50% ઘટાડો કરવા જણાવ્યું છે.

### નિર્ણયનું મુખ્ય કારણ :

- ભારતીય ઉચ્ચાયોગ (High Commission of India) ના 2 કર્મચારીઓનું ઈસ્લાબાદમાં અપહરણ કરવામાં આવ્યું હતુ અને પાકિસ્તાની અધિકારીઓ દ્વારા તેમની સાથે ખરાબ વ્યવહાર કરવામાં આવ્યો હતો. આ બે કર્મચારીઓ 22 જૂનના રોજ ભારત પાછા ફર્યા હતા.
- બે પાકિસ્તાની ઉચ્ચાયોગના કર્મચારીઓ 31 મે, 2020ના રોજ જાસૂસી કરતા પડકવામાં આવ્યા હતા. પાકિસ્તાન ઉચ્ચાયોગના આ બંને કર્મચારીઓ આતંકવાદી સંગઠનો સાથે કામ કરી રહયા હતા. તેમને તરત જ કામ પરથી કાઢી મૂકવામાં આવ્યા હતા અને પાકિસ્તાન પાછુ ફરવાનું જણાવવામાં આવ્યું હતું.
- પાકિસ્તાનની એજન્સીઓ દ્વારા બે ભારતીય ઉચ્ચાયોગના કર્મચારીઓ સાથેનો આવો વ્યવહાર એ વિયેના કન્વેન્શનનું ઉલ્લંઘન છે અને બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય કરારોનું પણ ઉલ્લંઘન છે.

### Back to basics : વિયેના કન્વેન્શન વિશે :

- સ્વતંત્ર અને સાર્વભૌમત્વ દેશો વચ્ચેના રાજનયિક (Diplomat) સંબંધોના વિષય પર સૌપ્રથમ વર્ષ 1961માં વિયેના કન્વેન્શન યોજવામાં આવ્યું હતું.
- આ કન્વેન્શન અંતર્ગત આંતરરાષ્ટ્રીય સંધિની જોગવાઈ કરવામાં આવેલ છે જેમાં રાજનયિકો (Diplomats)ને વિશેષ અધિકારો આપવામાં આવેલ છે. આ જ આધાર પર રાજનયિકોની સુરક્ષા માટે આંતરરાષ્ટ્રીય કાયદાની જોગવાઈ કરવામાં આવી છે.
- આ સંધિ અંતર્ગત કોઈપણ યજમાન દેશ પોતાને ત્યાં રહેતા બીજા દેશોના રાજનયિકોને ખાસ દરજ્જો આપે છે.
- આ સંધિનું પ્રારૂપ આંતરરાષ્ટ્રીય કાયદા પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને વર્ષ 1964માં આ સંધિ લાગુ થઈ હતી.
- આ સંધિમાં કુલ 54 અનુચ્છેદો છે.
- સંધિ અંતર્ગતની મુખ્ય જોગવાઈઓ અનુસાર કોઈપણ દેશ બીજા દેશના રાજનયિકોની કોઈપણ કાયદાકીય બાબતે ધરપકડ કરી શકે નહી. આ સાથે જ રાજનયિક પર યજમાન દેશમાં કોઈપણ રીતનો કસ્ટમ ટેકસ લગાવી શકે નહી.
- આ સંધિના અનુચ્છેદ 31 મુજબ યજમાન દેશ કોઈ દૂતાવાસમાં ઘુસી શકે નહી તથા દૂતાવાસની સુરક્ષાની પણ જવાબદારી ઉઠાવશે.
- સંધિના અનુચ્છેદ 36 મુજબ જો કોઈ વિદેશી નાગરિકને કોઈ દેશ પોતાની સીમાની અંદર ધરપકડ કરે તો સંબંધિત દેશના દૂતાવાસને તુરંત સૂચના આપવાની રહેશે.

## શસ્ત્ર વ્યાપાર સંધિ

- તાજેતરમાં ચીન દ્વારા બહુપક્ષીય શસ્ત્ર વ્યાપાર સંધિમાં શામેલ થવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
- ચીન હવે એક જવાબદાર દેશના રૂપમાં વૈશ્વિક મંચ પર પોતાને પ્રદર્શિત કરવાનો પ્રયાસ કરી રહયું છે. જો કે હાલમાં ચીને હોંગકોંગની સ્વાયતત્તા પર અંકુશ લગાવવાનો પ્રયત્ન કર્યો હતો.
- આ ઉપરાંત ચીનનો દક્ષિણ ચીન સાગરમાં પૂર્ણ સાર્વભૌમત્ત્વનું શાસન કરવાનો પ્રયાસ કરી રહયું છે અને ભારત સાથે પણ તેનો સીમા સંઘર્ષ વધી રહયો છે.

### Back to basics : શસ્ત્ર વ્યાપાર સંધિ વિશે :

- આ સંધિ અંતર્ગત વૈશ્વિક માપદંડો અનુસાર પારંપરિક હથિયારોના આંતરરાષ્ટ્રીય વેચાણ અને હસ્તાંતરણનું નિયમન કરવામાં આવે છે.
- આ સંધિને સંયુકત રાષ્ટ્ર મહાસભા દ્વારા 2 એપ્રિલ, 2013ના રોજ અપનાવવામાં આવી હતી. 24 ડિસેમ્બર, 2014ના રોજ આ સંધિ લાગુ થઈ હતી.
- આ સંધિની શરૂઆત આંતરરાષ્ટ્રીય અને ક્ષેત્રીય શાંતિ બનાવી રાખવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી હતી. સંધિનો ઉદ્દેશ્ય એ દેશોની વચ્ચે પારદર્શિતા અને સહયોગને વધારવાનો છે.
- આજ સુધી 130 દેશોએ આ સંધિની પુષ્ટિ કરી છે. ભારતે હજી સુધી આ સંધિ પર હસ્તાક્ષર કરેલ નથી.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ભારત-ચીન સીમા વિવાદ : પેગોંગ સોનું મહત્ત્વ

- ભારત–ચીન વચ્ચે સૈન્ય સ્તરની ચર્ચા દરમિયાન પેગોંગ સો સરોવર ક્ષેત્રમાં ચીનની સેનામાં વધારો થયો હતો.

### પગોંગ સો (Pangong Tso) ક્ષેત્રમાં વિવાદનું કારણ :

- પગોંગ સો સરોવરની લંબાઈ 135 કિમી છે. તેનો ઉત્તરનો ભાગ એ હથેળીના આકારનો છે અને અલગ અલગ ક્ષેત્રો નક્કી કરાયા છે જે "ફિંગર" તરીકે ઓળખાય છે અને તેનું સીમાંકન કરવામાં આવે છે.
- ફિંગર ક્ષેત્ર સાથે વાસ્તવિક નિયંત્રણ રેખા (Line of Actual Control0-LAC)નો વિવાદ જોડાયેલો છે.
- LAC ભારત–ચીન વચ્ચે વર્તમાનની સીમા રેખા છે જે પેગોંગ સો સરોવરના મધ્યથી પસાર થાય છે, પરંતુ ભારત અને ચીન તેની ચોક્કસ સ્થિતિના વિષયમાં સહમત થતા નથી.
- બંને દેશોએ આ ક્ષેત્રમાં પોતાના હિસ્સાઓને ચિન્હિત કર્યા છે. સરોવરનો 45 કિમી લાંબો પશ્ચિમનો ભાગ ભારતના નિયંત્રણમાં છે અને બાકીનો ભાગ ચીનના નિયંત્રણમાં છે.
- ભારતનો દાવો છે કે LACની સીમા ફિંગર 8 સુધી છે પરંતુ ભારતીય સેનાનું નિયંત્રણ ફિંગર 4 સુધી જ છે.

### પેગોંગ સો ક્ષેત્રમાં નિયંત્રણ :

- ભારત–ચીન વચ્ચે LACના લીધે મતભેદ છે, તથા અહીં 8 ફિંગર્સ વિવાદિત છે.
- ભારત અનુસાર LAC ફિંગર ૮થી પસાર થાય છે અને ત્યાંજ ચીનની અંતિમ સૈન્ય ચોકી છે.
- બીજા પક્ષ પર ચીનનો દાવો છે કે LAC ફિંગર 2 થી પસાર થાય છે.
- હાલમાં ભારતનું નિયંત્રણ ફિંગર 4 સુધી જ છે. ચીનની સેનાના હલકા વાહનો ફિંગર 4 સુધી અને કોઈ વખત ફિંગર 2 સુધી આવી ઘુસે છે.

### પેગોંગ સો ક્ષેત્રમાં ચીનના અતિક્રમણનું કારણ :

- આ સરોવર વ્યુહાત્મક રૂપથી મહત્ત્વપૂર્ણ ચૂશૂલ ઘાટીની નજીક છે. વર્ષ 1962ના યુદ્ધ દરમિયાન ચીને ચૂશૂલ ઘાટીથી પોતાનું આક્રમણ શરૂ કર્યું હતું.
- ચૂશૂલ ઘાટી સુધીનો માર્ગ પેગોંગ સો સરોવરથી થઈને પસાર થાય છે. તે એક મુખ્ય માર્ગ છે જેનો ચીન એ ભારતના કબજાવાળા ક્ષેત્ર માટે ઉપયોગ કરે છે.
- ચીન ઈચ્છતું નથી કે ભારત LAC પાસે કયાંય પણ પોતાના આંતરમાળખાનું નિર્માણ ન કરે. ચીનને એ વાતનો ડર છે કે તેનાથી અકસાઈ ચીન અને લ્હાસા–કાશગર માર્ગ પર તેના અધિકાર માટે સંકટ હોય શકે છે.

### Back to basics : પેગોંગ સો સરોવર

- પેગોંગ સો સરોવર એ 14000 ફૂટની ઊંચાઈ પર સ્થિત એ લેન્ડ લોક સરોવર છે જેની લંબાઈ લગભગ 135 કિમી છે.
- તે એક ખારા પાણીનું સરોવર છે.

## ભારત સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં અસ્થાયી સભ્ય તરીકે ચૂંટાયું

- ભારત એ તાજેતરમાં આયરલેન્ડ, મેકિસકો અને નોર્વેની સાથે સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં અસ્થાયી સભ્યના રૂપમાં વર્ષ 2021-22 માટે ચૂંટવામાં આવ્યું હતું.
- ભારતનો કાર્યકાળ એ જાન્યુઆરી 2021થી શરૂ થશે.
- પ્રત્યેક વર્ષે સંયુકત રાષ્ટ્ર મહાસભા એ 5 અસ્થાયી સભ્યોની ચૂંટણી કરે છે.
- હાલમાં થયેલી ચૂંટણીમાં ભારતને 192 મતોમાંથી 184 મતો પ્રાપ્ત થયા હતા.
- આ પહેલા ભારત 7 વખત કાર્યકાળ માટે અસ્થાયી સભ્યના રૂપમાં ચૂંટાયું હતું.

### Back to basic : સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (United Nations Security Council-UNSC) વિશે

- UNSC એ સંયુકત રાષ્ટ્રના 6 મુખ્ય અંગોમાંથી એક છે જેનું ગઠન દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન 1945માં થયું હતું.

- મૂળ રૂપથી UNSCમાં 11 સભ્યો હતા જેને 1965માં વધારીને 15 કરી દેવામાં આવી હતી.
- સુરક્ષા પરિષદમાં 5 સ્થાયી સદસ્યો છે. જેમાં અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, રશિયા અને ચીનનો સમાવેશ થાય છે.
- સ્થાયી સદસ્યો પાસે વીટોનો અધિકાર હોય છે.
- UNSC અંતર્ગત સ્થાયી સભ્યો ઉપરાંત 10 અન્ય દેશોને 2 વર્ષ માટે અસ્થાયી રૂપથી સુરક્ષા પરિષદમાં શામેલ કરવામાં આવે છે.
- સ્થાયી અને અસ્થાયી સદસ્યો એક પછી એક 1 મહિના માટે પરિષદના અધ્યક્ષ બને છે.
- અસ્થાયી સદસ્યતા માટે સંયુકત રાષ્ટ્રના સભ્ય દેશો દ્વારા ચૂંટણી કરવામાં આવે છે. તેના અંતર્ગત 5 સભ્યો એશિયા અને આફ્રિકી દેશોમાંથી, 2 સભ્યો દક્ષિણ અમેરિકા દેશોથી, 1 સભ્ય પૂર્વ યુરોપથી અને 2 સભ્યો પશ્ચિમી યુરોપ કે અન્ય ક્ષેત્રોમાંથી ચૂંટવામાં આવે છે.

### UNSCની ભૂમિકા અને સત્તાઓ :

- તે સંયુકત રાષ્ટ્રની સૌથી શકિતશાળી સંસ્થા છે જેની પ્રાથમિક જવાબદારી એ શાંતિ અને સુરક્ષાને બનાવી રાખવાની છે.
- તેની સત્તાઓમાં શાંતિ અભિયાનોમાં યોગદાન, આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો લાગુ કરવા તથા સુરક્ષા પરિષદના પ્રસ્તાવોના માધ્યમથી સૈન્ય કાર્યોનો સમાવેશ થાય છે.
- સંયુકત રાષ્ટ્ર ચાર્ટર અંતર્ગત બધા સભ્ય દેશો સુરક્ષા પરિષદના નિર્ણયોનું પાલન કરવા બંધાયેલા છે.
- હાલમાં UNSCના 5 સ્થાયી સભ્યો પાસે વીટો શકિત છે જેનો અર્થ થાય છે. ‘‘હુ મંજૂરી નથી આપતો’’

### UNSCમાં સુધારાની જરૂરીયાત અને ભારતની સ્થાયી સદસ્યતા માટે માંગ સુધારાની

- UNSC 1945ના સમયમાં રાજકીય ધોરણે બનાવવામાં આવી હતી. હાલમાં ભૌગોલિક – રાજનીતિ દ્વિતીય વિશ્વ યુદ્ધથી ઘણી રીતે અલગ છે.
- પરિષદના 5 સ્થાયી સદસ્યોને 7 દાયકાઓ પહેલા યુદ્ધ જીતવાના આધાર પર કોઈપણ પરિષદના પ્રસ્તાવ કે નિર્ણય પર વીટોનો વિશેષાધિકાર પ્રાપ્ત છે.
- સંયુકત રાષ્ટ્રના ગઠન વખતે 113 દેશો તેના સભ્યો હતા. હાલમાં તે સંખ્યા વધીને 193 થઈ છે છતાં UNSCમાં કોઈ વિસ્તાર કરવામાં આવ્યો નથી.
- ભારત, બ્રાઝિલ, જર્મની અને જાપાન (G4 દેશો) UNSCમાં સ્થાયી સદસ્યતા માટે માંગ કરી રહયા છે.
- પરિષદની વર્તમાન સંરચના ઓછામાં ઓછાં 50 વર્ષ પહેલા સત્તા સંતુલનની વ્યવસ્થા પર બળ આપે છે : ઉદાહરણ તરીકે યુરોપ કે જયાં દુનિયાની કુલ વસ્તીની 5% જનસંખ્યા નિવાસ કરે છે તેનું પરિષદમાં સ્થાયી સદસ્યના રૂપમાં સૌથી વધુ પ્રતિનિધિત્વ (બ્રિટન, ફ્રાંસ અને રશિયા)
- સંયુકત રાષ્ટ્રના શાંતિ અભિયાનોમાં ભારતે સૌથી વધારે ભૂમિકા નિભાવી છે છતાં ભારતને સ્થાયી સદસ્યતા પ્રાપ્ત થઈ નથી.

### UNSCમાં સુધાર સંબંધિત અવરોધો :

- 5 સ્થાયી સદસ્ય દેશો પોતાની વીટો શકિત છોડવા માટે તૈયાર નથી અને તેઓ પોતાનો આ અધિકાર અન્ય દેશને આપવા પર સહમત નથી.
- USA અને ચીન એ સુરક્ષા પરિષદમાં કોઈપણ પ્રકારના બદલાવની વિરુદ્ધમાં છે.
- UNSCની સંરચનામાં કોઈપણ પ્રકારના બદલાવ માટે સંયુકત રાષ્ટ્ર ચાર્ટરમાં સુધારાની જરૂરીયાત રહેશે જેને સંયુકત રાષ્ટ્ર મહાસભા દ્વારા 2/3 બહુમતથી સમર્થન આપવુ જરૂરી છે. આ ઉપરાંત UNSCના સ્થાયી સદસ્યોની સહમતિની પણ જરૂરીયાત રહેશે.

## અમેરિકાના રાષ્ટ્રપતિ દ્વારા H-1B વીઝા પર પ્રતિબંધ

- તાજેતરમાં USA દ્વારા વર્ષ 2020ના અંત સુધી ગ્રીન કાર્ડ અને બિન–પ્રવાસી કાર્ય વીઝા પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો છે.
- આ પ્રતિબંધને તત્કાલ રૂપથી પ્રભાવી બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત બધા નવા H-1B, H-2B, J અને L વીઝાની શ્રેણીઓની પ્રક્રિયા પર નિલંબન કરવાનો નિર્ણય કર્યો છે.
- આ નવા શ્રમિક વીઝા પ્રતિબંધથી H-1B, H-2B, J અને L વીઝા ધારકો તથા અમેરિકામાં પહેલેથી રહેતા પતિ–પત્ની અને બાળકો પ્રભાવિત થશે નહી.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### H-1B, H-2B, J અને L વીઝા શું છે ?

- ઈન્ફોર્મેશનન, ટેક્નોલોજી (IT) તથા અન્ય સંબંધિત ક્ષેત્રોમાં કુશળ કર્મચારીઓની આપૂર્તિ માટે અમેરિકાનું પ્રશાસન પ્રત્યેક વર્ષે એક નિશ્ચિત સંખ્યામાં વીઝા આપે છે.
- તેના માધ્યમથી અમેરિકાથી બહાર સ્થિત કંપનીઓ એ ગ્રાહકોની માંગ પર પોતાના કર્મચારીઓને અમેરિકામાં કામ કરવા માટે મોકલે છે.
- અમેરિકા દ્વારા આપવામાં આવતા વિવિધ પ્રકારના વીઝા નીચે મુજબ છે.

| વીઝાનો પ્રકાર | માહિતી |
|---|---|
| H-1B વીઝા | બિન–પ્રવાસી વીઝા છે જે કોઈ વિદેશી નાગરિક કે કર્મચારીને અમેરિકામાં કામ કરવા માટે 6 વર્ષ માટે આપવામાં આવે છે. |
| L1 વીઝા | એવા કુશળ વિદેશી કર્મચારીઓ અને મેનેજમેન્ટ રેન્ક ધરાવતા લોકો માટે હોય છે જેનું અમેરિકામાં કોઈ કંપની અંદર ટ્રાન્સફર થઈ રહયું હોય. |
| H-2B વીઝા | ખાદ્ય અને કૃષિ શ્રમિકોને અમેરિકામાં રોજગારીની મંજૂરી આપે છે. |
| J-1 વીઝા | આ વીઝા વર્ક–સ્ટડીના ગ્રીષ્મકાલીન કાર્યક્રમોમાં છાત્રો માટે હોય છે. |

### વીઝા પર પ્રતિબંધ લગાવવાનું કારણ :

- મહામારી દરમિયાન અમેરિકાના લોકો માટે નોકરીઓની સુરક્ષા આપવી.
- H-1B, H-2B, J અને L બિન–પ્રવાસી વીઝા કાર્યક્રમોના માધ્યમથી શ્રમિકોનો દેશમાં પ્રવેશ, ઘરેલુ શ્રમિકો માટે રોજગારની તક ઓછી થવાથી જોખમોમાં વધારો થાય છે.

### વીઝા પ્રતિબંધનો ભારતની IT કંપનીઓ પર પ્રભાવ :

- ભારતની IT કંપનીઓ US H-1B વીઝા વ્યવસ્થાના સૌથી મોટા લાભાર્થીઓમાંથી એક છે.
- અગાઉના 5 વર્ષોમાં જાહેર કરવામાં આવેલા H-1B વીઝામાં 70%થી વધુ વીઝા ભારતીયોને મળ્યા છે.
- માર્ચ 2021માં સમાપ્ત થતા નાણાકીય વર્ષમાં 1-84 લાખ ભારતીયોએ H-1B વીઝા માટે અરજી કરી હતી જે કુલ અરજીઓના 67% છે.
- નવા માપદંડો અનુસાર ઉચ્ચ કુશળ શ્રમિકોને વીઝા આપવાની જોગવાઈ છે જેથી તેમની કંપનીઓ દ્વારા વધુ વેતન આપવું પડશે.

## સંયુકત રાષ્ટ્ર-75ની ઘોષણામાં વિલંબ

- સંયુકત રાષ્ટ્ર ચાર્ટર પર હસ્તાક્ષર કર્યા બાદની 75મી વર્ષગાંઠ પર થનાર સ્મારક ઘોષણા જાહેર કરવામાં વિલંબ થઈ રહયો છે.

### વિલંબ થવાનું મુખ્ય કારણ :

- બધા સભ્ય દેશો દ્વારા ઘોષણામાં ઉપયોગ “શબ્દ રચના” પર સહમિત બની શકી નથી.
- અમુક સદસ્ય દેશો “સામાન્ય ભવિષ્ય માટે વહેંચાયેલ દષ્ટિ” (Shared Vision of A Common Futurre)ના ઉપયોગ પર આપત્તિ દર્શાવી છે.
- સદસ્યો અનુસાર ઉપરોકત વાકય ચીન કમ્યુનિસ્ટ પાર્ટી તથા વિશેષ રૂપથી ચીની રાષ્ટ્રપતિ “શી જિનપિંગ”ના વૈશ્વિક દષ્ટિકોણ “માનવ જાતિ હેતુ વહેંચાયેલ ભવિષ્ય માટે સમર્પિત સમુદાય” સાથે જોડાયેલ હોય તેવું પ્રતીત થાય છે.

### આપતિકર્તા દેશો :

- ભારત સહિત ધ ફાઈવ આઈસ–USA, UK, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ તથા કેનેડાએ ઉપરોકત વાકય પર આપત્તિ દર્શાવી છે.
- સદસ્ય દેશો દ્વારા ઉઠાવવામાં આવેલ આપત્તિને કારણે, “મૌન પ્રક્રિયા” ભંગ થઈ છે.
- મૌન પ્રક્રિયા એક એવી પ્રક્રિયા હોય છે જેના દ્વારા નિર્ધારિત સમયની અંદર કોઈ આપત્તિ ન ઉઠાવવા પર કોઈ પ્રસ્તાવને પારિત કરવામાં આવે છે.

### આપતિકર્તા દેશોની માંગ

- આપતિકર્તા દેશોની માંગ છે કે પ્રસ્તાવને “આપણે વર્તમાન અને ભાવિપેઢીઓની સામાન્ય ભલાઈ માટે પારસ્પરિક સમન્વય અને વૈશ્વિક પ્રશાસનને મજબૂત કરવા તથા સંયુકત રાષ્ટ્ર ચાર્ટરની પ્રસ્તાવનામાં કલ્પિત “સારા ભવિષ્ય માટે વહેંચાયેલ દષ્ટિ’ને પ્રાપ્ત કરવા હેતુ બધા ભાગીદારો સાથે મળીને કાર્ય કરશું”ના રૂપમાં સમાવેશ થવો જોઈએ.

### Back to basics : સંયુકત રાષ્ટ્ર ચાર્ટર પર હસ્તાક્ષરની 75મી વર્ષગાંઠ

- સંયુકત રાષ્ટ્ર ચાર્ટર પર 26 જૂન, 1945ના રોજ સેન ફ્રાન્સિસ્કોમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા તથા તે 24 ઓક્ટોબર, 1945થી પ્રભાવી થયું હતું.
- આ ચાર્ટરના માધ્યમથી "સંયુકત રાષ્ટ્ર"ની સ્થાપના કરવામાં આવી હતી.

### સંયુકત રાષ્ટ્ર ચાર્ટરનો ઉદ્દેશ્ય :

- તેનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય કાયદાઓને સુવિધાજનક બનાવવા હેતુ સહયોગ પ્રદાન કરવો, આતંરરાષ્ટ્રીય સુરક્ષા, આર્થિક અને સામાજિક વિકાસ તથા માનવાધિકારોની સાથે વિશ્વ શાંતિ માટે કાર્ય કરવાનો છે.
- ચાર્ટરના રૂપમાં તે એક બંધારણીય સંધિ છે, તેના અનુચ્છેદો બધા સભ્ય દેશો માટે ફરજિયાત છે.

## આસિયાન દેશોને દક્ષિણ ચીન સમુદ્રમાં તણાવ સંબંધી ચેતવણી

- ચીન અન્ય દેશોના વિશેષ આર્થિક ક્ષેત્રોમાં પોતાની ઉપસ્થિતિ મજબૂત કરી રહયું છે, જ્યારે સંબંધિત દેશો એ COVID-19 મહામારી સામે લડી રહયા છે.
- ચીનના આવા ઈરાદાઓને જાણીને અમેરિકાએ ચીનને તેના "દાદાગીરીવાળા વ્યવહાર"ને રોકવા માટે કહયું છે.
- એપ્રિલ મહિનામાં બીજિંગે એકતરફી રીતે વિવાદિત દ્વીપો પર નવા વહીવટીય જિલ્લાઓના નિર્માણની ઘોષણા કરી હતી. આ દ્વીપો પર વિયેતનામ તથા ફિલીપીંસ પોતાના અધિકારોનો દાવો કરે છે.
- એપ્રિલના આરંભમાં વિયેતનામે દાવો કર્યો હતો કે તેની એક માછલી પકડતી બોટને ચીનના જહાજ દ્વારા નષ્ટ કરી દેવામાં આવી હતી.
- જાન્યુઆરી મહિનામાં એક ચીનના જહાજ દ્વારા ઈન્ડોનેશિયાના ઉત્તરી દ્વીપોના તટવર્તી વિશેષ આર્થિક ક્ષેત્રનું અતિક્રમણ કરવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત ચીન દ્વારા "નાઈન–ડેશ લાઈન"નો ઉપયોગ પોતાના સમુદ્ર ક્ષેત્રીય દાવા માટે કરવામાં આવે છે, તેના માધ્યમથી ચીનને ઈન્ડોનેશિયા સાથે વિવાદ થઈ રહયો છે. ઈન્ડોનેશિયા અનુસાર આ લાઈનનો કોઈ આંતરરાષ્ટ્રીય કાયદાકીય આધાર નથી.

### ચિંતાનું મુખ્ય કારણ :

- ક્ષેત્રીય વિવાદોને શાંતિપૂર્ણ રીતે હલ કરવા એ આસિયાનના મૂળભૂત સિદ્ધાંતોમાંથી એક છે. પરંતુ આસિયાનને આંતરરાષ્ટ્રીય સ્તર પર આ વિવાદોનું સમાધાન કરવામાં નિષ્ફળતા મળી છે. આથી આસિયાન સંગઠનની અસરકારકતા અને વિશ્વસનીયતા પર સવાલો ઉભા થયા છે.

### દક્ષિણ ચીન સમુદ્રમાં વિવાદ વિશે :

- ચીન દ્વારા દક્ષિણ ચીન સમુદ્ર તથા ક્ષેત્રમાં સ્થિત અન્ય દેશોના વિવાદોના કેન્દ્રમાં સમુદ્રી ક્ષેત્રોમાં સર્વાભૌમત્ત્વ સ્થાપન સંબંધી વિવાદ છે.
- આ ક્ષેત્રમાં "પારસેલ દ્વીપ સમૂહ" તથા "સ્પ્રેટલી દ્વીપ સમૂહ'ની બે શ્રેણીઓ સ્થિત છે. આ દ્વીપ સમૂહો સમુદ્રી સીમામાં વિખરાયેલ છે જે આ ક્ષેત્રમાં વિવદાનું મુખ્ય કારણ છે.

### વિભિન્ન દેશો દ્વારા વિવાદિત ક્ષેત્રો પરના દાવા :

1) **ચીન :**
- આ ક્ષેત્રમાં સૌથી મોટા ક્ષેત્ર પર પોતાના અધિકારનો દાવો કરે છે. તેના આ દાવાનો આધાર "નાઈન ડેશ લાઈન" છે જે ચીનના હૈનાન પ્રાંતના સૌથી દક્ષિણ બિંદુથી આરંભ થઈ અને પૂર્વમાં ફેલાયેલ છે.

2) **વિયેતનામ :**
- વિયેતનામનો ચીન સાથે જૂનો ઐતિહાસિક વિવાદ છે.
- તેના અનુસાર ચીને વર્ષ 1940 પહેલા કોઈ દિવસ દ્વીપો પર સાર્વભૌમત્ત્વનો દાવો કર્યો નથી, તથા 17મી સદી પછી "પારસેલ દ્વીપ સમૂહ" તથા "સ્પ્રેટલી દ્વીપ સમૂહ" પર વિયેતનામનું શાસન રહયું છે.

3) **ફિલીપીંસ :**
- ફિલીપીંસ અને ચીન બંને "સ્કારબોરો શોલ" (તેને ચીનમાં હુઆંગ્યાન દ્વીપના રૂપમાં ઓળખાય છે) પર પોતાના અધિકારનો દાવો કરે છે. તે ફિલીપીંસથી 100 મીલ અને

ચીનથી 500 મીલના અંતર પર છે.

4) **મલેશિયા અને બ્રુનેઈ :**

- આ દેશ દક્ષિણ ચીન સમુદ્ર પર પોતાના અધિકાર ક્ષેત્રનો દાવો કરે છે. તેમના અનુસાર એ સંબંધિત ક્ષેત્ર "United Nations Convention on the Law of the Sea -UNCLOS, 1982" દ્વારા નિર્ધારિત તેમના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રમાં આવે છે.
- જો કે બ્રુનેઈ કોઈપણ વિવાદિત દ્વીપ પર પોતાના અધિકાર ક્ષેત્રનો દાવો કરતું નથી, પરંતુ મલેશિયા "સ્પ્રૈટલી દ્વીપ સમૂહ"ના નાના હિસ્સા પર પોતાનો દાવો કરે છે.

## ભારત-ચીન ગલવાન ઘાટી વિરોધ

- એક તરફ ભારત અને ચીન સૈન્ય સ્તરીય વાર્તા અને વ્યવસ્થામાં વ્યસ્ત છે ત્યારે બીજી તરફ બંને પક્ષની સેના વચ્ચે હિંસક પ્રવૃતિઓ થઈ હતી જેમાં ભારતીય સેનાના 20 જવાનો શહીદ થયા હતા.
- ચીનની પીપલ્સ લિબરેશન આર્મી અને ભારતની સેના વચ્ચે હિંસક પ્રવૃતિ થઈ જેમાં બંને પક્ષો તરફથી પથ્થરો, ચાકુ અને ધારદાર હથિયારોથી હુમલાઓ કરવામાં આવ્યા હતા.
- આ ઘટના એ પૂર્વ લદ્દાખ ક્ષેત્રમાં સ્થિત ગલવાન ઘાટીમાં બની હતી.
- ભારત–ચીન વચ્ચે લગભગ 3440 કિમીથી વધુ લાંબી સીમા છે જેમાં અમુક સ્થાનો પર બંને દેશ એકબીજા પર અતિક્રમણનો આરોપ લગાવે છે.
- છેલ્લા 1 મહિનાથી ભારતીય સેના અને ચીનની સેનાઓ વાસ્તવિક નિયંત્રણ રેખાના ત્રણ સ્થાનો ગલવાન નદી ઘાટી, હોટ સ્પ્રિંગ્સ એરિયા તથા પન્ગોંગ સરોવર પર તણાવપૂર્ણ સ્થિતિમાં છે.

### ગલવાન નદી ઘાટીનું વ્યુહાત્મક મહત્ત્વ

- ગલવાન ઘાટી ક્ષેત્ર લદ્દાખ અને અકસાઈ ચીન વચ્ચે ભારત–ચીન સીમાની નજીક છે. આ ક્ષેત્રમાં વાસ્તવિક નિયંત્રણ રેખા અકસાઈ ચીનને ભારતથી વિભાજીત કરે છે.
- અકસાઈ ચીન ઘાટી એ ચીનના દક્ષિણી શિનજિયાંગ ક્ષેત્રથી લઈને ભારતના લદ્દાખ ક્ષેત્ર સુધી ફેલાયેલ છે. અને તેના કારણે જ તેનું વ્યુહાત્મક મહત્ત્વ વધી જાય છે.
- અકસાઈ ચીન એ ભારત–ચીન વચ્ચે વિવાદિત ક્ષેત્ર છે જેના પર ભારત દ્વારા દાવો કરવામાં આવે છે અને તે ચીન દ્વારા નિયંત્રિત છે.

### ગલવાન ઘાટી ક્ષેત્રમાં તણાવ વધવાનું કારણ

- ભારત એ લેહથી કારાકોરમ ઘાટીને જોડતો 225 કિમી લાંબો દાર્બુક –શ્યોક–દૌલત બેગ ઓલ્ડી રોડનું નિર્માણ કરી રહયું છે.
- આ સડક શ્યોક નદીને સમાંતર છે તથા વાસ્તવિક નિયંત્રણ રેખા નજીક સંચાર (Communication) માટે મહત્ત્વપૂર્ણ છે.
- આ કારણોને લીધે ચીન આ ક્ષેત્ર પર નિયંત્રણ કરવા માંગે છે, કારણ કે તેમને ડર છે કે ભારત આ નદી ઘાટીનો ઉપયોગ કરી અકસાઈ ચીન પર ચીનના અધિકારને સમાપ્ત કરી શકે છે.

## યુનિસેફ કિડ પાવર

- છઠ્ઠા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસર પર યુનિસેફ કિડ પાવરે બાળકો માટે 13 યોગાસનોને સૂચિબદ્ધ કર્યા છે.

### યુનિસેફ કિડ પાવર વિશે

- યુનિસેફ કિડ પાવર એ યુનિસેફ USAની એક પરોપકારી પહેલ છે. જે બાળકોને પોતાની રોજબરોજની પ્રવૃત્તિઓને વાસ્તવિક દુનિયાના પ્રભાવોથી જોડીને જીવન જીવવાની શકિત પ્રદાન કેર છે.
- તેને વર્ષ 2015માં શરૂ કરવામાં આવી હતી.
- યુનિસેફ કિડ પાવરે કેલિફોર્નિયા સ્થિત તકનિકી કંપની 'કૈલોરી કલાઉડ અને ડિઝાઈન સ્ટુડિયો અમ્યુનિશન''ની મદદથી બાળકો માટે કિડ પાવર બેંડ વિકસિત કરેલ છે.
- આ બેંડ એક ફિટનેસ ટ્રેકર બ્રેસલેટના રૂપમાં કામ કરે છે જે સ્માર્ટફોનમાં એક એપના માધ્યમથી જોડાયેલા રહે છે.
- આ એપ દ્વારા ઉપયોગકર્તાઓને એક મિશન પૂરું કરવા માટે આપવામાં આવે છે.

# 4. વિજ્ઞાન અને ટેકનોલોજી

## અંતરિક્ષની પ્રવૃત્તિઓમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને મંજૂરી

➤ તાજેતરમાં કેબિનેટ દ્વારા અંતરિક્ષ ક્ષેત્રમાં ભારતની ક્ષમતાઓને આગળ વધારવા વિભિન્ન અંતરિક્ષ પ્રવૃત્તિઓમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને મંજૂરી આપવામાં આવી છે.

➤ અંતરિક્ષમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને સુનિશ્ચિત કરવા એક નવી સંસ્થાના ગઠનની પણ મંજૂરી આપવામાં આવી છે.

➤ આ નવી સંસ્થાનું નામ એ "Indian National Space Promotion and Authorization Center (IN-SPACe)" છે.

➤ IN-SPACe એ અંતરિક્ષ ક્ષેત્રમાં ખાનગી ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે કાર્ય કરશે.

➤ IN-SPACe એ પ્રત્યેક વ્યકિત અને સંસ્થા વચ્ચે એક કડીના રૂપમાં કાર્ય કરશે જેઓ અંતરિક્ષ સંબંધી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માંગે છે.

➤ આ ઉપરાંત "ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ" જેની માલિકી સરકાર ધરાવે છે તેની સ્થાપના માર્ચ 2019માં કરવામાં આવી હતી. તેની પાસે અંતરિક્ષ પ્રવૃત્તિઓમાં ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન કરવા આર્થિક અને સામાજિક નીતિઓને બદલવાની જવાબદારી હશે.

### ભારતમાં અંતરિક્ષ ક્ષેત્રમાં ખાનગી ભાગીદારીનું વિવેચનાત્મક મૂલ્યાંકન :

■ **અંતરિક્ષ ક્ષેત્રમાં ખાનગી ભાગીદારીના લાભ અને જરૂરીયાત :**

**1. વધતી માંગ :**

➤ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)નું વાર્ષિક બજેટ 10,000 કરોડ (રૂ. 1.45 અબજ)ને વટાવી ગયું છે અને તે સતત વધી રહયું છે. જો કે, ભારત–અવકાશ આધારિત સેવાઓ માટેની માંગ ઈસરો જે પ્રદાન કરી શકે છે તેના કરતા ઘણી વધારે છે. તેથી, ખાનગી ક્ષેત્રનું રોકાણ જરૂરી છે, જેના માટે યોગ્ય નીતિ વાતાવરણ બનાવવાની જરૂર છે.

**2. અવકાશ ક્ષેત્રનો એકંદર વિકાસ :**

➤ અવકાશ ક્ષેત્રની એકંદર વૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે ખાનગી ક્ષેત્રની ભાગીદારી જરૂરી છે. ઈસરોના ઉદ્યોગ સાથે ખાસ કરીને હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ જેવા જાહેર ક્ષેત્રના નિગમો (PSU) અને લાર્સન અને ટુબ્રો જેવા ખાનગી ક્ષેત્રની મોટી કંપનીઓ સાથે મજબૂત જોડાણ છે. આથી ખાનગી ઉદ્યોગોની ભૂમિકા વધારવી જોઈએ.

**3. દેશની સુરક્ષા :**

➤ આપણી અવકાશ ક્ષમતાઓને સુરક્ષિત કરવાની સૌથી મૂળભૂત રીત એ છે કે તેને ઘણાં વિવિધ ઉપગ્રહો અને અવકાશયાનમાં વિતરણ કરવું, જેથી જો કોઈ વિરોધી આપણા એક અથવા વધુ ઉપગ્રહોને નિષ્ક્રિય કરવા માટે વ્યવસ્થા કરે તો પણ તે સાતત્ય અસર કરશે નહીં, ઉદા. યુ.એસ. અવકાશમાં ખૂબ સંવેદનશીલ છે કારણ કે તે તેના હજારો ઉપગ્રહો પર આધારિત છે. પરંતુ તે તેની સ્પેસ મિલકત પરના સંભવિત હુમલા સાથે વ્યવહાર કરવા માટે શ્રેષ્ઠ રીતે સજ્જ પણ છે.

**4. આંતરરાષ્ટ્રીય વલણો અને અનુભવ :**

➤ એલોન મસ્કન "સ્પેસએકસ" અને તેના હાઈ પ્રોફાઈલ પ્રોજેક્ટ્સે સ્પેસ ક્ષેત્રમાં ખાનગીકરણનાં વધતા મહત્ત્વને ઉજાગર કર્યું છે. ભારતમાં વિવિધ વ્યૂહાત્મક, સુરક્ષા અને નિયમનકારી અવરોધો હોવા છતાં, સ્પેસ ક્ષેત્રમાં મર્યાદિત ખાનગી ઈકોસિસ્ટમ ઈસરોની આસપાસ વિકસિત થઈ છે.

**5. સંસાધનોનો મોટો જથ્થો :**

➤ જાહેર સંસાધનો જમીન, મજૂર, મૂડી મર્યાદિત છે. ખાનગી ક્ષેત્રની ભાગીદારી સંસાધનો અને પ્રતિભાનું નવો દ્વાર ખોલશે. તે અવકાશ સંશોધન પ્રવૃત્તિઓમાં વધુ ભંડોળ અને અનુભવ લાવશે.

**6. માનવ મૂડી :**

➤ ઈસરોમાં અવકાશ પ્રવૃત્તિઓને પ્રતિબંધિત કરવાથી, દેશભરમાં પ્રતિભાના યોગ્ય ઉપયોગને મર્યાદિત કરવામાં આવે છે. ડેમોગ્રાફિક ડિવિડન્ડ સાથે, ખાનગી ક્ષેત્રની ભાગીદારી, દેશમાં અવકાશ સંશોધન માટે ઘણો ફાળો આપવા માટે દેશભરની પ્રતિભાનો વિકાસ કરી શકે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

7. **તકનીકી ઉન્નતિ :**

➢ વ્યવસાયીકરણમાં વધુ સારી તકનીકોનો વિકાસ પણ થશે જે મહત્ત્વપૂર્ણ છે. તે અવકાશ સંશોધન પ્રવૃત્તિઓમાં કૃત્રિમ બુદ્ધિ જેવી અન્ય ઘણી તકનીકોના એકીકરણને મંજૂરી આપશે. અંતરિક્ષ પ્રવૃત્તિઓના અનુભવથી, ખાનગી ક્ષેત્ર અન્ય ક્ષેત્રમાં તકનીકીની ભૂમિકામાં વધારો કરી શકે છે.

8. **જોખમ વહેંચણી :**

➢ દરેક પ્રક્ષેપણમાં વિવિધ જોખમો હોય છે. ખાનગી ક્ષેત્ર ખર્ચના પરિબળના જોખમને વહેંચવામાં મદદ કરે છે. નિષ્ફળતા ખર્ચનું વિતરણ કરવામાં આવશે. ખાનગી ભાગીદારીમાં વધારો સાથે, ઉપલબ્ધ માનવ મૂડી અને મનને લીધે નિષ્ફળતા ઓછી થશે.

9 **વાણિજિયક માંગ :**

➢ જનતા માટે ઈન્ટરનેટ કનેક્ટિવિટી વધારવાની જરૂર છે. એસ્ટરોઈડ માઈનિંગ એ પણ અન્ય સંભવિત ક્ષેત્ર છે જે મુદ્રીકરણ અને કોમોડિટી બજારોમાં ખલેલ પહોંચાડવાની તક સાથે આશાસ્પદ લાગે છે.

### અંતરિક્ષ ક્ષેત્રમાં ખાનગી ભાગીદારી સંબંધિત ચિંતાઓ :

1. **માહિતીનું જોખમ :**

➢ ઉદ્યોગસાહસિકો પાસે ઈસરોની સંવેદનશીલ માહિતી લીક થવાની સંભાવના છે અને તે માહિતીનો દુરૂપયોગ થવાનું ઉપયોગના જોખમ છે.

2. **નિયમન :**

➢ તે એક નફાકારક રોકાણ હોવા છતાં, ખાનગી ક્ષેત્રની ભાગીદારીનું નિયમન સરળ નથી. નિયમનકારી મંજૂરીઓ અને અસ્થિર રાજકીય સંસ્થાઓ માટે લેવાયેલ સમય રોકાણકારોના નિર્ણય લેવામાં વિલંબ અને અવરોધ લાવી શકે છે.

3. **નાણાકીય નુકસાન :**

➢ ઈસરો તેના દ્વારા થતી પ્રવૃત્તિઓથી મળતી ઉચિત રકમ ગુમાવશે. તેનાથી સરકારની આવકમાં ઘટાડો થશે.

4. **અયોગ્ય વ્યવસાયિક પ્રવૃત્તિઓ :**

➢ ખાનગી ક્ષેત્રને મંજૂરી આપવાથી લોબીંગ અને અયોગ્ય ઉપયોગ થવાની સંભાવના છે. પ્રોજેક્ટ્સ મેળવવા અથવા કોઈ પણ સેટેલાઈટ પોતાના નફો માટે લોંચ કરવા કે પછી ખાનગી લોકો દ્વારા નફો મેળવવા માટે અન્ય દેશો અને કંપનીઓને સંવેદનશીલ માહિતીના લીકેજ તરફ દોરી શકે છે.

■ **આગળનો માર્ગ :**

➢ ભારતે એક સ્વતંત્ર સંસ્થા બનાવવી જોઈએ જે સરકારી અને ખાનગી અવકાશ ઉદ્યોગો માટે સ્તરનું ક્ષેત્ર બનાવી શકે. ભારત માટે એક નવો અવકાશ કાયદો ઘડવો જોઈએ જેનું લક્ષ્ય એક દાયકાની અંદર વૈશ્વિક અવકાશ અર્થતંત્રના વધતા ભારતના હિસ્સાને 10% કરવાની સુવિધા આપવાનું હોય, જેના માટે ઈસરો, ખાનગી ક્ષેત્ર અને નવા અવકાશ સાહસિકો વચ્ચે નવી પ્રકારની ભાગીદારીની જરૂર છે.

## સ્વદેશી રિસીવર ચિપ "ધ્રુવ"

➢ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી(IIT) બોમ્બેના વિદ્યાર્થીઓ અને શોધકર્તાઓ દ્વારા તાજતેરમાં એક સ્વદેશી રિસીવર ચિપ "ધ્રુવ" વિકસાવવામાં આવી છે.

### ધ્રુવ ચિપનો ઉપયોગ :

➢ આ ચિપનો ઉપયોગ દેશના સ્થાનો અને માર્ગોને શોધવા માટે સ્માર્ટફોન અને નેવિગેશન ઉપકરણોમાં કરી શકાય છે.

➢ તે ભારતના નેવિગેશન ઉપગ્રહોના NAVIC (Navigation with Indian Constellation) સમૂહોની સાથે અમેરિકાના ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (GPS) આધારિત ઉપગ્રહોથી કોઈપણ વ્યકિત સાથે સ્થાનનું સટીક નિર્ધારણ કરવા સંકેત પ્રાપ્ત કરશે.

➢ IRNSS અંતર્ગત 1A થી લઈને 1-I સુધીના ઉપગ્રહો પ્રક્ષેપિત કરવામાં આવ્યા છે.

➢ IRNSS 1-H એ IRNSSS 1-Aનું સ્થાન લેશે જેની તકનિકી ખરાબીને કારણે અણુ ઘડિયાળોએ કામ કરવાનું બંધ કરી દીધું છે.

➢ IRNSS અંતર્ગતના ઉપગ્રહોમાં 3 એ ભૂસ્થિર કક્ષા (Geostationary Orbit)માં છે જ્યારે અન્ય 4 એ ભૂ–સંક્રમણીય કક્ષા (Geosynchronous Orbit)માં છે.

➢ IRNSS NAVIC એ ભારતી દેશની સીમાથી 1500 કિમીના

અંતર સુધી ચોક્કસ સ્થાનીય જાણકારી આપશે.

- NAVIC અંતર્ગત 2 પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે. (1) સ્ટાન્ડર્ડ પોઝિશનિંગ સર્વિસ (2) સીમિત સર્વિસ.
- સ્ટાન્ડર્ડ પોઝિશનિંગ સર્વિસ નાગરિકોના ઉપયોગ માટે છે જ્યારે સીમિત સર્વિસ એ સેના સહિત અમુક વિશિષ્ટ વપરાશકર્તાઓ માટે છે.
- NAVIC અંતર્ગત હાલમાં ઉપગ્રહોની સંખ્યા 7 છે જે વધારીને 11 કરવાની યોજના છે.
- ભારતની પોતાની સ્વદેશી NAVIC સેવાથી અમેરિકાની GPS સેવા પરની નિર્ભરતા ઘટશે અને તેના સામાજિક તથા આર્થિક લાભો થશે.
- અમેરિકાની GPS સંકેતોની ચોકકસતાનું સ્તર ભારતમાં 60-70% છે. IRNSS પ્રણાલી પૂર્ણ રૂપથી સક્રિય થયા બાદ સંકેતોની ચોક્કસતાનું સ્તર 90-95% થઈ જશે.

### NAVICના મુખ્ય ઉપયોગો :

- સૈન્ય અને કૂટનીતિક દૃષ્ટિથી થતા ફાયદાઓ ઉપરાંત NAVICના વ્યાવસાયિક અને સામાજિક લાભો થશે.
- પાડોશી દેશોને પણ નેવિગેશન પ્રણાલીનો લાભ આપી શકાશે. જેનાથી સરકારને આવક પ્રાપ્ત થઈ શકશે.
- દેશના દૂરના ક્ષેત્રો પર NAVIC પ્રણાલીના માધ્યમથી નજર રાખી શકાશે.
- સડક અને રેલ પરિવહન પર પણ તેની સાકારાત્મક અસરો થશે. સડક પર લાગેલા ટ્રાફિક જામની પહેલેથી જાણકારીથી લઈને વૈકલ્પિક માર્ગોના સૂચનો પ્રાપ્ત થશે.
- આપદાઓના સમયે કાટમાળમાં દબાયેલા લોકો વિશે જાણકારી મેળવી શકાશે.

## કોવાકિસન (Covaxin)

- તાજેતરમાં "ભારત બાયોટેક" દ્વારા ભારતમાં વિકસિત કરવામાં આવેલ પ્રથમ COVID-19 રસી "કોવાકિસન"ને માનવ કલીનિકલ પરીક્ષણ માટે "ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા" દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

### કોવાકિસન વિશે મુખ્ય બાબતો

- ભારત બાયોટેક કંપની દ્વારા આ રસીને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીના સહયોગથી વિકસિત કરવામાં આવેલ છે.
- "ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા" તથા "સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય" દ્વારા આ રસીને ફેઝ-1 અને ફેઝ-2 માટે માનવ કલીનિકલ પરીક્ષણ માટે મંજૂરી આપવામાં આવી છે.
- જુલાઈ મહિનામાં આ રસીનું પરીક્ષણ મનુષ્યો પર કરવામાં આવશે.

## મારીચ

- ભારતીય નૌસેનાએ એન્ટિ–સબમરીન યુદ્ધ ક્ષમતાને વધારવા સ્વદેશ નિર્મિત ટોરપીડો ડેકોય પ્રણાલી "મારીચ"નો પોતાના કાફલામાં ઉમેરો કર્યો છે.

### ટોરપીડો રક્ષા પ્રાણલી શું છે ?

- ટોરપીડો એક સ્વ–ચાલિત પાણીની નીચેની મિસાઈલ છે તેને સપાટી વહાણ, સબમરીન અને હવાઈ જહાજથી લોન્ચ કરી શકાય છે.
- ટોરપીડોના હમલા દરમિયાન, ટોરપીડો ડિફેન્સ સિસ્ટમ એક ટોરપીડોની જાણકારી મેળવવા ઉપયોગી બને છે અને નૌસેનાના પ્લેટફોર્મની સુરક્ષા માટે આવશ્યક પગલુ ઉઠાવે છે.
- મારીચ એન્ટી–ટોરપીડો ડેકોય પ્રણાલીની ડિઝાઈન અને વિકાસ અને DRDOની પ્રયોગશાળાઓમાં કરવામાં આવેલ છે.
- જાહેર ક્ષેત્રનું રક્ષા નિગમ "ભારત ઈલેકટ્રોનિકસ લિમિટેડ" આ ડેકોય પ્રણાલીના ઉત્પાદનનું કાર્ય કરશે.

## ડેકસામેથાસોન દવા

- ઈંગ્લેન્ડના શોધકર્તાઓ અનુસાર, COVID-19 દર્દીઓ પર "ડેકસામેથાસોન" દવાના ઉપયોગથી ગંભીર રૂપથી બીમાર દર્દીઓના મૃત્યુના દરમાં 1/3 સુધી ઘટાડો થયો છે.
- આ અભ્યાસમાં ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, વેલ્સ અને ઉત્તરી


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

આયરલેન્ડના 11000થી વધુ રોગીઓને શામેલ કરવામાં આવ્યા હતા.

- અધ્યયન માટે 2104 COVID-19 રોગીઓ પર ડેકસામેથાસોન દવાનું પરીક્ષણ કરવામાં આવ્યું હતુ આ રોગીઓની સરખામણી 4321 રોગીઓ સાથે કરવામાં આવી છે જેમની ફકત સામાન્ય રીતે દેખભાળ કરવામાં આવતી હતી.

### Back to basics : ડેકસામેથાસોન વિશે

- આ એક પ્રકારની સ્ટીરોઈડ છે જેનો ઉપયોગ સંધિવા, અસ્થમા સહિતની અન્ય સ્થિતિમાં દુખાવાને ઘટાડવા માટે થાય છે.
- આ દવા ખૂબ સસ્તી છે અને તેની નિર્માણ પ્રક્રિયા બહુ સરળ હોવાથી તેનું વ્યાપક પ્રમાણમાં ઉત્પાદન થઈ શકે છે.

## ઓનલાઈન શિક્ષણનું મૂલ્યાંકન

- ઓનલાઈન શિક્ષાનો હાલની સામાજિક અસમાનતા ઘટાડવા કેન્દ્ર સરકાર દ્વારા લાંબા સમયના ઉપાયો અપનાવવા પર વિચાર કરી રહી છે. જેમાં આવનારા 5 વર્ષોમાં દેશભરમાં 40% કોલેજો અને યુનિવર્સિટીમાં છાત્રોને લેપટોપ કે ટેબલેટ વિતરણ કરવાનો સમાવેશ થાય છે.

### ઓનલાઈન શિક્ષણની મુખ્ય બાબતો :

- COVID-19 મહામારીને કારણે દેશભરમાં ઓનલાઈન શિક્ષાનું મહત્ત્વ વધ્યું છે, પરંતુ સામાજિક અસમાનતા અને ડિજિટલ ડિવાઈડ એ ઓનલાઈન શિક્ષા સમક્ષ મુખ્ય પડકાર છે.
- માનવ સંસાધન વિકાસ મંત્રાલય મુજબ, મહામારીને કારણે બંધ સ્કૂલોને ફરીથી ખોલવા માટે સ્વચ્છતા અને કવોરેન્ટાઈન ઉપાયો હેતુ પ્રતિ સ્કૂલ રૂ. 1 લાખ ખર્ચ કરવાની આવશ્યકતા રહેશે.
- લગભગ 3.1 લાખ સરકારી સ્કૂલો જેની પાસે સૂચના અને સંચાર તકનિકની સુવિધાઓ નથી તેની માટે આવી સુવિધા વિકસાવવા સરકાર રૂ. 55,840 કરોડનું બજેટ પ્રસ્તાવિત કરશે.
- માનવ સંસાધન વિકાસ મંત્રાલયે આવનારા 5 વર્ષોમાં ડિજિટલ અભ્યાસક્રમ સામગ્રી અને સંસાધનોના વિકાસ પર રૂ. 2306 કરોડ ખર્ચ કરવાનો પ્રસ્તાવ કર્યો છે.
- કેન્દ્ર સરકારે વર્ષ 2026 સુધી દેશભરમાં વિભિન્ન યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા લગભગ 4.06 કરોડ છાત્રોને લેપટોપ અને ટેબલેટ આપવાની યોજના બનાવી છે. આ કાર્ય માટે રૂ. 60,900 કરોડનું બજેટ નિર્ધારિત કરવામાં આવ્યું છે.
- સ્કૂલ શિક્ષા અને સાક્ષરતા વિભાગ અનુસાર કેન્દ્ર અને રાજ્યએ ઉપકરણો વસાવવા માટેના ખર્ચને 60 : 40 ના ગુણોત્તરમાં વહેંચશે.

### ઓનલાઈન શિક્ષા અને COVID-19

- ભારતાં લોકડાઉનની શરૂઆતથી જ બધી શિક્ષણ સંસ્થાઓએ શૈક્ષણિક કાર્ય માટે ઓનલાઈન શિક્ષા અથવા ઈ–લર્નિંગનો એક વિકલ્પના રૂપમાં ઉપયોગ કરી રહી છે, તેનાથી દેશમાં સામાન્ય જનતા વચ્ચે ઓનલાઈન શિક્ષાની લોકપ્રિયતામાં વધારો થયો છે.
- જોકે એક તરફ વિશેષજ્ઞો મુજબ મહામારીના સમયમાં ઓનલાઈન શિક્ષણ અથવા ઈ–લર્નિંગના મહત્ત્વને સ્વીકાર કરેલ છે પરંતુ બીજી તરફ આલોચકોના મતે ઓનલાઈન શિક્ષા એ અભ્યાસની પારંપરિક પદ્ધતિનું સ્થાન લઈ શકે નહી.

### ઓનલાઈન શિક્ષણની મર્યાદાઓ અને પડકારો :

- COVID-19 મહામારીથી પહેલા મોટા ભાગના શિક્ષણ સંસ્થાનોને ઓનલાઈન શિક્ષણનો કોઈ અનુભવ ન હતો. આવી પરિસ્થિતિમાં શિક્ષણ સંસ્થાઓ અને છાત્રો બંને માટે ઓનલાઈન શિક્ષણ ઉપલબ્ધ કરાવવુ એક પડકાર છે.
- વર્તમાન સમયમાં ભારતમાં ડિજિટલ આંતરમાળખાનો અભાવ છે. દેશમાં હજી પણ એવા છાત્રોની સંખ્યા ઓછી છે જેની પાસે લેપટોપ અથવા ટેબલેટ અને કમ્પ્યુટર જેવી સુ વિધાઓ ઉપલબ્ધ હોય. આથી છાત્રોને ઓનલાઈન કક્ષાઓ સાથે જોડવા એક પડકાર છે.
- શિક્ષકો માટે પણ તકનિક એક મોટી સમસ્યા છે. દેશમાં મોટાભાગના શિક્ષકો તકનિક રૂપથી પ્રશિક્ષિત નથી કે

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

સરેરાશ 30 બાળકો માટે એક ઓનલાઈન કક્ષાનું આયોજન થઈ શકે અને તેમને ઓનલાઈન સામગ્રી ઉપલબ્ધ કરાવી શકે.

- ઈન્ટરનેટ પર વિશેષ પાઠયક્રમો કે ક્ષેત્રીય ભાષાઓથી જોડાયેલી અધ્યયન સામગ્રી ઓછી હોવાથી છાત્રોને સમસ્યા થઈ શકે છે.
- ઘણા વિષયોમાં છાત્રોને પ્રેક્ટિકલ શિક્ષાની આવશ્યકતા હોય છે જે દૂરના સ્થળેથી ભણાવવું એ મુશ્કેલ છે.

## આગળનો માર્ગ

- શિક્ષણ ક્ષેત્ર પર COVID-19 અને લોકડાઉનના પ્રભાવે શિક્ષણ સંસ્થાઓને શિક્ષણના નવા વિકલ્પો પસંદ કરવા ફરજિયાત બનાવ્યા છે.
- ભારતમાં ઈ–શિક્ષાએ પાયાના સ્તરમાં છે, આવશ્યક છે કે આ સમયમાં હાલના વિભિન્ન પડકારોને સંબોધિત કરી ઈ–શિક્ષાના રૂપમાં નવા શિક્ષણના વિકલ્પને પ્રોત્સાહન આપવામાં આવે.
- ઈન્ટરનેટ ઉપરાંત ટેલીવિઝન અને રેડિયો કાર્યક્રમોના માધ્યમથી પણ દેશમાં દૂરના સ્થળે. શિક્ષણની ઉપલબ્ધતા કરાવી શકાય છે.




## ગરીબ કલ્યાણ યોજના અભિયાન

- તાજેતરમાં ભારતના પ્રધાનમંત્રી દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બિહારના ખગડિયા જિલ્લાના તેલિહાર ગામડાથી "ગરીબ કલ્યાણ યોજના" અભિયાનની શરૂઆત કરી હતી.

### ગરીબ કલ્યાણ યોજના અભિયાનની મુખ્ય બાબતો

- COVID-19 મહામારીથી પ્રવાસી મજૂરોની સમક્ષ રોજગારીની સમસ્યાને ધ્યાનમાં રાખી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.
- અભિયાન અંતર્ગત 6 રાજ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ 6 રાજ્યોમાં બિહાર, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ અને ઓડિશાનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ 6 રાજ્યોના કુલ 116 જિલ્લાઓની આ અભિયાન માટે પસંદગી કરવામાં આવી છે. તેમાં 27 આકાંક્ષી જિલ્લાઓ (Aspirational Districts)નો પણ સમાવેશ થાય છે.
- અભિયાન માટે પસંદ કરવામાં આવેલા 6 રાજ્યોમાં COVID-19 મહામારીને લીધે લગભગ 25000થી વધુ શ્રમિકો પાછા ફર્યા છે.
- અભિયાન અંતર્ગત સરકાર દ્વારા રૂ. 50000 કરોડનું રોકાણ કરવામાં આવશે.
- 6 રાજ્યોના 116 જિલ્લાઓના ગામડાઓ એ કોમન સર્વિસ સેન્ટર તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના માધ્યમથી અભિયાનમાં શામેલ થશે.

### ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન અંતર્ગત મંત્રાલયો

- આ અભિયાનમાં 12 વિભિન્ન મંત્રાલયોનો સમાવેશ કરવામાં આવશે.
- આ 12 મંત્રાલયોમાં પંચાયતી રાજ, ગ્રામીણ વિકાસ, સડક પરિવહન અને રાજમાર્ગ, ખાણ, પેયજળ અને સ્વચ્છતા, પર્યાવરણ, રેલ્વે, નવીનીકરણ ઊર્જા, પેટ્રોલિયમ.

## કાયદાનું શાસન સૂચકાંક (Rule of Law Index)

- તાજેતરમાં સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં માંગ કરવામાં આવી હતી કે સુપ્રીમ કોર્ટ "કાયદાનું શાસન સૂચકાંક"માં ભારતની સ્થિતિ સુધારવા હેતુ કેન્દ્ર સરકારને એક વિશેષજ્ઞો સમિતિનું ગઠન કરવાના નિર્દેશો આપે.
- અરજી અંતર્ગત કહેવામાં આવ્યું છે કે એક સ્વતંત્ર સંગઠન "વર્લ્ડ જસ્ટિસ પ્રોજેક્ટ" દ્વારા તૈયાર કરવામાં આવતા "કાયદાનું શાસન સૂચકાંક-2020" (Rule of Law Index-2020)માં સમાવિષ્ટ ટોચના 20 દેશોની સર્વશ્રેષ્ઠ પરંપરાનું વિશેષજ્ઞોની સમિતિઓ દ્વારા અભ્યાસ કરવો જોઈએ.
- અરજી અંતર્ગત વૈકલ્પિક ઉપાયના રૂપમાં કાયદા પંચને આ સૂચકાંકમાં સમાવિષ્ટ ટોચના 20 દેશોની વ્યવસ્થાઓનો અભ્યાસ કરી ભારતના આંતરરાષ્ટ્રીય રેન્કિંગમાં સુધારના ઉપાયો પર ભલામણો આપવાની માંગ કરવામાં આવી છે.

### અરજી દાખલ કરવાનું કારણ

- તાજેતરમાં "વર્લ્ડ જસ્ટિસ પ્રોજેક્ટ" દ્વારા જાહેર કરવામાં આવેલા કાયદાનું શાસન સૂચકાંક-2020 અંતર્ગત ભારતનો ક્રમ 69મો રહયો હતો.
- આ સૂચકાંક અંતર્ગત ભારતને હજી સુધી ટોચના 50 દેશોમાં સ્થાન મળ્યું નથી. આમ છતાં ભારતની વિભિન્ન સરકારો દ્વારા ભારતના રેન્કિંગને સુધારવા પ્રયત્નો કરવામાં આવ્યા નથી.
- કાયદાનું શાસન સૂચકાંકમાં શાસકીય સુધારા, મૌલિક અધિકારો, દીવાની અને ફોજદારી ન્યાય વ્યવસ્થા તથા ભ્રષ્ટાચાર પર અંકુશ, નિયમોનો અમલ વગેરે જેવા 8 માપદંડો પર ભારતનું પ્રદર્શન નિરાશાજનક છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- કાયદાનું ખરાબ શાસન, જીવન, સ્વતંત્રતા, આર્થિક ન્યાય બંધુતા, વ્યકિતગત ગરીમા એ રાષ્ટ્રના એકીકરણ પર ખરાબ પ્રભાવ પાડે છે.
- કાયદાનું ખરાબ શાસન બંધારણના અનુચ્છેદ 14 અને 21 અંતર્ગતના અધિકારોનું પણ ઉલ્લંઘન કરે છે.

### Back to basics : કાયદાનું શાસન સૂચકાંક વિશે

- આ સૂચકાંક એક સ્વતંત્ર સંગઠન "વર્લ્ડ જસ્ટિસ પ્રોજેકટ" દ્વારા પ્રતિવર્ષ જાહેર કરવામાં આવે છે.
- સૂચકાંક એ વિભિન્ન માપદંડોના આધાર પર કોઈ દેશમાં કાયદાના શાસનનો વિસ્તૃત અહેવાલ તૈયાર કરે છે.
- આ સૂચકાંક અંતર્ગત વિશ્વના 128 દેશોનો સમાવેશ કરવામાં આવે છે. વર્ષ 2020ના સૂચકાંકમાં ડેન્માર્કનો ક્રમ પ્રથમ રહયો હતો જ્યારે વેનેઝુએલાનો ક્રમ અંતિમ રહયો હતો.
- સૂચકાંક અંતર્ગત નીચેના 8 માપદંડોનો સમાવેશ કરવામાં આવે છે.

| | |
|---|---|
| 1. | સરકારી શકિતઓ પર દબાણ |
| 2. | ભ્રષ્ટાચાર |
| 3. | શાસકીય ખુલ્લાપણુ |
| 4. | મૌલિક અધિકાર |
| 5. | વ્યવસ્થા અને સુરક્ષા |
| 6. | નિયમોનો અમલ |
| 7. | દીવાની ન્યાય |
| 8. | ફોજદારી ન્યાય |

## સત્યભામા પોર્ટલ

- કેન્દ્રીય કોલસા અને ખનન મંત્રી દ્વારા આત્મનિર્ભર ભારત અભિયાનના ઉદ્દેશ્યને પૂરો કરવા ખનન મંત્રાલયની "વિજ્ઞાન અને ટેક્નોલોજી પ્રોગ્રામ સ્કીમ" અંતર્ગત સત્યભામા પોર્ટલ લોન્ચ કરેલ છે.

### સત્યભામા પોર્ટલની મુખ્ય બાબતો

- સત્યભામા પોર્ટલનું પૂરુંનામ "Science And Technology Yojna for Aatmanirbhar Bharat in Mining Advancement" (SATYABHAMA) છે.
- આ પોર્ટલ એ યોજનાઓનું નિરીક્ષણઅને ફંડો/અનુદાનના ઉપયોગ સાથે પરિયોજનાના પ્રસ્તાવોને ઓનલાઈન પ્રસ્તુત કરવા સક્ષમ બનાવે છે.
- આ પોર્ટલમાં શોધકર્તાઓ ઈલેકટ્રોનિક રૂપમાં પરિયોજનાઓના પ્રગતિ રિપોર્ટ અને અંતિમ તકનિકી રિપોર્ટ પ્રસ્તુત કરી શકે છે.
- આ ઉપરાંત પોર્ટલ પર યુઝર મેન્યુઅલ ઉપલબ્ધ છે જે ખનન પરિયોજનાના પ્રસ્તાવોની પ્રસ્તુતિ માટે તબક્કાવાર પ્રક્રિયાઓને રેખાંકિત કરવામાં આવેલ છે.
- આ પોર્ટલની ડિઝાઈન, વિકાસ અને અમલીકરણ એ માઈન્સ ઈન્ફોર્મેટિક્સ ડિવિઝનના નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) દ્વારા કરવામાં આવેલ છે.
- પોર્ટલ નીતિ આયોગના "NGO દર્પણ પોર્ટલ" સાથે એકીકૃત કરવામાં આવેલ છે.

## eBlood Services

- COVID-19 મહામારીને કારણે લોકોની પ્રવૃત્તિઓ અને અવર–જવર પર પ્રતિબંધ લાગ્યો છે. આ પડકાર છે જે બધા રાજ્યો અને સાથે જ કેન્દ્ર સરકાર સમક્ષ છે.
- મુખ્ય પડકાર એ પણ છે કે જેમને નિયમિત રકતની જરૂરીયાત રહેતી હોય છે તેમની સુધી રકત કેમ પહોંચાડવું. રકતસ્ત્રાવ વિકાર જેવા કે હીમોફિલિયાથી પીડાતા દર્દીઓને નિયમિત રકતની જરૂરીયાત રહેતી હોય છે.
- આ પડકારોના સમાધાન માટે "eBlood Service" નામની મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે.
- આ મોબાઈલ એપ્લિકેશન ભારતીય રેડ ક્રોસ સોસાયટીની એક પહેલ છે.
- રકતદાન શિબિર આયોજીત કરવા માટે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા નવી દિલ્હીના બધા વિસ્તારોમાં મોબાઈલ રકત સંગ્રહ એકમોને મોકલવામાં આવશે.
- આ એપના માધ્યમથી સરકારનો ઉદ્દેશ્ય એ લોકોની ચિંતાઓ સમાપ્ત કરવાનો છે જેમને નિયમિત રકતની આવશ્યકતા હોય છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ મોબાઈલ એપ્લિકેશન શહેરમાં બ્લડ બેંકોમાં રક્તની ઉપલબ્ધતા વિશે જાણકારી આપશે. એક વ્યકિત એક વખતમાં 4 યુનિટ સુધી રક્ત માટે ઓર્ડર આપી શકે છે.
- આ એપ્લિકેશન "સેન્ટર ફોર ડેવલપમેનટ ઓફ એડવાન્સ કમ્પ્યુટિંગ (C-DAC)ની ઈ–રક્તકોષ ટીમ દ્વારા વિકસિત કરવામાં આવેલ છે.

## Decarbonising Transport in India
## પ્રોજેક્ટ લોન્ચ

- તાજેતરમાં નીતિ આયોગ દ્વારા ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ ફોરમ (ITF) સાથે મળીને "Decarbonising Transport in India" પ્રોજેક્ટ લોન્ચ કર્યો હતો.
- આ પ્રોજેક્ટ ભારત માટે ઓછી કાર્બન પરિવહન પ્રણાલીને પ્રોત્સાહન આપે છે.
- આ પ્રોજેક્ટ એ "ઉભરતી અર્થવ્યવસ્થાઓમાં ડીકાર્બોનાઈ ઝિંગ પરિવહન" (Decarbonising Transport in Emerging EconomieS-dtee)નો હિસ્સો છે.

### પ્રોજેક્ટના ઉદ્દેશ્યો :

- દેશમાં આબોહવા પરિવર્તન સંબંધિત લક્ષ્યોને પૂરા કરવા સરકાર માટે ગ્રીનહાઉસ ગેસોના ઉત્સર્જનને ઓછું કરવું આવશ્યક છે.
- આ પ્રોજેકટના માધ્યમથી એક મૂલ્યાંકન માળખું તૈયાર કરવામાં આવશે જે ભારતમાં પરિવહન ઉત્સર્જન માટે બનાવવામાં આવશે.
- પ્રોજેકટ અંતર્ગતનું માળખું સરકારને વર્તમાન અને ભવિષ્યની પરિવહન પડકારો પર વિસ્તૃત રૂપથી ઈનપુટ પ્રદાન કરશે જે કાર્બન ડાયોકસાઈડના ઉત્સર્જન સાથે સંબંધિત છે.
- પ્રોજેટકના પરિણામોના આધાર પર ભારતમાં એક એક ઓછી કાર્બન પરિવહન પ્રણાલીની તરફ એક માર્ગ બનાવવામાં આવશે.

### ઉભરતી અર્થવ્યવસ્થાઓમાં ડીકાર્બોનાઈઝિંગ પરિવહન (DTEE) વિશે :

- ભારતની ડિકાર્બોનાઈઝિંગ પહેલ એ DTEE પરિયોજનાનો એક ભાગ છે.
- DTEE એ ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ ફોરમની પરિયોજના છે જેમાં ભારત ઉપરાંત આર્જેન્ટિના, મોરકકો અને અઝરબૈજાન સદસ્યો છે.
- DTEE પરિયોજના અંતર્ગત ITFનું લક્ષ્ય પરિવહન ઉપક્ષેત્રો અને પરિવહન સાધનો માટે ડિકાર્બોનાઈઝિંગ પરિવહન પ્રણાલી માટે એક સામાન્ય મૂલ્યાંકન માળખું તૈયાર કરવાનું છે.

## YUKTI 2.0

- તાજેતરમાં માનવ સંસાધન વિકાસ મંત્રી દ્વારા "YUKTI 2.0" પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું.
- યુકિત 2.0 વેબ પોર્ટલ એ પ્રથમ આવૃત્તિનો એક તાર્કિક વિસ્તાર છે.

### YUKTI 2.0ની મુખ્ય બાબતો :

- YUKTI 2.0 પોર્ટલ એ નવી દિલ્હીની ઉચ્ચ શિક્ષા સંસ્થાઓ માટે છે.
- આ પોર્ટલના માધ્યમથી ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોમાં વ્યાવસાયિક ક્ષમતા અને ઈન્કયુબેટેડ સ્ટાર્ટઅપથી સંબંધિત સૂચનાઓને વ્યવસ્થિત કરવા સહયતા આપવામાં આવશે.
- યુકિત 2.0 પોર્ટલના માધ્યમથી માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરશે કે ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોમાં છાત્રો, શિક્ષકો અને શોધકર્તાઓને પોતાની ટેક્નોલોજી અને નવીનતાને આગળ વધારવા આવશ્યક જરૂરિયાતો પૂરી કરવા સહાયતા પ્રાપ્ત થઈ રહી છે કે નહીં.
- આ પોર્ટલ એક માર્કેટપ્લેસ સ્થાપિત કરવામાં મદદ કરશે જયાં આ યુવા ઈનોવેટર્સને રોકાણકારો સાથે જોડવામાં આવશે.

### Back to basic : YUKTI પોર્ટલ વિશે :

- કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા જ્ઞાન, ટેક્નોલોજી અને નવીનતા સાથે COVID-19 સામે લડવા યુકિત વેબ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું.

- YUKTIનું પૂરું નામ એ "Young India Combating COVID-19 with Knowledge, Technology and Innovation" છે.
- પોર્ટલના માધ્યમથી ભારત સરકારનો પ્રાથમિક ઉદ્દેશ્ય શારીરિક અને માનસિક બંને રીતે દેશના શૈક્ષણિક સમુદાયને સ્વસ્થ રાખવાનો અને વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા શિક્ષણ વાતાવરણને નિર્મિત કરવાનો છે.
- પોર્ટલ COVID-19ના પડકારોને વ્યાપક રીતે કવર કરશે.
- આ ઉપરાંત પોર્ટલ એ માનવ સંસાધન વિકાસ મંત્રાલય અને દેશની વિભિન્ન સંસ્થાઓ વચ્ચે બે–તરફી સંચાર ચેનલ સ્થાપિત કરશે.
- આ ઉપરાંત પોર્ટલ એ માનવ સંસાધન વિકાસ મંત્રાલય અને દેશની વિભિન્ન સંસ્થાઓ વચ્ચે બે તરફી સંચાર ચેનલ સ્થાપિત કરશે.

## ઈન્દિરા રસોઈ યોજના

- રાજસ્થાન સરકાર દ્વારા ગરીબો અને જરૂરીયાતમંદોને સસ્તા દરે બે સમયનું ભોજન આપવા માટે "ઈન્દિરા રસોઈ યોજના" શરૂ કરવામાં આવશે.
- રાજ્ય સરકાર આ યોજના અંતર્ગત પ્રત્યેક વર્ષે લગભગ રૂ. 100 કરોડનો ખર્ચ કરશે.
- આ યોજનાના અમલીકરણ માટે બિન–સરકારી સંગઠનો (NGO)ની મદદ લેવામા આવશે, અને સૂચના તકનિકોની મદદથી અમલીકરણનું પ્રભાવી નિરીક્ષણ કરવામાં આવશે.
- યોજનામાં નિરીક્ષણ માટે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં એક સમિતિ પણ બનાવવામાં આવશે.
- યોજના અંતર્ગત ભોજનના દર હજી નક્કી કરવામાં આવ્યા નથી.

## વાર્ષિક ટીબી રિપોર્ટ 2020

- તાજેતરમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી દ્વારા વાર્ષિક ટીબી રિપોર્ટ 2020 જાહેર કરવામાં આવ્યો હતો.

### વાર્ષિક ટીબી રિપોર્ટ 2020ની મુખ્ય બાબતો :

- ભારતમાં વર્ષ 2019માં ટીબીના 24.04 લાખ રોગીઓ નોંધવામાં આવ્યા હતાં. વર્ષ 2018ની સરખામણીએ ટીબીની નોંધણીમાં 14%નો વધારો થયો છે.
- કુલ નોંધાયેલ રોગીઓમાંથી 6, 64, 584 કેસો એ ખાનગી હેલ્થકેર ક્ષેત્ર દ્વારા નોંધવામાં આવ્યા છે.
- મોલેક્યુલર ડાયગ્નોસ્ટિકસની સરળ ઉપલબ્ધતાને કારણે વર્ષ 2018ની સરખામણીમાં ટીબીનું નિદાન કરાયેલા બાળકોનું પ્રમાણ વર્ષ 2019માં વધીને 8% થયું છે.
- ઉપચાર સેવાઓના વિસ્તારથી નોંધાયેલ રોગીઓની ઉપચાર સફળતા દરમાં 12%નો સુધારો થયો છે. વર્ષ 2018માં 69%ની સરખામણીમાં વર્ષ 2019 માટે આ દર 81% થયો છે.

### નિક્ષય પ્રણાલી

- દેશમાં નિક્ષય પ્રણાલીના માધ્યમથી ટીબીના રોગીઓના વિષયમાં બધી સૂચનાઓ ઓનલાઈન પ્રાપ્ત થઈ રહી છે.
- નિક્ષય એક વેબ આધારિત સૂચના સંચાલન પ્રણાલી છે. જેનો ઉપયોગ દર્દીઓની જાણકારીનું સંચાલન તથા પૂરા દેશમાં કાર્યક્રમની પ્રવૃત્તિઓ અને નિરીક્ષણ માટે એક કેન્દ્રીય સમાધાનના રૂપમાં કાર્ય કરે છે.
- નિક્ષય પ્રણાલીનું કેન્દ્રીય ટીબી વિભાગ, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સૂચના વિજ્ઞાન કેન્દ્ર અને ભારતમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)ના ક્ષેત્રીય કાર્યાલયના સહયોગથી સંચાલન કરવામાં આવે છે.

### વાર્ષિક ટીબી રિપોર્ટ, 2020 મુજબ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતા રાજ્યો :

- રાજ્યોને તેમની જનસંખ્યાના આધાર પર મોટા અને નાના રાજ્યોના રૂપમાં વર્ગીકૃત કરવામાં આવે છે.
- 50 લાખથી વધુ જનસંખ્યા ધરાવતા બધા રાજ્યોનો મોટા રાજ્ય તરીકે અને 50 લાખથી ઓછી જનસંખ્યા ધરાવતા રાજ્યોને નાના રાજ્ય તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**મોટા રાજ્યોની શ્રેણીમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન**

| ક્રમ | રાજ્ય |
|---|---|
| 1 | ગુજરાત |
| 2 | આંધ્રપ્રદેશ |
| 3 | હિમાચલ પ્રદેશ |

**નાના રાજ્યોની શ્રેણીમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન**

| ક્રમ | રાજ્ય |
|---|---|
| 1 | નાગાલેન્ડ અને ત્રિપુરા (બંનેનું પ્રદર્શન સર્વશ્રેષ્ઠ) |

- કેન્દ્રશાસિત પ્રદેશની શ્રેણી અંતર્ગત દાદરા અન નગર હવેલી અને દીવ અને દમણને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન અંતર્ગત વર્ગીકૃત કરવામાં આવેલ છે.

### Back to basics : ટીબી વિશે :

- ટીબી (ક્ષય) રોગ એક ઘાતક ચેપી રોગ છે જે માઈક્રોબૈક્ટેરીયમ ટયૂબરક્યુલોસિસ જીવાણુના લીધે ફેલાય છે.
- ટીબી સામાન્ય રીતે ફેફસાઓ પર હુમલો કરે છે, પરંતુ ફેફસાઓ ઉપરાંત શરીરના અન્ય ભાગોને પણ પ્રભાવિત કરે છે.

## આંતરરાષ્ટ્રીય તુલના કાર્યક્રમ

- વિશ્વ બેંકે આંતરરાષ્ટ્રીય તુલના કાર્યક્રમ (International Comparision Program-ICP) અંતર્ગત સંદર્ભ વર્ષ 2017 માટે નવી ખરીદ શકિત સમાનતા (Purchasing Power Parities-PPPs) જાહેર કરી છે જે વિશ્વભરની અર્થવ્યવસ્થામાં જીવન ખર્ચમાં તફાવતને સમાવી શકે છે.
- વૈશ્વિક ધોરણે 176 અર્થવ્યવસ્થાઓ દ્વારા ICPના 2017ના ચક્રમાં ભાગ લીધો હતો.

### આંતરરાષ્ટ્રીય તુલના કાર્યક્રમ વિશે :

- ICP એ સંયુકત રાષ્ટ્ર આંકડાકીય આયોગ (UN Statistical Commission)ના દિશાનિર્દેશો અંતર્ગત વિશ્વની સૌથી મોટી ડેટા – સંગ્રહ પ્રણાલી છે.
- ICPનું લક્ષ્ય બધી અર્થવ્યવસ્થાઓ વચ્ચે તુલના કરવા હેતુ આર્થિક પ્રવૃત્તિઓના ઉપાયોને રૂપાંતરિત કરવા મહત્ત્વપૂર્ણ “ખરીદ શકિત સમાનતા” (PPPe)નું નિર્માણ કરવાનું છે.
- PPPની સાથે ICP “મૂલ્ય સ્તર સૂચકાંકો” અને GDP ખર્ચની અન્ય ક્ષેત્રીય તુલના યોગ્ય સમૂહોનું પણ નિર્માણ કરે છે.
- આવનાર ICP એ “સંદર્ભ વર્ષ 2021” માટે આયોજિત કરવામાં આવશે.

### ભારત અને ICP

- ભારતે 1970માં ICPની શરૂઆતથી ભાગ લીધો છે.
- આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય એ ભારત માટે રાષ્ટ્રીય અમલીકરણ એજન્સી છે જેની પાસે રાષ્ટ્રીય ICP પ્રવૃત્તિઓની યોજનાના નિર્માણ, સમન્વય તથા અમલીકરણની જવાબદારી છે.

### ICP સંબંધે વિશ્વની સ્થિતિ :

- GDPના સ્તર પર પ્રતિ ડોલરની સરખામણીએ ભારતીય રૂપિયાની “ખરીદ શકિત સમાનતા” 2017માં 20.65 છે જે વર્ષ 2011માં 15.55 હતી.
- કિંમત સ્તર સૂચકાંક (Price Level Index-PLI)એ PPP અને તેના બજાર વિનિમય દર વચ્ચેનો ગુણોત્તર છે જે અર્થવ્યવસ્થાઓમાં કિંમતોની સરખામણી કરવા માટે ઉપયોગમાં લેવાય છે. તે ભારત માટે વર્ષ 2017માં 47.55 રહ્યો હતો, જે વર્ષ 2011માં 42.99 રહયો હતો.

### ICP 2017 અને ભારતની સ્થિતિ :

- વર્ષ 2017માં ભારતે ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાઓના રૂપમાં પોતાની વૈશ્વિક સ્થિતિને બનાવી રાખી તથા મજબૂત બનાવી.
- PPPની દષ્ટિએ ભારતનો GDP એ કુલ વિશ્વના GDPના 6.7% રહયો હતો.
- વૈશ્વિક વાસ્તવિક વ્યકિતગત વપરાશ અને વૈશ્વિક કુલ મૂડીના નિર્માણ (Gross Capital Formation)માં પોતાના PPP આધારિત હિસ્સાની દષ્ટિએ પણ ત્રીજી મોટી અર્થવ્યવસ્થા છે.

### ICP 22017 ક્ષેત્રીય સ્થિતિ : એશિયા- પ્રશાંત ક્ષેત્ર

- વર્ષ 2017માં ભારતે વિશ્વની બીજી મોટી અર્થવ્યવસ્થાના રૂપમાં પોતાની ક્ષેત્રીય સ્થીત બનાવી રાખી જે PPPની દષ્ટિએ ક્ષેત્રીય GDPના 20.83% છે.

- ચીન એ 50.76% સાથે પ્રથમ અને ઈન્ડોનેશિયા એ 7.49% સાથે ત્રીજા સ્થાને છે.
- એશિયા પ્રશાંત ક્ષેત્રમાં 22 ભાગ લેનાર દેશોની વચ્ચે GDP પર પ્રતિ ભારતીય રૂપિયા પર હોંગકોંગ ડોલરની ખરીદ શકિત સમાનતા (PPP) એ 2017માં 3.43 હતી.
- ભારતીય રૂપિયાથી હોંગકોંગ ડોલરનો વિનિમય દર આ સમયની સરખામણીમાં 6 થી વધી હવે 8.36 છે.

### ખરીદ શકિત સમાનતા (Purchasing Power Parity-PPP) એ શું છે ?

- PPP એક એવો દર છે જેના પર એક દેશની મુદ્રાને અન્ય દેશમાં સમાન માત્રામાં વસ્તુઓ અને સેવાઓને ખરીદવા માટે બીજા દેશની મુદ્રામાં પરિવર્તિત કરવામાં આવે છે.
- આ એક આંતરરાષ્ટ્રીય વિમિનયનો સિદ્ધાંત છે. PPPના આધાર પર કોઈ દેશની અર્થવ્યવસ્થાના આકાર વિશે જાણી શકાય છે.

## ગ્લોબલ એજ્યુકેશન મોનીટરિંગ રિપોર્ટ (GEM)

- તાજેતરમાં યુનેસ્કો દ્વારા "ગ્લોબલ એજ્યુકેશન મોનીટરિંગ રિપોર્ટ" (GEM) 2020 જાહેર કર્યો હતો.
- GEM રિપોર્ટ 2020માં શિક્ષા સંબંધી "સતત વિકાસ લક્ષ્ય-4" અંતર્ગત પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

### GEM 2020ની મુખ્ય બાબતો

- COVID-19 મહામારીને કારણે વિશ્વની શિક્ષા પ્રાણલીઓની અસમાનતામાં વૃદ્ધિ થઈ છે.
- વિશ્વમાં લગભગ 40% અલ્પ તથા નિમન્મ–મધ્યમ આવક ધરાવતા દેશ COVID-19થી ઉભા થયેલા સંકટ દરમિયાન લાગુ લોકડાઉનમાં સ્કૂલ બંધ થવા પર છાત્રો માટે અભ્યાસ હેતુ ઉચિત માધ્યમ ઉપલબ્ધ કરાવવામાં નિષ્ફળ રહયા છે.
- દેશોમાં ઓછી આવક, ભાષાકીય અલ્પસંખ્યકો તથા દિવ્યાંગ છાત્રો અભ્યાસથી વંચિત થવાથી સંકટનો સામનો કરી રહયા છે.
- મહામારી દરમિયાન અભ્યાસ ચાલુ રાખવાના પ્રયાસોથી સુવિધા પ્રાપ્ત ન થતા છાત્રોમાં બહિષ્કારની પ્રવૃત્તિ વધી શકે છે. એપ્રિલ, 2020માં વિશ્વભરમાં સ્કૂલ બંધ હોવા દરમિયાન લગભગ 91% છાત્રો સ્કૂલની બહાર રહયા હતા.

### શૈક્ષણિક વિકલ્પોની સાથે સમસ્યાઓ :

- સ્કૂલ બંધ હોવાને કારણે શૈક્ષણિક સંસ્થાઓએ દૂરસ્થ શિક્ષા પ્રણાલીઓથી અભ્યાસ ચાલુ રાખવાનો પ્રયાસ કર્યો, પરંતુ કક્ષામાં અભ્યાસના વિકલ્પના રૂપમાં અપર્યાપ્ત વ્યવસ્થા પ્રદાન કરવામાં આવી.
- ઘણા ગરીબ દેશોએ રેડિયો અને ટેલીવિઝનના માધ્યમથી અભ્યાસનો વિકલ્પ પસંદ કર્યો.
- ઓછી આવક ધરાવતા 55% દેશો, ઓછી–મધ્યમ આવક ધરાવતા 73% દેશો તથા ઉચ્ચ–મધ્યમ આવક ધરાવતા 93% દેશોએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષા માટે ઓનલાઈન પ્લેટફોર્મ પસંદ કર્યું.
- સરકારોની ટેક્નોલોજી પર વધતી નિર્ભરતાને કારણે ડિજિટલ વિભાજને શિક્ષા–પ્રણાલીના આ માધ્યમોની મર્યાદાને ઉજાગર કરી છે.
- બધા છાત્રો અને શિક્ષકોને ઉપલબ્ધ પ્લેટફોર્મનો લાભ ઉઠાવવા માટે પર્યાપ્ત ઈન્ટરનેટ કનેકશન, ઉપકરણ, કૌશલ તથા અન્ય આવશ્યક સુવિધાઓ પ્રાપ્ત નથી.

### સુવિધાઓ ન ધરાવતા વિદ્યાર્થીઓ માટે સમસ્યા :

- સ્કૂલ બંધ હોવાથી એ બધી પ્રણાલીઓ પણ ખોરવાઈ ગઈ જેનાથી ઘણાં વંચિત વિદ્યાર્થીઓને પણ લાભ મળતો હતો.
- નેત્રહીન તથા સાંભળી ન શકે તેવા છાત્રો માટે શિક્ષાના સંસાધનો સ્કૂલથી બહાર ઉપલબ્ધ થઈ શકતા નથી.
- દિવ્યાંગ બાળકોને કમ્પ્યુટરની સામે કામ કરવાની અથવા દૈનિક શાળાની દિનચર્યામાં વિક્ષેપ પડયાનો અનુભવ થયો છે.
- ગરીબ છાત્રો જેને સ્કૂલમાં મફત ભોજન કે મફત સેનિટરી નેપકિનની સુવિધાઓ પ્રાપ્ત થાય છે, સ્કૂલ બંધ થવાથી તેમની મુશ્કેલીઓમાં વધારો થયો છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### પરીક્ષાઓ રદ થવી :

- ભારત સહિત ઘણા દેશોમાં પરીક્ષાઓ રદ થવાથી છાત્રોની સ્કોરિંગ માટે શિક્ષકોના નિર્ણયો પરની નિર્ભરતામાં વધારો થઈ શકે છે. તેના લીધે વિદ્યાર્થીઓના વલણ અનુસાર પરિણામ પ્રભાવિત થઈ શકે છે.

### સ્કૂલ ડ્રોપ - આઉટ દરમાં વધારો :

- સ્કૂલ ડ્રોપ–આઉટ દરમાં વધારો એ પણ એક ચિંતાનો વિષય છે. આફ્રિકામાં ઈબોલા મહામારી દરમિયાન જે વિદ્યાર્થીનીઓ શાળાએ જઈ શકી ન હતી તે સંકટ પૂરો થયા પછી પણ શાળાએ જવાનું ટાળ્યું હતું.

## શૈક્ષણિક અને સંશોધન સહયોગ પ્રમોશન યોજના (Scheme for Promotion of Academic and Research Collaboration-SPARC)

- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી–મદ્રાસ (IIT–મદ્રાસના શોધકર્તાઓએ હરિત ઊર્જાના સમાધાન હેતુ નવા પદાર્થોને વિકસિત કરવા જર્મનીમાં પોતાના સમકક્ષો સાથે મળીને કાર્યનો આરંભ કર્યો છે.
- આ પરિયોજનાને ‘‘શૈક્ષણિક અને સંશોધન સહયોગ પ્રમોશન યોજના’’ કાર્યક્રમ અંતર્ગત આરંભ કરવામાં આવેલ છે.
- તેનો ઉદ્દેશ્ય હાઈડ્રોજન આધારિત અર્થવ્યવસ્થામાં પરિવર્તન કરવા હેતુ હરિત હાઈડ્રોજનનું ઉત્પાદન કરવા માટે વૈકલ્પિક તકનિકોનો વિકસિત કરવાનો છે.

### પરિયોજનાની આવશ્યકતા અને મહત્ત્વ

- હાઈડ્રોજનને નિર્મિત કરવાની પારંપરિક પદ્ધતિઓમાં મોટી માત્રામાં કાર્બન ડાયોક્સાઈડનું ઉત્પાદન થાય છે, જે એક ગ્રીનહાઉસ ગેસ તથા પર્યાવરણ માટે હાનિકારક છે.
- આ પરિયોજનાનો ઉદ્દેશ્ય હાઈડ્રોજન ઉત્ક્રાંતિ પ્રતિક્રિયાઓ માટે નવા ઓછી કિંમત ધરાવતા ઈલેક્ટ્રોકેટલિસ્ટ્સને વિકસિત કરવાનો છે.

### શૈક્ષણિક અને સંશોધન સહયોગ પ્રમોશન યોજના (સ્પાર્ક) વિશે

- તે માનવ સંસાધન વિકાસ મંત્રાલયની એક પહેલ છે.
- આ યોજનાનો ઉદ્દેશ્ય ભારતીય સંસ્થાઓ અને વિશ્વની સર્વોચ્ચ સંસ્થાઓ વચ્ચે શૈક્ષણિક અને સંશોધન સહયોગને સુગમ બનાવી ભારતના ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોમાં સંશોધન દશ્યને વધુ સારું બનાવવાનો છે.
- આ યોજના અંતર્ગત બે વર્ષો માટે 600 સંયુક્ત શોધ પ્રસ્તાવો આપવામાં આવશે.
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી–ખડગપુર એ સ્પાર્ક કાર્યક્રમનો અમલ કરતી રાષ્ટ્રીય સંકલન સંસ્થા છે.

## ગેરકાયદેસર વન્યજીવ વ્યાપાર પર વૈશ્વિક રિપોર્ટ

- તાજેતરમાં ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) દ્વારા ‘‘ગેરકાયદેસર વન્યજીવ વ્યાપાર પર પ્રથમ વૈશ્વિક રિપોર્ટ’’ જાહેર કરવામાં આવી હતી.
- ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) દ્વારા ગેરકાયદેસર વન્યજીવ વ્યાપારને ‘‘વૈશ્વિક જોખમ’’ કહેવાયું છે, જે આધુનિક ગુલામી, ડ્રગ હેરફેર અને શસ્ત્રોના વેપાર જેવા અન્ય સંગઠિત ગુનાઓ સાથે સંકળાયેલ છે.

### રિપોર્ટની મુખ્ય બાબતો :

- પ્રતિ વર્ષ લગભગ 23 બિલિયન ડોલર મૂલ્યનો ગેરકાયદેસર વ્યાપાર થાય છે.
- અપરાધી વન્યજીવ અપરાધોથી ગેરકાયદેસર રૂપથી આગળ વધવા હેતુ કાયદેસર વન્યજીવ વ્યાપાર તથા અન્ય આયાત–નિકાસ જોગવાઈઓનો દુરુપયોગ કરે છે.
- અપરાધીઓ પોતાનો ગેરકાયદેસર વ્યાપાર કરવા હેતુ ભ્રષ્ટાચાર, છેતરપિંડી અને ચોરીની મદદ લે છે.
- ગેરકાયદેસર વન્યજીવ વ્યાપાર કરવા સરકારી એજન્સીઓ, ખાનગી ક્ષેત્ર અને સિવિલ સોસાયટીની પ્રતિક્રિયાથી બચવા માટે ઓનલાઈન માર્કેટપ્લેસ અને મોબાઈલ તથા સોશિયલ મીડિયા આધારિત ચૂકવણી પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવે છે.

➢ UN વર્લ્ડ વાઈલ્ડલાઈફ ક્રાઈમ રિપોર્ટ, 2016 અનુસાર વિશ્વમાં 7000થી વધુ વન્યજીવો તથા છોડની પ્રજાતિઓનો ગેરકાયદેસર વ્યાપાર કરવામાં આવે છે.

### ગેરકાયદેસર વન્યજીવોના વ્યાપાર સંબંધિત પડકારો

➢ ગેરકાયદેસર વ્યાપારના માધ્યમથી પ્રાપ્ત ધનથી ઉપલબ્ધ જોખમોનું આકલન તથા તેનો પ્રતિરોધ કરવા માટે ટ્રીબ્યુનલ / પંચ પાસે આવશ્યક જ્ઞાન, કાયદાકીય આધાર અને સંસાધન હોતા નથી.

➢ ગુનાહિત સંગઠનો ગેરકાયદેસર રૂપથી મેળવેલી આવકને સાચી બતાવવા ઔપચારિક નાણાકીય ક્ષેત્રનો દુરુપયોગ કરે છે.

➢ ગેરકાયદેસર આવકને ઋણ કે ચૂકવણી, ઈ–બેન્કિંગ પ્લેટફોર્મ, લાયસન્સ પ્રાપ્ત મની વેલ્યુ ટ્રાન્સફર સિસ્ટમ અને બેંકોના માધ્યમથી તથા કાયદેસર મુદ્રામાં પરિવર્તિત કરવામાં આવે છે.

### આગળનો માર્ગ

➢ રિપોર્ટમાં કહેવામાં આવેલું છે કે નાણાકીય તપાસ દ્વારા અપરાધમાં શામેલ વ્યવસાયને સમાપ્ત કરવો અતિ આવશ્યક છે, તેનાથી સંબંધિત ગુનાહિત પ્રવૃત્તિઓ પર વ્યાપક રૂપથી રોક લગાવી શકાય છે.

➢ બધા અધિકાર ક્ષેત્રો દ્વારા ઉચિત પ્રણાલીઓને લાગુ કરવા પર વિચાર કરવો જોઈએ.

➢ ગેરકાયદેસર વન્યજીવ વ્યાપારથી જોડાયેલા ગુનાઓ માટે મનીલોન્ડ્રિંગ વિરોધી કાયદાઓ લાગુ કરવા કાયદાકીય પરિવર્તન જરૂરી છે.

## નેવિગેટ ધ ન્યૂ નોર્મલ

➢ નીતિ આયોગ દ્વારા એક વ્યવહાર પરિવર્તન અભિયાન "નેવિગેટ ધ ન્યૂ નોર્મલ" લોન્ચ કર્યું છે.

➢ બિલ એન્ડ મિલિંદા ગેટ્સ ફાઉન્ડેશન આ વ્યવહાર પરિવર્તન અભિયાનમાં એક ભાગીદાર છે.

### અભિયાનનો ઉદ્દેશ્ય

➢ દેશ જ્યારે અનલોક ચરણમાં છે ત્યારે તેનો ઉદ્દેશ્ય દેશમાં એક COVID સુરક્ષિત વ્યવહાર વિકસિત કરવાનો છે.

➢ તેનાથી લોકોને પોતાની દિનચર્યાના હિસ્સાના રૂપમાં માસ્ક પહેરવા માટે અનુકૂળ બનાવવામાં આવશે.

➢ જ્યાં સુધી રસી વિકસિત ન થાય ત્યાં સુધી દેશના નાગરિકો માટે આવશ્યક છે કે તેઓ હાથની સફાઈ, માસ્ક પહેરવુ વગેરેનો અભ્યાસ કરી પોતાના દૈનિક જીવનમાં અમુક વ્યાવહારિક ફેરફારોને અપનાવે.

### અભિયાન વિશે મુખ્ય બાબતો :

➢ વ્યવહાર પરિવર્તન અભિયાન એમ્પાવર્ડ ગ્રુપ 6 ના માર્ગદર્શનમાં તૈયાર કરવામાં આવેલ છે. વ્યવહાર પરિવર્તન અભિયાનના 2 ભાગો છે.

1) **વેબ પોર્ટલ :**

➢ www.covidthenewnormal.com વેબ પોર્ટલ છે જેમાં COVIDથી સુરક્ષિત રહેવા આવશ્યક વ્યવહાર માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

2) **મીડિયા અભિયાન :**

➢ મહામારીને લીધે દેશમાં લોકોની અવર–જવર પર પ્રતિબંધ છે, લોકો ટેલિવિઝન કે ઈન્ટરનેટ પર પોતાનો વધુ પડતો સમય પસાર કરે છે.

➢ વ્યવહાર પરિવર્તનનો ઉદ્દેશ્ય વિજ્ઞાપન, બાળકો માટે એનિમેશન, સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર આભાસી જાગૃકતા અભિયાનો વગેરેના માધ્યમથી દેશભરમાં લાખો લોકો સુધી પોતાની પહોંચ બનાવવાનો છે.

## નશા મુક્ત ભારત : વાર્ષિક કાર્ય યોજના (2020-21)

➢ આંતરરાષ્ટ્રીય માદક પદાર્થ સેવન અને તસ્કરી વિરોધ દિવસ"ના અવરસ પર "સૌથી વધુ પ્રભાવિત 272 જિલ્લાઓ માટે નશા મુક્ત ભારત : વાર્ષિક કાર્ય યોજના (2020-21)"નો ઈ–શુભારંભ કરવામાં આવ્યો છે.

➢ આ કાર્યક્રમની શરૂઆત એ "કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય" દ્વારા કરવામાં આવેલ છે.

### નશા મુક્ત ભારત : વાર્ષિક કાર્ય યોજનાના ઘટકો

1) જાગૃકતા સંબંધી કાર્યક્રમ
2) ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાનો
3) હોસ્પિટલમાં નિદાનની સુવિધાઓ પર જોર


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

4) સેવા પ્રદાતાઓ માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમ

**યોજનાનું અમલીકરણ :**

1) નશા મુકત ભારત : વાર્ષિક કાર્ય યોજન (2020-21)માં સૌથી વધુ પ્રભાવિત 272 જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે અને નાર્કોટિક્સ બ્યૂરો, સામાજિક ન્યાય દ્વારા જાગૃકતા અને સ્વાસ્થ્ય વિભાગના માધ્યમથી નિદાનના સંયુકત પ્રયાસો સહિત ત્રિસ્તરીય કાર્યવાહી કરવામાં આવશે.

2) નશા મુકિત કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે.

3) નશીલા પદાર્થોની આડઅસરો વિશે બાળકો અને યુવાઓને જાગૃત કરવા, સામુદાયિક ભાગીદારી અને જન સહયોગ વધારવી, એકીકૃત નશા મુકિત કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે.

4) સરકારી હોસ્પિટલોને નશા મુકિત કેન્દ્રો ખોલવા માટે સહાયતા અને ભાગીદારો માટે પ્રશિક્ષણ કાર્યક્રમોનુ આયોજન.

**યોજના સંબંધિત મુખ્ય તથ્યો :**

➤ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો દ્વારા "સૌથી વધુ પ્રભાવિત" 272 જિલ્લાઓની ઓળખ કરવામાં આવી છે. જેમાં સૌથી વધારે પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પૂર્વોત્તર રાજ્યોનો સમાવેશ થાય છે.

➤ "નશા મુકત ભારત" અભિયાનની શરૂઆત મૂળ રૂપથી વર્ષ 2015માં પંજાબમાં શિરોમણી અકાલી દલ દ્વારા કરવામાં આવી હતી.

## વિશ્વ બેંકનો STARS પ્રોજેક્ટ

➤ STARSનું પૂરું નામ "Strengthening Teaching-Learing and Results for States Program -STARS" છે.

➤ STARS એ છ ભારતીય રાજ્યોમાં શાળાની શિક્ષાની ગુણવત્તા અને શાસન સુધાર કરવા હેતુ વિશ્વ બેંક દ્વારા સમર્પિત પ્રોજેકટ છે.

➤ આ પ્રોજેકટથી 1.5 મિલિયન શાળાઓમાં 10 મિલિયન શિક્ષકો અને 250 મિલિયન શાળાના છાત્રોને લાભ થશે.

➤ આ પ્રોજેકટ માટે વિશ્વ બેંકે 500 મિલિયન ડોલરના ઋણની મંજૂરી આપી છે.

➤ STARS અંતર્ગત ભાગ લેતા રાજ્યો :

1) હિમાચલ પ્રદેશ
2) કેરલ
3) મધ્ય પ્રદેશ
4) મહારાષ્ટ્ર
5) ઓડિશા
6) રાજસ્થાન

**પ્રોજેક્ટ અંતર્ગતના સુધારાઓ :**

➤ રાજ્ય, જિલ્લા અને પેટા જિલ્લા સ્તરે શિક્ષણ સેવાઓ પહોંચાડવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું, શાળાના સુધારણા તરફ સ્થાનિક સ્તરે કસ્ટમાઈઝ્ડ સોલ્યુશન પૂરા પાડવા.

➤ અભ્યાસની ગુણવત્તાની આકરણી કરવા માટે વધુ સારો ડેટા સંગ્રહ

➤ વધુ જવાબદેહી અને સમાવેશ માટે હિસ્સેદારો વિશેષ રૂપથી માતા–પિતાની માંગોનું સમાધાન કરવું.

➤ નબળા વર્ગના છાત્રો પર વિશેષ ધ્યાન આપવું.

➤ પરિવર્તનોના સંચાલન માટે શિક્ષકોને તૈયાર કરવા

➤ ભારતની માનવ–મૂડી આવશ્યકતાઓને પૂરી કરવા માટે પ્રાથમિક કક્ષાઓના છાત્રોની શિક્ષામાં રોકાણ કરવુ તથા તેમનો જ્ઞાન–સંબંધી, સામાજિક–વ્યવહાર અને ભાષા કૌશલના વિકાસને સુનિશ્ચિત કરવો.

## માઈક્રો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યમોને ઔપચારિક રૂપ આપવાની યોજના

➤ તાજેતરમાં સરકાર દ્વારા "પ્રધાનમંત્રી માઈક્રો ફૂડ પ્રોસેસિંગ ઉદમોને ઔપચારિક રૂપ આપવાની યોજના" (PM Formalization of Micro Food Processing Enterprises-PM FME)નો આરંભ કરવામાં આવ્યો છે.

➤ આ યોજનાનો વર્ષ 2020-21 થી 2024-25 એમ 5 વર્ષોના સમય માટે લાગુ કરવામાં આવશે.

**PM FME યોજના વિશે**

➤ સમગ્ર ભારત માટે અસંગઠિત ક્ષેત્રો માટે આ એક કેન્દ્ર પ્રાયોજિત યોજના (Centrally Sponsored Scheme) છે.

➤ 2 લાખ સુક્ષ્મ–ઉદ્યમોને ઋણથી જોડાયેલ સબસિડીના

માધ્યમથી સહાયતા આપવામાં આવશે.

- યોજના અંતર્ગત સામૂહિક દષ્ટિકોણ રાખવામાં આવ્યો છે અને ખરાબ થતી વસ્તુઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.
- યોજના અંતર્ગત રૂ. 35000 કરોડનું રોકાણ કરવામાં આવશે જેનાથી 9 લાખ રોજગારીનું સર્જન થવાની સંભાવના છે.
- કેન્દ્રીય પ્રાયોજિત યોજના અંતર્ગત ખર્ચની વહેંચણી 60 : 40 ના ગુણોત્તરમાં કેન્દ્ર અને રાજ્યો દ્વારા ભોગવવામાં આવશે. પૂર્વોત્તર અને હિમાલય રાજ્યો માટે ખર્ચનો ગુણોત્તર 90 : 10ના પ્રમાણમાં રહેશે.

### વન ડીસ્ટ્રીકટ વન પ્રોડકટ એપ્રોચ

- રોકાણ વ્યવસ્થાપન, સામાન્ય સેવાઓનો લાભ અને ઉત્પાદનોના માર્કેટિંગમાં વધારો કરવા યોજના હેઠળ “વન ડિસ્ટ્રીકટ વન એપ્રોચ” અપનાવવામાં આવ્યો છે.
- રાજ્યો દ્વારા કાચા માલની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને જિલ્લા માટે ખાદ્ય ઉત્પાદનની ઓળખ કરવામાં આવશે.
- આ એપ્રોચ અંતર્ગત જલ્દીથી ખરાબ થતા ઉત્પાદન કે અનાજ આધારિત ઉત્પાદન થઈ શકે છે જે જિલ્લામાં અને તેના સંબંધિત વિસ્તારોમાં વ્યાપકપણે ઉત્પન્ન થાય છે.

### યોજના માટે વહીવટ અને અમલીકરણ તંત્ર

- આ યોજનાનું નિરીક્ષણ ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રીની અધ્યક્ષતામાં એક આંતર–મંત્રી સ્તરીય અધિકાર પ્રાપ્ત સમિતિના દ્વારા કેન્દ્ર સ્તર પર કરવામાં આવશે.
- મુખ્ય સચિવની અધ્યક્ષતામાં રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશની એક સમિતિ સ્વ–સહાય જૂથો/ખેડૂત ઉત્પાદક સંઘ/સહકારી મંડળી દ્વારા નવા એકમોની સ્થાપના અને સુક્ષ્મ એકમોના વિસ્તાર માટેના પ્રસ્તાવોનું નિરીક્ષણ અને મંજૂરી આપશે.
- રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશે આ યોજનાના અમલીકરણ માટે વિભિન્ન પ્રવૃતિઓનો સમાવેશ કરતા વાર્ષિક કાર્ય યોજના તૈયાર કરશે.
- આ પ્રોગ્રામમાં તૃતીય પક્ષ મૂલ્યાંકન અને મધ્ય–અવધિ સમીક્ષા મેકેનિઝમ પણ બનાવવામાં આવશે.

## “એટ વન ક્લિક” પહેલ

- ગુજરાત રાજ્યમાં 12,247 MSME ઉદ્યમો અને મોટા ઔદ્યોગિક એકમો (વસ્ત્ર ઉદ્યોગ સહિત) માટે ગુજરાત સરકાર દ્વારા એક ઓનલાઈન રોકડ સહાયતા પહેલ શરૂ કરવામાં આવી છે.
- આ પહેલનું નામ “એટ વન ક્લિક” રાખવામાં આવ્યું છે.

### એટ વન ક્લિક વિશે :

- આ એક ઓનલાઈન સહયતા પહેલ છે. જેના માટે ગુજરાત સરકારે MSME અને મોટા ઔદ્યોગિક એકમો માટે રૂ. 1369 કરોડની નાણાકીય સહાયતા આપવામાં આવી રહી છે.
- આ પહેલના માધ્યમથી ગુજરાત રાજ્યની સરકાર એ MSME, વેપારીઓ, મોટા ઉદ્યોગો અને વ્યવસાયો જેવા ક્ષેત્રોને પ્રેરિત કરી રાજ્યની જીવંતતાને ચાલુ રાખવા માંગે છે.

### પહેલની શરૂઆત :

- પહેલ દ્વારા 12,247 MSMEના બેંક ખાતામાં સીધા રૂ. 768 કરોડ સ્થાનાંતરિત કરવામાં આવશે.
- મોટા ઔદ્યોગિક એકમો જેમાં કપડા ઉદ્યોગ પણ શામેલ છે, તેમને આ પહેલ અંતર્ગત રૂ. 601 કરોડ હસ્તાંતરિત કરવામાં આવશે.

## પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

- પ્રધાનમંત્રીએ રાષ્ટ્રને સંબોધિત કરતા સમયે “પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”ને નવેમ્બરના અંત સુધી વિસ્તાર કરવાની ઘોષણા કરી હતી.
- સરકાર એ આ યોજનાના વિસ્તારની દિશામાં રૂ. 90000 કરોડ વધુ ખર્ચ કરશે.

### Back to basics : પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના વિશે

- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના એ COVID-19 મહામારી વિરુધ્ધની લડાઈમાં “પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ”નો એક ભાગ છે.
- યોજના અંતર્ગત 80 કરોડ રાશન કાર્ડધારકોને કવર કરવામાં આવેલ છે.
- યોજના અંતર્ગત “અંત્યોદય અન્ન યોજના” અને “પ્રાથમિકતા ધરાવતા પરિવારો” કાર્ડધારકોને “જાહેર વિતરણ પ્રણાલી” અંતર્ગતના બધા લાભાર્થીઓને અનાજ


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

આપવામાં આવશે.

➢ નવી સૂચના અનુસાર પરિવારના પ્રત્યેક સદસ્યને 5 કિગ્રા મફત ચોખા/ઘઉં સાથે પ્રત્યેક પરિવારને પ્રતિ માસ 1 કિગ્રા ચણા પણ મફત આપવામાં આવશે.

## સ્ટેટ ઓફ ધ વર્લ્ડ પોપ્યુલેશન, 2020 રિપોર્ટ

➢ તાજેતરમાં "યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ" દ્વારા વિશ્વ સ્તર પર મહિલાઓની ઘટતી સંખ્યાના સંદર્ભમાં "સ્ટેટઓફ વર્લ્ડ પોપ્યુલેશન, 2020" રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો.

### રિપોર્ટની મુખ્ય બાબતો :

➢ રિપોર્ટ અનુસાર દર વર્ષ વિશ્વમાં 142 મિલિયન (14.2 કરોડ) મહિલાઓના મૃત્યુ થઈ રહયા છે.

➢ રિપોર્ટથી પ્રાપ્ત આંકડાઓ અનુસાર મહિલાઓની મૃત્યુની સંખ્યા પાછલા 50 વર્ષોમાં બમણીથી વધુ થઈ ગઈ છે. વર્ષ 1970માં આ સંખ્યા 61 મિલિયન (6.10 કરોડ) હતી જે વર્ષ 2020મા વધીને વર્ષ 2020માં 14.26 કરોડ પહોંચી છે.

➢ રિપોર્ટમાં પક્ષતાપૂર્ણ લિંગ પસંદગીની સાથે જન્મના સમયે લિંગ ગુણોત્તરના અસંતુલનનો અભ્યાસ કરી મહિલાઓના મૃત્યુના કારણોની તપાસ કરવામાં આવી છે.

➢ રિપોર્ટ અનુસાર અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં 5 વર્ષથી ઓછી ઉંમરની બાળકીઓમાં મૃત્યુ દર 3%થી ઓછો છે.

➢ 5 વર્ષના સમય (વર્ષ 2013-17)ની સરેરાશ અનુસાર, દર વર્ષ વૈશ્વિક સ્તર પર જન્મના સમયે 1.2 મિલિયન બાળકીઓના મૃત્યુ થાય છે અને ભારતમાં દર વર્ષે જન્મના સમયે લગભગ 4,60,000 બાળકીઓના મૃત્યુ થાય છે.

➢ રિપોર્ટ અનુસાર ભારતમાં વર્ષ 2020 સુધી મૃત મહિલાઓની સંખ્યા લગભગ 2/3 છે તથા જન્મ પછી મહિલા મૃત્યુ દર લગભગ 1/3 છે.

➢ લિંગ આધારિત ભેદભાવના કારણે વિશ્વમાં દર વર્ષે 12-15 લાખ બાળકીઓના મૃત્યુ થાય છે જેમંથી 90-95% ભારત અને ચીનમાં હોય છે.

### રિપોર્ટ અનુસાર ભારતની સ્થિતિ

➢ ભારતમાં લિંગ પસંદગીને કારણે 46 મિલિયન (4.6 કરોડ) બાળકીઓના દર વર્ષે મૃત્યુ થઈ રહયા છે.

➢ આ રિપોર્ટમાં વર્ષ 2014માં એક અભ્યાસને આધાર બનાવતા જણાવવામાં આવ્યું છે કે ભારતમાં પ્રતિ 1000 મહિલા પર 13.5 પ્રતિ મહિલાની મૃત્યુ પ્રસૂતિ પહેલા લિંગ પસંદગીને કારણે થાય છે.

➢ રિપોર્ટ અનુસર ભારતમાં 5 વર્ષથી ઓછી ઉંમરની બાળકીઓમાં મૃત્યુ દરનો ગુણોત્તર 9 બાળકીઓ પર 1 છે જે સૌથી વધુ છે.

## નમામિ ગંગે પરિયોજના

➢ તાજેતરમાં વિશ્વ બેંક દ્વારા રૂ. 300 કરોડની "નમામિ ગંગે પરિયોજના"ને 45 અબજ રૂપિયાના ઋણ/ફંડને મંજૂરી આપી છે.

➢ આ ઋણ/ફંડ એ 5 વર્ષના સમયગાળા માટે મંજૂર કરવામાં આવ્યું છે.

➢ નમામિ ગંગે/નેશનલ મિશન ફોર કલીન ગંગાના રાષ્ટ્રીય ગંગા નદી બેસિન પરિયોજનાનું પ્રથમ ચરણ જે ડિસેમ્બર 2021 સુધી છે. તેને પહેલા જ વિશ્વ બેંક તરફથી રૂ. 25000 કરોડની 313 પરિયોજનાઓને મંજૂરી આપવામાં આવી છે.

### વિશ્વ બેંકથી પ્રાપ્ત થતા ફંડનો ઉપયોગ :

➢ વિશ્વ બેંકથી પ્રાપ્ત આ ઋણનો ઉપયોગ નદી બેસીનમાં પ્રદૂષણને સમાપ્ત કરવા અને માળખાકીય પરિયોજનાના વિકાસ અને સુધાર માટે કરવામાં આવશે.

➢ 45 અબજ રૂપિયાના આ ઋણમાં 11.34 અબજ રૂપિયાનો ઉપયોગ મેરઠ, આગરા તથા સાહારનપુરમાં ગંગાની સહાયક નદીઓ પર ત્રણ નવા હાઈબ્રીડ એન્યુટી પ્રોજેકટ બનાવવા કરવામાં આવશે.

### નમામિ ગંગે પરિયોજના વિશે :

➢ તે કેન્દ્ર સરકારની યોજના છે જેની વર્ષ 2014માં શરૂઆત કરવામાં આવી હતી.

➢ સરકાર દ્વારા આ પરિયોજનાની શરૂઆત ગંગા નદીમાં પ્રદુષણને ઓછું કરવા તથા ગંગા નદીને પુનઃજીવિત કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી છે.

➢ આ યોજનાનું અમલીકરણ કેન્દ્રીય જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા કાયાકલ્પ મંત્રાલય દ્વારા કરવામાં આવી રહયું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ

## સૂર્ય ગ્રહણ

- 21 જૂન 2020ના રોજ ભારતના ઉત્તરના ભાગોમાં વલયાકાર સૂર્ય ગ્રહણ જોવા મળ્યું હતું જે એક મહત્ત્વપૂર્ણ ખગોળીય ઘટના છે.
- તે વર્ષ 2020નું પ્રથમ સૂર્ય ગ્રહણ છે આ પહેલા વર્ષ 2019માં વલયાકાર સૂર્ય ગ્રહણ દક્ષિણ ભારતમાં જોવા મળ્યું હતું.
- વૈજ્ઞાનિકો અનુસાર હવે પછી વલયાકાર સૂર્ય ગ્રહણ ભારતમાં 21 મે 2031ના જોવા મળશે અને હવે પછીનું પૂર્ણ સૂર્ય ગ્રહણ 20 માર્ચ 2031માં જોવા મળશે.

### Back to baics : સૂર્ય ગ્રહણ વિશે

- ચંદ્ર પૃથ્વીની ચારે બાજુ એક કક્ષામાં કરે છે અને તે જ સમયે પૃથ્વી સૂર્યની પરિક્રમા કરે છે.
- આ પરિક્રમા દરમિયાન કોઈ વખત ચંદ્ર એ સૂર્ય અને પૃથ્વીની વચ્ચે આવી જાય છે. ખગોળશાસ્ત્રમાં આ ઘટનાને સૂર્ય ગ્રહણ તરીકે ઓળખવામાં આવે છે.
- આ ઘટના દરમિયાન સૂર્યનો પ્રકાશ પૃથ્વી સુધી પહોંચી શકતો નથી અને પૃથ્વીની સપાટીના અમુક ભાગો પર દિવસમાં અંધારૂ રહે છે.
- સૂર્ય ગ્રહણ ત્યારે થાય છે જ્યારે ચંદ્ર અમાસ દરમિયાન પૃથ્વીની કક્ષીય સમતલથી નજીક હોય છે.
- ચંદ્ર ગ્રહણ હંમેશા પૂર્ણિમાની રાતના થાય છે, જ્યારે સૂર્ય ગ્રહણ અમાસની રીતે થાય છે.
- સૂર્ય ગ્રહણના મુખ્યત્વે ત્રણ પ્રકારો હોય છે (1) આંશિક સૂર્ય ગ્રહણ, (2) વલયાકાર સૂર્ય ગ્રહણ તથા (3) પૂર્ણ સૂર્ય ગ્રહણ.

| સૂર્ય ગ્રહણના પ્રકારો | માહિતી |
|---|---|
| આંશિક સૂર્ય ગ્રહણ | જ્યારે ચંદ્રનો પડછાયો સૂર્યના પૂરા ભાગને ઢાંકવાને બદલે કોઈ એક હિસ્સાને ઢાંકે ત્યારે આંશિક સૂર્ય ગ્રહણ થાય છે. આ દરમિયાન સૂર્યના ફક્ત એક નાના હિસ્સા પર અંધારૂ થાય છે. |
| વલયાકાર સૂર્ય ગ્રહણ | વલયકાર સૂર્ય ગહણની આ સ્થિતિ ત્યારે બને છે જ્યારે ચંદ્ર પૃથ્વીથી દૂર હોય છે તથા તેનો આકાર નાનો હોય છે. |
| | આ દરમિયાન ચંદ્ર એ સૂર્યને પૂરી રીતે ઢાંકી શકતો નથી અને સૂર્ય એક અગ્નિ વલયની જેમ દેખાય છે. |
| પૂર્ણ સૂર્ય ગ્રહણ | પૂર્ણ સૂર્ય ગ્રહણ ત્યારે થાય છે જ્યારે પૃથ્વી, સૂર્ય તથા ચંદ્ર સીધી રેખામાં હોય છે. |
| | તેના કારણે પૃથ્વીના એક ભાગ પર સંપૂર્ણ રીતે અંધારુ થઈ જાય છે. આ સ્થિતિ ત્યારે બને છે જ્યારે ચંદ્ર પૃથ્વીથી નજીક હોય છે. |

## દેવિકા અને પુનેજા પુલ

- તાજેતરમાં વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા સીમા સડક સંગઠન દ્વારા નિર્મિત દેવિકા અને પુનેજા પુલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

### દેવિકા પુલ વિશે :

- આ પુલ એ જમ્મુ–કાશ્મીરના ઉધમપુરમાં સ્થિત છે.
- રૂ. 75 લાખના ખર્ચથી બનેલા આ પુલ દ્વારા આસ–પાસના લોકોની 70 વર્ષ જૂની માંગ પૂરી કરવામાં આવી હતી.
- ભારતીય સેનાનું ઉત્તરી કમાનનું મુખ્યાલય એ ઉધમપુરમાં સ્થિત છે.
- પરિવહનના મુદ્દાઓનું સમાધાન કરવા ઉપરાંત આ પુલ ભારતીય સેનાના વાહનો અને કાફલા માટે માર્ગ આપશે. આ પુલની લંબાઈ 10 મીટર છે.

### પુનેજા પુલ વિશે :

- આ પુલ જમ્મુ–કાશ્મીરના ડોડા જિલ્લામાં ભદરવાહ શહેરમાં સ્થિત છે.
- આ પુલના નિર્માણની કિંમત રૂ. 4 કરોડ છે અને તેની લંબાઈ લગભગ 50 મીટર છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### સીમા સડક સંગઠન (Border Road Organisation વિશે :

- સીમા સડક સંગઠન એ રક્ષા મંત્રાલય અંતર્ગત એક પ્રમુખ સડક નિર્માણ એજન્સી છે. તેની સ્થાપના 7 મે, 1960ના રોજ કરવામાં આવી હતી.
- આ સંસ્થા સીમા ક્ષેત્રોમાં સડક જોડાણ પ્રદાન કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.
- સડક સીમા સંગઠન પૂર્વી અને પશ્ચિમી સીમા ક્ષેત્રોમાં સડક નિર્માણ ઉપરાંત તેની જાળવણીનું કાર્ય કરે છે જેથી સેનાની વ્યુહાત્મક જરૂરીયાતો પૂરી થઈ શકે.

## આકાશીય વીજળી પડવાની ઘટનાઓ પર વિશ્વ હવામાન સંગઠનના નિષ્કર્ષ

- વર્ષ 2018માં બ્રાઝિલમાં 709 કિમી. લાંબી આકાશીય વીજળી ચમકવાનો રેકોર્ડ નોંધવામાં આવ્યો હતો.
- આ પહેલા સૌથી લાંબી આકાશીય વીજળી ચમકવાનો રેકોર્ડ અમેરિકાના ઓકલાહોમા રાજ્યના નામે હતો, ત્યાં 20 જૂન, 2007ના રોજ 321 કિમી લાંબી આકાશીય વીજળી ચમકી હતી.
- વિશ્વમાં આકાશીય વીજળી પડવાની સૌથી વધારે ઘટનાઓ પ્રત્યેક વર્ષ સરેરાશ 8 મિલિયન છે જે બ્રાઝિલમાં નોંધાયેલ છે.
- વર્ષ 2019માં આર્જેન્ટિનામાં આકાશીય વીજળીની ચમક 73 સેકન્ડ સુધી જોવા મળી હતી, જે હજી સુધી વીજળી ચમકવાનો સૌથી લાંબો રેકોર્ડ છે.

### ભારતમાં આકાશીય વીજળી પડવાની ઘટનાઓ :

- ભારતમાં આકાશીય વીજળી પડવાથી સૌથી વધુ મૃત્યુ ઉત્તર પ્રદેશમાં થયા છે ત્યારબાદ બિહારનું સ્થાન આવે છે.
- વર્ષ 2019 દરમિયાન 1 એપ્રિલ– 31 જુલાઈની વચ્ચે બિહારમાં વીજળી પડવાથી ઓછામાં ઓછા 170 લોકોના મૃત્યુ થયા હતા.
- સમગ્ર ભારતમાં પ્રતિ મહિને આકાશીય વીજળી પડવાની ઘટનાઓમાં વૃદ્ધિ થઈ રહી છે.
- ભારતમાં કોઈ અન્ય મોસમ સંબંધી દુર્ઘટનાની સરખામણીમાં આકાશીય વીજળીથી વધારે મૃત્યુ થઈ રહયા છે.

## ઝિલૈંડિયા

- તાજેતરમાં નયુઝીલેંડમાં GNS સાયન્સના શોધકર્તાઓએ ઘોષણા કરી છે કે તેમણે ઝિલૈંડિયા (Zealandia) ખંડના આકાર અને વિસ્તારનું વિસ્તૃત મેપિંગ કરી લીધું છે.
- વિશ્વમાં એન્ટાર્કટિકા, એશિયા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, યુરોપ, દક્ષિણ અમેરિકા અને ઉત્તર અમેરિકા એમ જાણીતા 7 ખંડો છે.
- વર્ષ 2017માં વૈજ્ઞાનિકોએ ન્યુઝીલેંડ તથા તેની નજીક મહાસાગરની સપાટી નીચે એક આઠમો ખંડ ઝીલૈંડિયાના અસિતત્વની પુષ્ટિ કરી હતી.
- જોકે ઝીલૈંડિયાના કુલ ક્ષેત્રફળના 2 મિલિયન ચોરસ માઈલના કુલ ક્ષેત્રનો 94% હિસ્સો સમુદ્રથી નીચે આવેલ હોવાથી તેનું મેપિંગ એક પડકારજનક કાર્ય છે.

### ઝીલૈંડિયા બાબતે નવા નિષ્કર્ષો

1) ઝીલૈંડિયા ખંડનું કુલ ક્ષેત્રફળ લગભગ 2 મિલિયન ચોરસ માઈલ (5 લાખ ચોરસ કિમી) છે જે ઓસ્ટ્રલિયાથી લગભગ અડધા આકાર બરાબર છે.
2) પરંતુ ઝીલૈંડિયા ખંડનો માત્ર 6% ભાગ સમુદ્ર સપાટીથી ઉપર છે. આ ભાગ ન્યુઝીલેંડના ઉત્તર અને દક્ષિણ ખંડો તથા ન્યૂ કેલેકોનિયા ખંડ સાથે સ્થિત છે.
3) આ ખંડના નવીનતમ મેપિંગમાં તટીય રેખાઓ, ક્ષેત્રીય સીમાઓ અને પ્રમુખ ભૂમિગત સંરચનાઓના નામ દર્શાવવામાં આવેલ છે.
4) આ મેપિંગ વર્ષ 2030 સુધી પૃથવીની સંપૂર્ણ મહાસાગરીય સપાટીના મેપિંગ કરવા હેતુ એક વૈશ્વિક પહેલનો ભાગ છે.

### ઝીલૈંડિયાનો ઉદ્દભવ

- પૃથ્વીના નિર્માણ દરમિયાન પેન્જિયા ખંડનુ ગોંડવાનાલેન્ડ અને લોરેશિયામાં વિભાજન થયું હતું.
- ઉત્તરના ભાગ લોરેશિયામાં યુરોપ, એશિયા ને ઉત્તર અમેરિકાના ખંડોનું નિર્માણ થયું હતું.

- દક્ષિણ ભાગ ગોંડવાનાલેન્ડમાં આધુનિક આફ્રિકા, એન્ટાર્કટિકા, દક્ષિણ અમેરિકા અને ઓસ્ટ્રેલિયા ખંડો વિકસિત થયા.
- આ ઉપરાંત ભૂગર્ભિક બળો દ્વારા આ સ્થળીય પિંડોને પુનઃવ્યવસ્થિત કરવાનુ ચાલુ રહયુ તથા ગોંડવાનાલેન્ડથી અલગ થવા પર 30 મિલિયનથી 50 મિલિયન વર્ષ પછી સૌથી મોટી ટેકટોનિક પ્લેટ પેસિફિક પ્લેટના ભાગના રૂપમાં ઝીલેંડિયા સમુદ્રની સપાટી નીચે દબાતુ રહયું.

## માઉન્ટ મેરાપી

- 21 જૂન, 2020ના રોજ ઈન્ડોનેશિયાનો એક સક્રિય જ્વાળામુખી માઉન્ટ મેરાપીનો બે વખત વિસ્ફોટ થયો હતો.
- માઉન્ટ મેરાપી મધ્ય જાવા અને ઈન્ડોનેશિયાના યાગ્યાકાર્તા પ્રાંતોના એક વિશેષ ક્ષેત્રના મધ્યની સીમા પર સ્થિત એક સક્રિય સ્ટ્રેટો જ્વાળામુખી છે.
- જ્વાળામુખી સામાન્ય રીતે એક છિદ્ર અથવા ખુલ્લો ભાગ હોય છે, જેના દ્વારા ગેસ, પ્રવાહી લાવા, પાણી, ખડકો વગેરેનો સમાવેશ કરતો ગરમ પદાર્થ પૃથ્વીની સપાટી પર પૃથ્વીના ખૂબ જ ગરમ ભાગમાંથી દેખાય છે. જ્વાળામુખી વિસ્ફોટથી રચાયેલ ટોપોગ્રાફી વિસ્ફોટના વલણ અને વિખરાયેલી સામગ્રીના પ્રકાર પર આધારિત છે.
- નોંધનીય છે કે, ઈન્ડોનેશિયા રીંગ ઓફ ફાયરમાં સ્થિત છે, તે પ્રશાંત મહાસાગરની આજુબાજુનો વિશાળ વિસ્તાર છે જ્યાં ટેકટોનિક ભૂતકિતઓ એકસાથે આવે છે.



# 7. ઈતિહાસ અને સંસ્કૃતિ

## કોડુમનાલ

- તાજેતરમાં કોડુમનાલમાં ચાલતા ઉત્ખનન દરમિયાન ત્રિ–કક્ષીય સમાધિ બહાર ગોળાકાર ટેકરાની અંદર 10 ઘડાઓ અને કટોરાઓ મળી આવ્યા છે. દફન કરવાની આ વિધિ મેગાલિથિક સંસ્કૃતિમાં પ્રચલિત હતી.
- આ ઉપરાંત ઉત્ખનન દરમિયાન જાનવરોની ખોપડીઓ (ભેડિયા અથવા કૂતરા), કિંમતી પથ્થરો, તાંબા ગાળવાના એકમો, માટીના વાસણો વગેરે વસ્તુઓ પ્રાપ્ત થઈ હતી.

### Back to basics : કોડુમનાલ વિશે

- કોડાનુમલ તમિલનાડુના ઈરોડ જિલ્લામાં સ્થિત એક ગામડું છે. તે કાવેરીની સહાયક નદી નોયલ નદીના ઉત્તરી તટ પર સ્થિત છે.
- કોઈ વખત તે એક સમૃદ્ધ શહેર હતું જેને કોડુમાનમ નામથી પણ ઓળખવામાં આવતું હતું. તેનું વિવરણ સંગમ સાહિત્યના પટિતૃપથુ અંતર્ગત મળે છે.
- તેનો ઈ.સ. પૂર્વે 5મી સદીથી ઈ.સ. પૂર્વે 1લી સતાપ્દી સુધી એક વ્યાપાર સાથે ઔદ્યોગિક કેન્દ્રના રૂપમાં વિકાસ થયો હતો.
- આ સ્થાન તલિમનાડુ રાજ્યના પુરાતત્વ વિભાગના નિયંત્રણમાં એક મહત્ત્વપૂર્ણ પુરાતત્ત્વીય સ્થળ છે.

## કીલાદી ઉત્ખનન

- કીલાદીમાં છઠ્ઠા તબક્કાના ખોદકામ દરમિયાન એક બાળકના હાડપિંજરના અવશેષો પ્રાપ્ત થયા છે. આ હાડપિંજર બે ટેરાકોટા કળશોની વચ્ચે દફનાવવામાં આવેલ છે.

### કીલાદી ઉત્ખનન વિશે

- કીલાદી એ તમિલનાડુમાં મદુરાઈથી લગભગ 13 કિમી દક્ષિણ પૂર્વમાં વૈગઈ નદીના કિનારે સ્થિત છે.
- કીલાદીમાં ઉત્ખનન દરમિયાન પ્રાપ્ત થતાં પુરાવાના આધારે ખ્યાલ આવે છે કે તમિલનાડુમાં સંગમકાળ દરમિયાન વૈગઈ નદીના કિનારે એક નગરીય સભ્યતાની ઉપસ્થિતિ હતી.
- ઉત્ખનનમાં તમિલ બ્રાહ્મી લિપિ વિશે જાણકારી મળી છે. કાચા અને પાકા વાસણો પર તમિલ બ્રાહ્મી લિપિમાં ઉત્કીર્ણ અક્ષરોના પ્રમાણ પ્રાપ્ત થયા છે. તેનાથી ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં સાક્ષરતાના સ્તરના સંકેતો પ્રાપ્ત થયા છે.
- ગાય, બળદ, ભેંસ, બકરી, નીલગાય, મોર વગેરેના હાડપિંજરના અવશેષોથી એ બાબતની માહિતી પ્રાપ્ત થાય છે કે કીલાદી સમાજમાં કૃષિ કાર્યો માટે પશુઓનો ઉપયોગ કરવામાં આવતો હતો.
- તૂટેલી અવસ્થામાં ઊંચી દીવાલો, છતની ટાઈલ્સ, લોખંડની ખીલીથી ભરેલા થાંભલાઓ એ આ સમયગાળાની ઊંચી જીવનશૈલીનો પુરાવો આપે છે.
- આ ઉપરાંત ઉત્ખનનથી ઈંટોથી બનેલી રચનાઓ, તાંબાની વસ્તુઓ, લોખંડથી બનેલ ઉપકરણો, શતરંજના ટુકડાઓ, કાનના આભૂષણો, મૂર્તિઓ વગેરે પ્રાપ્ત થયેલ છે.
- ખોદકામના કામમાં આવેલ માટીકામ અને ખોદકામ સ્થળો અને આસપાસની ગુફાઓ અને ખડકો પર ભીંતચિત્રોના ચિહ્નો પ્રાપ્ત થયા છે.

## છોલુંગ સુકફા

- તાજેતરમાં અસમના મુખ્યમંત્રીએ કલકતાના એક રાજનીતિક ટિપ્પણીકાર ગર્ગા ચેટર્જીની ધરપકડ કરવાનો આદેશ આપ્યો છે. જેણે છોલુંગ સુકફાને "ચીની આક્રમણકારી" કહયા હતા.

### છોલુંગ સુકફા વિશે :

- છોલુંગ સુકફા 13મી સદીના અહોમ સામ્રાજ્યના સંસ્થાપકો હતા. જેમણે છ સદીઓ સુધી અસમ પર શાસન કર્યું હતું. હાલના વિદ્વાનો છોલુંગ સુકફાને બર્મા મૂળના બતાવે છે.
- તેમને લોકપ્રિય રૂપથી "બોર અસમ" કે "ગ્રેટર અસમ"ના નિર્માતાના રૂપમાં માનવામાં આવે છે.
- સુકફા વિશે એવું કહેવામાં આવે છે કે તેમણે ઈ.સ. 1215માં

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

પોતાના 8 સામંતો તથા લગભગ 9000 અનુયાયિઓ સાથે માઉલંગ (વર્તમાન યુન્નાન પ્રાંત, ચીન) નામના સ્થાનને છોડી દીધું હતું અને અસમના બ્રહ્મપુત્ર ઘાટીની તરફ પ્રસ્થાન કર્યું હતું.

➤ ચારાઈદેવ નામના સ્થાન પર સુકફાએ પોતાની નાના રજવાડાની સ્થાપના કરી હતી.

➤ અહોમ સામ્રાજ્યના સંસ્થાપકોને પોતાની ભાષા અને ધર્મ હતા. ત્યારબાદ તેમના દ્વારા હિંદુ ધર્મ અને અસમિયા ભાષાનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

➤ સુકફા અને તેમના શાસનની યાદમાં પ્રત્યેક વર્ષ 2 ડિસેમ્બરને ''અસોમ દિવસ'' મનાવવામાં આવે છે.

## ''લાલ-બાલ-પાલ''ની સ્મૃતિઓને પુનઃજીવિત કરવાનો પ્રયાસ

➤ પુના ખાતે સ્થિત એક બિન–સરકારી સંગઠન (NGO) ''સરહદ'' દ્વારા બાળગંગાધર તિલકની મૃત્યુ શતાબ્દીના અવસર પર સાહિત્યક તથા સાંસ્કૃતિક કાર્યક્રમોની એક શ્રેણીની શરૂઆત કરશે.

### કાર્યક્રમોના આયોજનનું કારણ :

➤ ભારતીય સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન પંજાબ, બંગાળ અને મહારાષ્ટ્ર દ્વારા મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવવામાં આવી હતી. આધુનિક સમયમાં ભારતના આ ત્રણેય રાજ્યોએ મધ્ય ઈતિહાસ તથા સાંસ્કૃતિક સંબંધોને ''લાલ–બાલ–પાલ''ની ત્રિમૂર્તિ એ મજબૂતી આપી છે.

➤ આઝાદી પછી મહારાષ્ટ્ર અને પંજાબ વચ્ચેના સામાજિક – સાંસ્કૃતિક સંબંધો મજબૂત થયા છે, પરંતુ ભૂતકાળમાં સાહિત્યક લગાવનો સમૃદ્ધ વારસો હોવા છતાં, મહારાષ્ટ્ર અને બંગાળ વચ્ચેના સંબંધો નબળા પડયા છે.

### કાર્યક્રમોની મુખ્ય વિશેષતાઓ :

➤ આ કાર્યક્રમનો સમયગાળો 2 વર્ષનો હશે તેને ''મહારાષ્ટ્ર – બંગાળ મૈત્રી અધ્યાય'' નામ આપવામાં આવ્યું છે.

➤ આ કાર્યક્રમની કલ્પના બંને રાજ્યોના લોકોની ''સાંસ્કૃતિક પુનરુત્થાનવાદી આંદોલન'' તરીકે કરવામાં આવી છે.

➤ કાર્યક્રમનો આરંભ લોકમાન્ય તિલકની મૃત્યુ શતાબ્દી (1 ઓગષ્ટ, 1920)થી થશે. તથા મહાન દર્શનશાસ્ત્રી શ્રી ઓરબિંદો ઘોષની 150મી જયંતી (15 ઓગષ્ટ, 2022) સુધી ચાલુ રહેશે.

### લાલ-બાલ-પાલના કાર્યો :

➤ લાલ–બાલ–પાલની ત્રિમૂર્તિએ સ્વદેશી આંદોલનના બીજા ચરણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી.

➤ આ ત્રિમૂર્તિએ બંગાળના ભાગલાના વિરોધમાં સંપૂર્ણ દેશમાં ભારતીયોને સંગઠિત કર્યા તથા બ્રિટિશ વસ્તુઓનો બહિષ્કાર, હડતાલ વગેરે માટે જનતાને પ્રેરિત કર્યા.

➤ ઉપરોક્ત આંદોલન એ મુખ્ય નેતાઓ બાળ ગંગાધર તિલકની ધરપકડ તથા બિપિન ચંદ્ર પાલ અને અરબિંદો ઘોષ દ્વારા સક્રિય રાજનીતિથી સંન્યાસ લેવાને લીધે ધીરું પડી ગયું હતું.

### લાલ-બાલ-પાલ સંબંધિત અમુક તથ્યો :

➤ વર્ષ 1895માં લાલ લાજપત રાય દ્વારા પંજાબ નેશનલ બેંકની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રથમ ભારતીય બેંક હતી જે. ભારતીય મૂડીથી શરૂ કરવામાં આવી હતી.

➤ વર્ષ 1917માં લાલા લાજપત રાયે અમેરિકામાં ઈન્ડિયન હોમ રૂલ લીગની સ્થાપના કરી હતી.

➤ વર્ષ 1884માં બાલ ગંગાધર તિલક દ્વારા ''ડેકકન એજ્યુકેશન સોસાયટી'ની સ્થાપના કરવામાં આવી હતી. આ સોસાયટી અંતર્ગત તેમણે પ્રાથમિક શિક્ષા માટે ન્યૂ ઈંગ્લિંશ સ્કૂલ અને ઉચ્ચ શિક્ષા માટે ફર્ગ્યૂસન કોલેજની સ્થાપના કરી હતી.

➤ બિપિન ચંદ્ર પાલનો વિચાર હતો કે સ્વદેશી વસ્તુઓ પર નિર્ભરતાથી ભારતીય જનતાને ગરીબીથી છૂટકારો મેળવવામાં મદદ કરશે.

## સંકલ્પ પર્વ

➤ કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી દ્વારા ''સંકલ્પ પર્વ'' નમના એક વૃક્ષારોપણ અભિયાનની ઘોષણા કરી છે.

➤ 28 જૂનથી 12 જૂલાઈ સુધી સંકલ્પ પર્વ મનાવવામાં આવશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### સંકલ્પ પર્વની મુખ્ય બાબતો

- COVID-19 મહામારીને કારણે દેશવ્યાપી લોકડાઉન દરમિયાન દેશમાં સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણના મહત્ત્વનો અનુભવ થયો છે.
- સંકલ્પ પર્વ અંતર્ગત મંત્રાલય દ્વારા 5 વૃક્ષને પ્રાથમિકતા આપવામાં આવી છે જેને પ્રધાનમંત્રી દ્વારા રેખાંકિત કરવામાં આવેલ છે. આ 5 વૃક્ષોમાં વડ, આમળા, પીપળો, અશોક અને બેલનો સમાવશે થાય છે.
- મંત્રાલય દ્વારા સંબંધિત સંગઠનોને એ બાબત સુનિશ્ચિત કરવાનું કહેવામાં આવ્યું છે કે આ 5 વૃક્ષ લગાવવા ઉપરાંત પ્રત્યેક કર્મચારી પોતાની પસંદનું ઓછામાં ઓછુ એક વૃક્ષ જરૂરથી લગાવે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો

## કોલસા બલોકની હરાજી

- તાજેતરમાં પ્રધાનમંત્રી દ્વારા વીડિયો કોન્ફરનસના માધ્યમથી વાણિજય ખનન માટે 41 કોલસા બ્લોકની હરાજીની પ્રક્રિયા શરૂ કરી હતી.
- આ પહેલા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત ભારત સરકાર દ્વારા કરવામાં આવેલી ઘોષણાઓનો ભાગ છે.
- કોલસાની ખાણની ફાળવણી માટે બે તબક્કાઓની ઈલેક્ટ્રોનિક હરાજી પ્રક્રિયાઓ અપનાવવામાં આવી રહી છે.
- આ પહેલ કોલસાના ખનનના ક્ષેત્રથી સંબંધિત સુધારાઓ અને યુવાઓ માટે લાખો રોજગારીની અવસરો પૂરી પાડશે.
- કોલસાના ભંડારની ઉપલબ્ધતાની બાબતે ભારત વિશ્વમાં 5માં સ્થાને છે છતાં કોલસાની આયાત કરવી પડે છે.
- હાલમાં ભારતમાં પ્રતિ વર્ષ સ્થાનીય કોલસાનું ઉત્પાદન 700-800 મિલિયન ટન છે જ્યારે પ્રતિવર્ષ સરેરાશ લગભગ 150-200 મિલિયન કોલસાની આયાત કરવામાં આવે છે.
- વર્ષ 1973માં ભારતમાં કોલસાનું રાષ્ટ્રીયકરણ કર્યા બાદ 1975માં કોલ ઈન્ડિયા લિમિટેડની સ્થાપના કરવામાં આવી હતી. વર્તમાનમાં કોલ ઈન્ડિયા લિમિટેડની કુલ કોલસાના ઉત્પાદનમાં 82% ભાગીદારી છે.

## ખેલો ઈન્ડિયા કેન્દ્રો

- એથલિટોને પ્રશિક્ષણ પ્રદાન કરવામાં પૂર્વ ખેલ ચેમ્પિયનોની વિશેષજ્ઞતા અને અનુભવનો લાભ મળે અને ખેલ પારિસ્થિતિકી તંત્રમાં તેમની આવકનો એક નિરંતર સ્ત્રોત સુનિશ્ચિત કરવા યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય દ્વારા પૂરા દેશમાં જિલ્લા સ્તર પર 1000 ખેલો ઈનિડયા સેન્ટર/કેન્દ્રો સ્થાપવાનો નિર્ણય લીધો છે.
- આ કેન્દ્રોનું સંચાલન પૂર્વ ચેમ્પિયન અથવા કોચ દ્વારા કરવામાં આવશે.
- ખેલો ઈન્ડિયા કેન્દ્રોના દેશવ્યાપી નેટવર્કના નિર્માણ માટે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા–SAIના હાલના કેન્દ્રોને "ખેલો ઈન્ડિયા કેન્દ્રો"માં પરિવર્તન કરવા અને યોજના અંતર્ગત નાણાકીય અનુદાનનો લાભ પ્રાપ્ત કરવા એક પૂર્વ ચેમ્પિયનની ભર્તી કરવાનો વિકલ્પ આપવામાં આવશે.
- 1000 કેન્દ્રોમાંથી 100 કેન્દ્ર સ્થાપિત કરવાની યોજના હાલના નાણાકીય વર્ષ દરમિયાન બનાવવામાં આવી છે.

## 150 મિલિયન ડોલરના મૂલ્ય ધરાવતી પ્રથમ ભારતીય કંપની

- તાજેતરમાં "રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ" એ બજાર મૂડીકરણ (Market Capitalization) બાબતે 150 મિલિયન ડોલરના મૂલ્યને પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય કંપની બની છે.
- કંપનીએ પોતાને પૂરી રીતે ૠણ મુકત કંપની તરીકે જાહેર કરેલ છે.
- આ પહેલા કંપની દ્વારા રાઈટ્સ ઈશ્યૂના માધ્યમથી કુલ રૂ. 1.69 લાખ કરોડ એકઠા કર્યા હતા.
- વિશ્વની સૌથી વધુ મૂલ્યવાન કંપનીઓની યાદીમાં 1.7 લાખ કરોડ સાથે સાઉદી અરામકો ટોચના સ્થાન પર છે.

## વિશ્વ શરણાર્થી દિવસ

- વિશ્વભરમાં શરણાર્થીઓની સ્થિતિ વિશે જાગૃકતા વધારવા પ્રત્યેક વર્ષ 20 જૂનને "વિશ્વ શરણાર્થી દિવસ" મનાવવામાં આવે છે.
- આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય વિશ્વમાં શરણાર્થીઓની શકિત, હિંમત અને દૃઢ નિશ્ચય અને તેના પ્રતિ સમ્માનને સ્વીકૃતિ આપવાનો છે.
- આ દિવસનું આયોજન શરણાર્થીઓની ખરાબ અને સમસ્યાઓના સમાધાન હેતુ કરવામાં આવે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ વર્ષ 2020ના ઋવિશ્વ શરણાર્થી દિવસની થીમ : "Every Actions Counts"

## નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક ફાયનાન્સ એન્ડ પોલિસી

➤ RBIના પૂર્વ ગવર્નર ઉર્જિત પટેલની 19 જૂન, 2020ના રોજ "નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક ફાયનાન્સ એન્ડ પોલિસીના અધ્યક્ષના રૂપમાં પસંદગી કરવામાં આવી હતી.

➤ તેમનો કાર્યકાળ 4 વર્ષનો રહેશે.

### નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક ફાયનાન્સ એન્ડ પોલિસી વિશે

➤ આ સંસ્થા ભારતની એક પ્રમુખ આર્થિક થિંક ટેંક છે.

➤ તે નાણા મંત્રાલય, આયોજન પંચ અને રાજ્ય સરકારો દ્વારા સંયુકત રૂપથી વર્ષ 1976માં સ્થાપિત એક સંસ્થા છે.

➤ તે એક સ્વતંત્ર બિન–નફાકારી સંસ્થા છે અને સરકારોની જાહેર નીતિની બાબતને પ્રોત્સાહન આપે છે તથા રાજ્ય સરકારોને સલાહ આપે છે.

## ભારતની બહાર વિશ્વની પ્રથમ યોગ યુનિવર્સિટી

➤ ભારતની બહાર દુનિયાની પ્રથમ યોગ યુનિવર્સિટી 23 જૂન 2020ના રોજ અમેરિકાના લોસ એન્જેલિસ શહેરમાં શરૂ કરવામાં આવેલ છે.

➤ આ યોગ યુનિવર્સિટીનું નામ એ સ્વામી વિવેકાનંદના નામ પર રાખવામાં આવેલ છે. તેનું નામ "વિવેકાનંદ યોગ યુનિવર્સિટી" રાખવામાં આવેલ છે.

➤ યોગના પ્રાચીન પારંપરિક ભારતીય અભ્યાસ પર આધારિત કાર્યક્રમ વૈજ્ઞાનિક સિદ્ધાંતો અને આધુનિક સંશોધન દષ્ટિકોણના સંયોજનો સાથે આ યુનિવર્સિટીમાં રજૂ કરવામાં આવશે.

➤ યોગ આધારિત ઉચ્ચ શિક્ષા કાર્યક્રમોની રજૂઆત માટે યુનિવર્સિટીને લોન્ચ માટે સત્તાવાર માન્યતા નંબર 2019માં કેલિફોર્નિયાના બ્યૂરો ઓફ પ્રાઈવેટ પોસ્ટ સેકેન્ડરી એજ્યુકેશનથી પ્રાપ્ત થઈ છે.

## મ્યાનમારમાં દુનિયાનું સૌથી લાંબુ ઈન્ટરનેટ શટડાઉન

➤ 21 જૂન 2019ના રોજ સંઘર્ષથી પ્રભાવિત રાખીને રાજ્યની 8 ટાઉનશીપમાં અને ચીન રાજ્યની એક વસાહતમાં મ્યાનમાર સરકાર દ્વારા મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી.

➤ સપ્ટેમ્બર 2019થી ફેબ્રુઆરી 2020 વચ્ચે 5 રાજ્યોમાં પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યા હતા પરંતુ ત્યારબાદ ફરીથી પ્રતિબંધ લાગુ કરી દેવામાં આવ્યા હતા.

➤ રાખીન રાજ્યની માંગડા વસાહતમાં પ્રતિબંધ 2 મે, 2020માં હટાવી દેવામાં આવ્યા હતા. બાકીની ટાઉનશીપમાં 1 ઓગસ્ટ, 2020 સુધી ઈન્ટરનેટ બંધ રહેશે.

➤ જાન્યુઆરી, 2019થી મ્યાનમાર સરકાર અરાકાન સેના (રાખીન સશસ્ત્ર સમૂહ)ની સાથે લડાઈમાં સંલગ્ન છે.

## ઈરાન દ્વારા હિંદ મહાસાગરમાં સ્થાયી બેઝ સ્થાપવાની ઘોષણા

➤ ઈસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડ દળ દ્વારા ઘોષણા કરવામાં આવી છે કે તેઓ આવતા વર્ષમાં માર્ચ સુધીમાં હિંદ મહાસાગરમાં પોતાના સ્થાયી સૈન્ય બેઝની સ્થાપના કરશે.

## જર્મન બુક ટ્રેડ શાંતિ પુરસ્કાર

➤ નોબેલ પુરસ્કાર વિજેતા અમર્ત્ય સેનને સામાજિક ન્યાયના પ્રશ્ન પર તેમના દ્વારા કરવામાં આવેલા લાંબા કાર્યને માન્યતા આપવા "જર્મન બુક ટ્રેડ"ના શાંતિ પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવેલ છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- શાંતિ પુરસ્કારના માધ્યમથી જર્મન બુક ટ્રેડનો ઉદ્દેશ્ય એ વ્યક્તિઓને સમ્માનિત કરવાનો છે જેમણે સાહિત્ય, વિજ્ઞાન અને કલાના ક્ષેત્રમાં પોતાની પ્રવૃત્તિઓના માધ્યમથી શાંતિના વિચારને સાકાર કરવામાં ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું હોય.
- જર્મન પબ્લિશર્સ એન્ડ બુકસેલર્સ એસોસિયેશન, બોર્સનવેરીને આ પુરસ્કારનું ગઠન કર્યું હતું.

### અમર્ત્ય સેન વિશે :

- અમર્ત્ય સેન ભારતીય અર્થશાસ્ત્રી છે. વર્ષ 1998માં "કલ્યાણ અર્થશાસ્ત્ર"ના સંદર્ભે યોગદાન માટે નોબેલ પુરસ્કારથી સમ્મનિત કરવામાં આવ્યા હતા.
- આ ઉપરાંત વર્ષ 1999માં તેમને ભારત રત્નથી પણ સમ્માનિત કરવામાં આવ્યા હતા.

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

- પ્રત્યેક વર્ષે 21 જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રૂપમાં મનાવવામાં આવે છે.
- વર્ષ 2020નું આયોજન એ છઠ્ઠું આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું આયોજન હતું. વૈશ્વિક સ્તર પર વર્ષ 2015માં સૌપ્રથમ વખત આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2020ના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ : "સ્વાસ્થ્ય માટે યોગ–ઘર પર યોગ" (Yoga for Health Yoga at Home)
- 11 ડિસેમ્બર 2014ના રોજ "સંયુક્ત રાષ્ટ્ર મહાસભા"ના 69માં સત્ર દરમિયાન પ્રસ્તાવ પસાર કરીને 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રૂપમાં મનાવવામાં માટે મંજૂરી આપવામાં આવી હતી.

## વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ

- પ્રત્યેક વર્ષ 21 જૂનને વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસના રૂપમાં મનાવવામાં આવે છે.
- આ દિવસના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય હાલના સમયમાં હાઈડ્રોગ્રાફીના મહત્ત્વ અને જરૂરિયાતને રેખાંકિત કરવાનો છે.
- હાઈડ્રોગ્રાફી એ વિજ્ઞાનની એ શાખા છે જેમાં પૃથ્વીની સપાટીથી નૌપરિવહન ભાગ અને દરિયાકાંઠાના ક્ષેત્રોની ભૌતિક વિશેષતાઓ માપવામાં આવે છે અને તેનું વર્ણન કરવામાં આવે છે.
- હાઈડ્રોગ્રાફી અંતર્ગત મહાસાગરો, સમુદ્ર, તટીય ક્ષેત્રો, સરોવરો અને નદીઓ વગેરેને માપવાની સાથે આવનારા સમયમાં તેના અંતર્ગત આવતા પરિવર્તનોની પણ વ્યાખ્યા કરવામાં આવે છે.
- વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ મોનાકો (Monaco) સ્થિત આંતરરાષ્ટ્રીય હાઈડ્રોગ્રાફિક સંગઠનની પહેલ પર મનાવવામાં આવે છે.
- વર્ષ 2020ના વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસની થીમ : "Hydrography enabling autonomous technologies"

## રશિયા વિજય દિવસ પરેડ

- ભારત પોતાની ત્રણેય સેનાઓ જેમકે ભારતીય સેના, નૌસેના અને વાયુ સેનાને રશિયા મોકલશે.
- મોસ્કોમાં આયોજિત થનારી વિજય દિવસ પરેડમાં સૈનિકો ભાગ લેશે.
- આવુ પ્રથમ વખત બનશે જ્યારે ભારતની ત્રણેય સેના તેમાં ભાગ લેવા જઈ રહી હોય. આ પહેલા વર્ષ 2015માં ભારતીય સેના દ્વારા પરેડમાં ભાગ લેવામાં આવ્યો હતો.

### વિજય દિવસ પરેડ વિશે :

- દર વર્ષે 9 મે ના રોજ વિજય દિવસ મનાવવામાં આવે છે. જો કે COVID-19ના કારણે આ પરેડ સ્થગિત કરી દેવામાં આવી હતી.
- વર્ષ 1945માં નાઝ જર્મનીના આત્મસમર્પણને ચિન્હિત કરવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ રશિયાની આ સૈન્ય પરેડ મોસ્કોના રેડ સ્કવેરમાં આયોજિત કરવામાં આવે છે. રશિયાના રાષ્ટ્રપતિ આ પરેડના ગેસ્ટ ઓફ ઓનર હોય છે.

## યુઝર ફ્રેન્ડલી PPE "નવરક્ષક"

➤ તાજેતરમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) દ્વારા "નવરક્ષક" નામની PPE કીટને મંજૂરી આપી હતી.

➤ નવરક્ષક PPE કીટનું નિર્માણ મુંબઈ ખાતે આવેલ INHS અશ્વિનીમાં સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેવલ મેડિસિનના ઈનોવેશન સેલમાં એક નૌસેનિક ડોકટર દ્વારા વિકસિત કરવામાં આવેલ છે.

➤ આ કીટ બે આવૃત્તિમાં ઉપલબ્ધ થશે સિંગલ અને ડબલ પ્લાઈ. પૂરી કીટમાં ફેસ માસ્ક, હેડગિયર અને એક મિડ–થાઈ લેવલ શો કવરનો સમાવેશ થાય છે.

➤ અન્ય બજારમાં ઉપલબ્ધ PPE કીટ કરતા નવરક્ષકની મુખ્ય ખાસ્યિત એ વધુ ઉન્નત રીતે શ્વાસ લઈ શકાય તેવી વ્યવસ્થા છે. તેનાથી સ્વાસ્થ્ય કર્મચારીઓ વધુ લાંબા સમય સુધી કાર્ય કરી શકશે.

➤ નવરક્ષકના ઉત્પાદન માટે 5 MSME ઉદ્યોગોને લાયસન્સ આપવામાં આવ્યું છે.

➤ એક વર્ષમાં 5 MSME દ્વારા 10 મિલિયનથી વધુ નવરક્ષક PPE કીટના ઉત્પાદનનો અનુમાન છે.

## સ્કિલ્સ બિલ્ડ રિગનાઈટ

➤ કૌશલ વિકાસ અને ઉદ્યમિતા મંત્રાલય તથા IBM દ્વારા ભાગીદારીમાં મફત ડિજિટલ અભ્યાસ પ્લેટફોર્મ "સ્કિલ્સ બિલ્ડ રિગનાઈટ"ની શરૂઆત કરી છે.

➤ તેનો ઉદ્દેશ્ય નોકરી ઈચ્છતા લોકો સુધી પહોંચવું તથા ભારતમાં વ્યવસાય કરતા લોકો માટે નવા સંસાધનો ઉપલબ્ધ કરવવાનો છે.

➤ સ્કિલબિલ્ડ રિગનાઈટ નોકરી ઈચ્છતા લોકો અને ઉદ્યમિઓને તેમના કરિયર અને વ્યવસાયોમાં પરિવર્તન કરી તેમનામાં નવીનતા લાવવામાં મદદ કરવા ડિઝાઈન કરેલ ઓનલાઈન પાઠયક્રમ અને સલાહ દેવા સંબંધિત સહાયતા આપવામાં આવશે.

➤ નોકરી ઈચ્છતા, ખાનગી વ્યવસાયના માલિક, ઉદ્યમી અને શીખવાની આકાંક્ષા રાખતા કોઈપણ વ્યકિત કોઈ ખર્ચ વિના કૃત્રિમ બુધ્ધિમત્તા, કલાઉડ, ડેટા એનાલિટિકસ અને સુરક્ષા જેવા વિષયો પર નવા કૌશલ અને વધુ કૌશલનો અભ્યાસ કરી શકે છે.

➤ તેનાથી ઉદ્યમિઓ માટે વ્યકિતગત કોચિંગ આપવામાં આવે છે, તથા COVID-19 મહામારીથી બહાર નીકળવાના પ્રયાસમાં નાના વ્યવસાયોને સ્થાપિત કરવા કે ફરીથી શરૂ કરવા સહાયતા આપવામાં આવે છે.

## મ્યાનમારમાં શ્વે તેલ અને ગેસ પરિયોજના

➤ આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ ONGC વિદેશ લિમિટેડ દ્વારા મ્યાનમારમાં "શ્વે તેલ અને ગેસ પરિયોજના"ના વિકાસ માટે 121.27 મિલિયન ડોલરના વધારાના રોકાણને મંજૂરી આપી છે.

➤ ONGC વિદેશ લિમિટેડ 2002થી મ્યાનમારમાં શ્વે ગેસ પ્રોજેકટના સંશોધન અને વિકાસ સાથે સંકળાયેલ છે.

## આંતરરાષ્ટ્રીય માદક પદાર્થ સેવન અને તસ્કરી વિરોધ દિવસ, 2020

➤ સંયુકત રાષ્ટ્ર દ્વારા પ્રતિવર્ષ 26 જૂનને "આંતરરાષ્ટ્રીય માદક સેવન અને તસ્કરી નિરોધ દિવસ" (International Day Against Drug Abuse and Illicit Trafficking)ના રૂપમાં મનાવવામાં આવે છે.

➤ વર્ષ 2020 માટે આ દિવસની થીમ. "સારી સંભાળ માટે વધુ સારુ જ્ઞાન" (Better knowledge for Better care)

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### 26 જૂનના દિવસે આયોજનનું મુખ્ય કારણ :

- 26 જૂનના રોજ "આંતરરાષ્ટ્રીય માદક પદાર્થ સેવન અને તસ્કરી નિરોધ દિવસ"ને ચીનમાં પ્રથમ અફીણ યુદ્ધથી પહેલા 25 જૂન 1839ના રોજ લિન જેક્સુ દ્વારા હુમેન, ગ્વાંગડોંગ પ્રાંતમાં અફીણના વ્યાપારને ખતમ કરવાની સ્મૃતિમાં મનાવવામાં આવે છે.
- આ અવસર પર "યુનાઈટેડ નેશન્સ ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમ" (UNODC) દ્વારા "વર્લ્ડ ડ્રગ રિપોર્ટ, 2020" પણ જાહેર કરવામાં આવ્યો હતો.

## RBI હેઠળ શહેરી અને બહુ-રાજ્ય સહકારી બેંકો

- કેન્દ્ર સરકાર દ્વારા જમાકર્તાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા હેતુ બધી શહેરી તથા બહુ–રાજ્ય સરકારી બેંકોને RBIની પ્રત્યક્ષ દેખરેખ હેઠળ લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- આ સંબંધે કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા બેંન્કિંગ નિયમન (સુધારણા) વટહુકમ, 2020ને મંજૂરી આપી છે.

### હાલમાં સહકારી બેંકોનું નિયમન કઈ રીતે થાય છે ?

- વર્તમાનમાં સહકારી બેંકો એ RBI તથા સહકારી સમિતિઓના રજિસ્ટારના બેવડા નિયમન હેઠળ આવે છે.
- સહકારી સમિતિઓના રજિસ્ટાર આ બેંકોની નોંધણી, સંચાલન, બેંકના બોર્ડ સંબંધિત કાર્ય વગેરે માટે ઉત્તરદાયી હોય છે.
- RBI એ સહકારી બેંકોના નિયમનની ભૂમિકા નિભાવે છે તથા અનામત રોકડ અને મૂડી પર્યાપ્તતા જેવા નિયમોના અમલીકરણ માટે જવાબદાર હોય છે.
- સહકારી બેંકની રાજ્ય સહકારી સમિતિ અધિનિયમ અંતર્ગત નોંધણી કરવામાં આવે છે.
- RBIના બે કાયદાઓ બેન્કિંગ નિયમન અધિનિયમ, 1949 અને બેન્કિંગ કાયદો (સહકારી સમિતિઓ) અધિનિયમ, 1955 અંતર્ગત નિયમનના ક્ષેત્રમાં આવે છે.

### વટહુકમની આવશ્યકતા

- સરકાર દ્વારા આ નિર્ણય કૌભાંડ અને ગંભીર નાણાકીય અનિયમિતતાની ઘણી ઘટનાઓ પછી લેવામાં આવ્યો છે, જેના અંતર્ગત પાછલા વર્ષે પંજાબ અને મહારાષ્ટ્ર સહકારી બેંકોમાં થયેલા મોટા કૌભાંડોનો સમાવેશ થાય છે.
- અત્યાર સુધી તમામ સહકારી બેંકો એ RBI અને સહકારી મંડળીઓના રજિસ્ટારના બેવડા નિયમન હેઠળ આવતી હતી. તેના પરિણામે ઘણી બેંકોમાં નિયમનકારી અને સુપરવાઈઝરી ભૂલો થઈ છે.
- RBI પાસે સહકારી બેંકોના પુનઃનિર્માણને લગતી અમલીકરણની યોજના ઘડવાનો અધિકાર ન હતો. જો કે આ નિર્ણયથી હવે શહેરી અને બહુ–રાજ્ય સહકારી બેંકો RBIની સીધી દેખરેખ હેઠળ આવશે.

## આંકડા દિવસ (Statistics Day)

- આંકડા દિવસ ભારતમાં પ્રત્યેક વર્ષે 29 જૂનના રોજ મનાવવામાં આવે છે.
- આંકડા દિવસને પ્રો. પી. સી. મહાલનોબિસની જયંતી પર રાષ્ટ્રીય આંકડા સંબંધી પ્રણાલીની સ્થાપના કરવામાં તેમના અમૂલ્ય યોગદાનની યાદમાં મનાવવામાં આવે છે.
- વર્ષ 2020ના આંકડા દિવસની થીમ : "SDG-3" (સ્વસ્થ જીવન સુનિશ્ચિત કરવુ અને બધી ઉંમરના માટેના કલ્યાણને પ્રોત્સાહન આપવુ) અને SDG-5 (જાતીય સમાનતા પ્રાપ્ત કરવી અને બધી મહિલાઓ તથા છોકરીઓના અધિકાર સંપન્ન બનાવવા)

### પી.સી. મહાલનોબિસનું આંકડામાં યોગદાન

- તેઓ ભારતીય આંકડાકીય પ્રણાલીના મુખ્ય આર્કિટેકટ અને ભારતમાં આંકડાકીય વિજ્ઞાનના પિતાના રૂપમાં ઓળખવામાં આવે છે.
- તેમણે વર્ષ 1931માં કલકત્તામાં ભારતીય આંકડાકીય સંસ્થા (Indian Statistical Institute-ISI)ની સ્થાપના કરી હતી.
- ISI દ્વારા કાર્લ પિયર્સનની બાયોમેટ્રિકાની પેટર્ન પર આંકડા પત્રિકાના પ્રકાશનનો આરંભ કર્યો હતો.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- વર્ષ 1959માં ISIને આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય અંતર્ગત એક સ્વાયત્ત સંસ્થા બનાવવામાં આવી હતી.
- તેમણે કેન્દ્રીય આંકડા સંગઠન, નેશનલ સેમ્પલ સર્વે અને ઉદ્યોગોના વાર્ષિક સર્વેની સ્થાપનામાં પણ મદદ કરી હતી.
- 1936માં તેમણે મહાલનોબિસ ડિસ્ટન્સ નામની એક આંકડાકીય પદ્ધતિ પ્રસ્તુત કરી ક્લસ્ટર વિશ્લેષણ અને વર્ગીકરણ તકનીકમાં તેનો વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવે છે.
- મહાલનોબિસ મોડલ પર બીજી પંચવર્ષીય યોજના આધારિત હતી જેણે ભારતમાં ઔદ્યોગિકરણની ગતિને વેગ આપવા માટે સેવા આપી હતી.

## પ્રથમ ઓનલાઈન BSc ડિગ્રી

- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી–મદ્રાસ (IIT-મદ્રાસ) દ્વારા પ્રોગ્રામિંગ અને ડેટા સાયન્સમાં વિશ્વની પ્રથમ BSc ડિગ્રી લોન્ચ કરવામાં આવી છે.
- આ ઓનલાઈન અભ્યાસ એ 30 જૂન, 2020ના રોજ કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી દ્વારા એક વર્ચ્યુઅલ ઈવેન્ટના માધ્યમથી શરૂ કરવામાં આવ્યો હતો.

### ઓનલાઈન કોર્સ વિશે

- આ અભ્યાસક્રમ 3 અલગ–અલગ ચરણોમાં ઉપલબ્ધ થશે.
- સૌ પ્રથમ ફાઉન્ડેશન પ્રોગ્રામના સફળ સમાપન પછી છાત્રને એક પ્રમાણપત્ર પ્રાપ્ત થશે. ત્યારબાદ બીજો ડિપ્લોમા પ્રોગ્રામ અને ત્રીજો ડિગ્રી પ્રોગ્રામ શરૂ થશે.
- આ અભ્યાસક્રમમાં શામેલ થવા માટે એક છાત્ર એ ક્વાલીફાયર પરીક્ષામાં હાજર થવુ પડશે, જેના માટે તેમણે એક ફોર્મ ભરવુ પડશે અને રૂ. 3000ની ચૂકવણી ક્વાલીફાયર પરીક્ષા માટે કરવી પડશે.
- ક્વોલીફાયર પરીક્ષા અંતર્ગત 4 વિષયો–ગણિત, આંકડાશાસ્ત્ર, અંગ્રેજી અને કમ્પ્યુટેશનલ થિંકિંગનો સમાવેશ કરવામાં આવશે.
- જે છાત્રો ક્વાલીફાયર પરીક્ષામાં 50% થી વધુ અંક પ્રાપ્ત કરશે તેઓ જ ફાઉન્ડેશન કોર્સ માટે યોગ્ય ગણાશે.

## પ્રોજેક્ટ પ્લેટિના

- વિશ્વની સૌથી મોટી કોન્વેલ્સેંટ પ્લાઝમા થેરેપી પરીક્ષણ પરિયોજના એ મહારાષ્ટ્ર સરકાર દ્વારા 29 જૂન, 2020ના રોજ લોન્ચ કરવામાં આવી હતી.
- તેનું નામ એ ''પ્રોજેક્ટ પ્લેટિના'' રાખવામાં આવ્યું છે.
- આ પ્રોજેક્ટ માટે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે મહારાષ્ટ્ર સરકારને 21 COVID-19 હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓને પ્લાઝમા થેરેપીનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે.

### પ્રોજેક્ટ પ્લેટિનાની અન્ય બાબતો

- COVID-19 પોઝિટીવ દર્દીઓ માટે એક નિશ્ચિત ઉપચાર કે દવાઓના અભાવમાં કોન્વેલ્સેંટ પ્લાઝમા થેરેપીએ દુનિયાભરમાં રોગીઓ પર ઉત્સાહજનક પરીણામો દર્શાવ્યા છે.
- મહારાષ્ટ્ર COVID-19 મહામારી દ્વારા ભારતમાં સૌથી વધુ પ્રભાવિત રાજ્ય રહયું છે, પ્રોજેક્ટ પ્લેટિના અંતર્ગત કોન્વેલ્સેંટ પ્લાઝમા થેરેપીના ઉપયોગથી ડેટા એકત્રિત કરવામાં મદદ મળશે.
- યોજના અંતર્ગત પ્લાઝમા થેરેપીના પરીક્ષણોનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ઉઠાવવામાં આવશે. મુખ્યમંત્રી રાહત કોષમાંથી આ યોજના માટે રૂ. 16.85 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.
- સરકાર દ્વારા સંચાલિત 21 COVID-19 હોસ્પિટલોમાં બધા જ ગંભીર રોગીઓને 200 મિલી.ની માત્રામાં કોન્વેલ્સેંટ પ્લાઝમાં આપવામાં આવશે.

## વિશ્વ બેંક સમૂહ સાથે તમિલનાડુની યોજના માટેના કરાર પર હસ્તાક્ષર

- 29 જૂન, 2020ના રોજ ભારત સરકાર અને વિશ્વ બેંક સમૂહે તમિલનાડુમાં શહેરી ગરીબોને સસ્તા ઘર આપવા માટેના એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે.
- આ કરાર અંતર્ગત બે કાર્યક્રમો/પ્રોજેક્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- બંને પ્રોજેક્ટ માટે ઋણ એ વિશ્વ બેંક સમૂહની ઋણ શાખા ડેવલપમેન્ટ'' (IBRD) દ્વારા આપવામાં આવશે.
- આ ઋણનો સમયગાળો એ 20 વર્ષ માટેનો રહેશે.

### તમિલનાડુની મુખ્ય બે યોજનાઓ

(i) તમિલનાડુ આવાસ ક્ષેત્રનું સુદઢીકરણ કાર્યક્રમ :–

- આ કરાર અનુસાર, આ કાર્યક્રમ અંતર્ગત 200 મિલિયન ડોલરના ઋણને સ્વીકૃત કરવામાં આવેલ છે.
- આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ઓછી આવક ધરાવતા પરિવારો માટે સસ્તા ઘરો વધારવા રાજ્યમાં સરકાર દ્વારા કરવામાં આવતા પ્રયાસોનું સમર્થન કરવાનું છે.

(ii) તમિનાડુ આવાસ અને આવાસ વિકાસ પ્રોજેક્ટ :–

- આ પ્રોજેક્ટ કરાર અનુસાર 50 મિલિયન ડોલરના ઋણ કરારને મંજૂરી આપવામાં આવી છે.
- આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય રાજ્યમા આવાસ ક્ષેત્રની નીતિઓ, નિયમન અને સંસ્થાઓને મજબૂત કરવાનો છે.

## લઝારસ ચકવેરા મલાવીના નવા રાષ્ટ્રપતિ બન્યા

- 23 જૂન, 2020ના રોજ મલાવીમાં રાષ્ટ્રપતિની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ ચૂંટણીના પરિણામો બાદ લઝારસ ચકવેરાને મલાવીના નવા રાષ્ટ્રપતિના રૂપમાં પસંદ કરવામાં આવ્યા હતા. તેમણે કુલ કાયદેસર મતમાંથી 59.34% મતો પ્રાપ્ત થયા હતા.
- વર્ષ 2019ની રાષ્ટ્રપતિ ચૂંટણીના કુલ વિજેતા પીટર મુથારિકાને 2020ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં કુલ કાયદેસર મતના 39.92% મત મળ્યા છે.
- વર્ષ 2019ની ચૂંટણીને ન્યાયાલય દ્વારા વોટથી છેડછાડના આધારે રદ કરવામાં આવી હતી આથી વર્ષ 2020માં ફરીથી ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## વિની મહાજન પંજાબની પ્રથમ મહિલા મુખ્ય સચિવ

- વર્ષ 1987 IAS બેચના અધિકારી વિની મહાજન એ પંજાબના પ્રથમ મુખ્ય સચિવ બન્યા છે.
- તેઓ કરન અવતાર સિંહનું સ્થાન લેશે જેમણે શાસન સુધારા માટે વિશેષ મુખ્ય સચિવનો પદભાર સંભાળ્યો હતો.

## નાસાના મુખ્યાલય ભવનનું નામ 'મૈરી ડબલ્યુ જેક્સનના નામ પર રાખવામાં આવ્યું

- નાસા (NASA)એ પોતાની પ્રથમ આફ્રિકી અમેરિકી મહિલા એન્જિનિયર મૈરી ડબલ્યુ જેક્સનના નામ પર પોતાના મુખ્યાલયનું નામ રાખ્યું છે.
- મેરી જેક્સનની સફળતાની ગાથા 2016માં તેમની બાયોગ્રાફી ''હિડન ફિગર્સ''માં દેખાઈ હતી.
- વોશિંગ્ટન ડીસીમાં નાસાના મુખ્યાલયની બહારના માર્ગને 2019માં હિડન ફિગર્સ વેના નામ પર રાખવામાં આવ્યું હતું.

### મૈરી ડબલ્યુ જૈક્સન વિશે

- એરોનોટિક્સ માટે રાષ્ટ્રીય સલાહકાર સમિતિએ વર્ષ 1951માં મૈરી ડબલ્યુ જેક્સનની નિયુક્તિ કરી હતી.
- આ સમિતિને વર્ષ 1958માં નાસા દ્વારા સ્થાપવામાં આવી હતી.
- મૈરી ડબલ્યુ જૈક્સને નાસાના લૈંગલી રિસર્ચ સૈન્ટરમાં એક ગણિતના શોધકારના રૂપમાં પોતાના કરિયરની શરૂઆત કરી હતી. ત્યારબાદ નાસામાં પ્રથમ આફ્રિકી અમેરિકી મહિલા એન્જિનિયર તરીકેનું પદ મળ્યું હતું.

## મુખ્યમંત્રી માતૃ પુષ્ટિ ઉપહાર યોજના

- ત્રિપુરાની રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં મુખ્યમંત્રી માતૃ પુષ્ટિ ઉપહાર યોજના નામની એક નવી યોજના શરૂ કરવામાં આવી છે.

### યોજનાનો ઉદ્દેશ્ય

- રાજ્ય સરકાર દ્વારા યોજનાનો ઉદ્દેશ્ય રાજ્યમાં શિશુ અને માતૃ મૃત્યુ દરને ઓછો કરવાનો છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- યોજના દ્વારા ગર્ભવતી અને સ્તનપાન કરાવતી મહિલાઓને પોષણ કિટ આપી શિશુ અને માતૃ મૃત્યુ દર અને કુપોષણનો મુકાબલો કરવામાં આવશે.

### મુખ્યમંત્રી માતૃ પુષ્ટિ યોજનાની મુખ્ય બાબતો

- રાજ્યના પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રોમાં ગર્ભવતી મહિલાઓ સમય–સમય પર તપાસ કરાવતી હોય છે. તપાસ બાદ તેમને પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રોથી પોષણ કીટ આપવામાં આવશે.
- કીટમાં ખાદ્ય પદાર્થ અને કરિયાણાની આપૂર્તિથી જોડાયેલ ગોળ, ઘી, સોયાબીન, મિશ્રિત દાળ વગેરેનો સમાવેશ કરવામાં આવશે.
- પ્રત્યેક પોષણ કીટની કિંમત રાજ્ય સરકારને રૂ. 500 થશે અને યોજનાના માધ્યમથી રાજ્યમાં દર વર્ષે ઓછામાં ઓછી 40000 મહિલાઓને લાભ આપવામાં આવશે.

## હરિતા હરમ કાર્યક્રમ

- હરિતા હરમ એ તેલંગાણા રાજ્યનો વૃક્ષારોપણ કાર્યક્રમ છે.
- તાજેતરમાં તેલંગાણાના મુખ્યમંત્રી દ્વારા આ કાર્યક્રમના છઠ્ઠા ચરણનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

### હરિતા હરમ કાર્યક્રમની મુખ્ય બાબતો :

- હરિતા હરમ કાર્યક્રમના છઠ્ઠા ચરણ અંતર્ગત રાજ્યમાં 30 કરોડ છોડ લગાવવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.
- મેદક જિલ્લામાં 30 કરોડમાંથી 50 લાખ છોડ લગાવવામાં આવશે.
- રાજ્યમાં મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કાર્યક્રમથી રોજગાર પેદા કરવામાં આવશે.

## પ્લેસબો

- પ્લેસબો એક એવો પદાર્થ છે જે દવાઓ સમાન છે પરંતુ તેમાં સક્રિય દવા હોતી નથી.
- એક પ્લેસબો વાસ્તવમાં એક વાસ્તવિક દવાની રીતે દેખાય છે પરંતુ તે એક નિષ્ક્રિય પદાર્થ (સ્ટાર્ચ અને ખાંડ)થી બનેલ હોય છે.

### પ્લેસબોનો પ્રભાવ :

- કોઈ વખત રોગીમાં પ્લેસબોના કારણે એક સકારાત્મક અને નકારાત્મક પ્રતિક્રિયા હોય શકે છે. દા.ત. રોગીના લક્ષણોમાં સુધાર થઈ શકે છે અથવા રોગીમાં ઉપચારથી પ્રતિકૂળ પ્રભાવ પણ દેખાય શકે છે. આ પ્રભાવને ''પ્લેસબો પ્રભાવ''ના રૂપમાં ઓળખવામાં આવે છે.
- અમુક સ્થિતિઓ એવી હોય છે જેમાં પ્લેસબો સકારાત્મક પરિણામ ઉત્પન્ન કરી શકે છે જ્યારે વ્યક્તિને ખ્યાલ પણ નથી હોતો કે આ વાસ્તવિક દવાના સ્થાન પર એક પ્લેસબો લઈ રહયો છે.
- વિભિન્ન અભ્યાસોથી ખ્યાલ આવે છે કે પ્લેટસબો માનવીની વિભિન્ન સ્થીતઓ જેમકે ડિપ્રેશન, દર્દ, નીંદર સંબંધિત વિકાર, સંવેદનશીલ આંતરડા રોગ, મેનોપોઝ વગેરે પર સકારાત્મક પ્રભાવ પાડી શકે છે.

## મોબાઈલ આઈ-લેબ

- તાજેતરમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીએ COVID-19ના પરીક્ષણની સુવિધા પ્રત્યેક વ્યકિત સુધી પહોંચાડવા ભારતની પ્રથમ મોબાઈલ આઈ–લેબ લોન્ચ કરી છે.

### મોબાઈલ આઈ-લેબની મુખ્ય બાબતો :

- આ એક ચેપી રોગ નિદાન પ્રયોગશાળા છે જે દેશના દૂરસ્થ, આંતરિક અને દુર્ગમ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવશે.
- આ લેબની ક્ષમતા કેન્દ્રીય સરકારી સ્વાસ્થ્ય યોજનાના દરો પર પ્રતિદિન 25 COVID-19 RT-PCR પરીક્ષણ, 300 એલિસા પરીક્ષણ અને આ ઉપરાંત ટી.બી. અને HIV પરીક્ષણની છે.
- ચેપી રોગ નિદાન પ્રયોગશાળાને COVID આદેશ વ્યૂહરચના હેઠળ કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા સમર્પિત છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT